RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ આસો વદ -૯ | મંગળવાર તા.૦૩-૧૧-૨૦૨૬ | અંક : ૧૧૩ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

અરબ સાગરમાં નેવીનું શૌર્ય

ચાંચિયાઓના કબજામાંથી ૨૦ ક્રૂ મેમ્બર્સ સાથે જહાજ બચાવ્યું

અરબ સાગરમાં નેવીનુંઅત્યંત સાહસિક રેસ્ક્યૂ ઓપરેશન, INS કોલકાતા અને એરફોર્સની મોટી ભૂમિકા, ચાંચિયાઓ પાસેથી હથિયારોનો મોટો જથ્થો પણ જપ્ત કર્યો, સંરક્ષણમંત્રી રાજનાથે કરી સરાહના

નવીદિલ્હી,

ભારતીય નેવી અને આર્મી વચ્ચેના અદ્ભુત સમન્વયથી અરબ સાગરમાં એક અત્યંત સાહસિક રેસ્ક્યૂ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. મુંબઈથી ૩૦૦૦ કિલોમીટરથી વધુ દૂર સમુદ્રમાં ભારે હથિયારોથી સજ્જ સમુદ્રી ચાંચિયાઓએ 'અજિની' નામની એક માછલી પકડવાના જહાજ અને તેના ૨૦ ક્રૂ મેમ્બર્સને બંધક બનાવી લીધા હતા. નેવીએ ૪૮ કલાક સુધી સતત ચાલેલા આ ઓપરેશન બાદ જહાજ અને તમામ ૨૦ લોકોને સુરક્ષિત મુક્ત કરાવી લીધા છે.



આ સમગ્ર અભિયાનમાં ભારતીય એરફોર્સ તરફથી સમયસર મળેલી ચોક્કસ લોકેશન ઈનપુટ મદદરૂપ સાબિત થઈ હતી. આ માહિતીના આધારે નેવીના શક્તિશાળી વિધ્વંસક યુદ્ધજહાજ INS કોલકાતાએ સ્થળ પર પહોંચીને ચાંચિયાઓને ઘેરી લીધા હતા. નેવીના કમાન્ડોએ જહાજ પર પહોંચીને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો અને ચાંચિયાઓ પાસેથી હથિયારોનો મોટો જથ્થો પણ જપ્ત કર્યો હતો.

આ સફળ કામગીરી બાદ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર આ ઓપરેશનની તસવીરો શેર કરતા નેવીના શૌર્ય અને તૈયારીઓની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે આપણા બહાદુર જવાનોએ ફરી એકવાર સાબિત કર્યું છે કે ભારત પાસે સમુદ્રી સુરક્ષા જાળવવાની, લોકોના જીવ બચાવવાની અને સમગ્ર હિંદ મહાસાગર ક્ષેત્રમાં સ્થિરતા સુનિશ્ચિત કરવાની સંપૂર્ણ ક્ષમતા અને દ્રઢ સંકલ્પ છે.

આ અગાઉ માર્ચ ૨૦૨૪માં પણ INS કોલકાતાએ ભારતીય કિનારેથી લગભગ ૨૬૦૦ કિલોમીટર દૂર 'સ્ફ રુએન' જહાજને ચાંચિયાઓથી મુક્ત કરાવ્યું હતું, પરંતુ આ વખતનું ઓપરેશન તેના કરતા પણ વધુ અંતરે પાર પાડવામાં આવ્યું છે. દરિયાઈ લૂંટ અટકાવવા માટે ભારતીય નેવીએ ૧૦થી વધુ યુદ્ધજહાજો તૈનાત કર્યા છે, જે અરબ સાગર, અદનનો અખાત અને આફ્રિકાના પૂર્વીય તટ પર સતત પેટ્રોલિંગ કરીને આંતરરાષ્ટ્રીય વેપારી માર્ગોની સુરક્ષા સુનિશ્ચિત કરી રહ્યા છે.

મણિપુરમાં બે કુકી યુવકોની હત્યા બાદ ફરી ભડકો: બંધ વધુ ૪૮ કલાક સુધી લંબાવાયો

ઈમ્ફાલ,

મણિપુરમાં હિંસાની ઘટનાઓ વચ્ચે બે કુકી યુવકોની હત્યા બાદ ફરી તણાવની સ્થિતિ સર્જાઈ છે. કાંગપોકપી જિલ્લામાં હત્યાના વિરોધમાં કુકી સંગઠન કમિટી ઓન ટ્રાઈબલ યુનિટી (COTU)એ બંધને વધુ ૪૮ કલાક લંબાવવાની જાહેરાત કરી છે. અગાઉ સંગઠને રવિવારથી ૨૪ કલાકના બંધનું એલાન આપ્યું હતું.

ગત સપ્તાહે તાફોઉ કુકી ગામમાંથી ગુમ થયેલા ટી. ચોંગલોઈ (૨૧) અને પાઓગિનલાલ હેંગશિંગ (૨૦)ના મૃતદેહ રવિવારે સવારે પડોશી સેનાપતિ જિલ્લાના પહાડી વિસ્તારમાંથી મળી આવ્યા હતા. ૨૯ ઓક્ટોબરે ગુમ થયેલા બંને યુવકોના મૃતદેહ કેળાના બગીચામાં બોરીઓમાં ભરેલી હાલતમાં મળી આવ્યા હતા. બંનેની હત્યાના વિરોધમાં કાંગપોકપીના વિવિધ વિસ્તારોમાં પ્રદર્શનો યોજાયાં હતાં. પ્રદર્શનકારીઓએ રસ્તાઓ પર ટાયર સળગાવી અવરોધો ઊભા કર્યા હતા. સોમવારે પ્રદર્શનકારીઓ અને સુરક્ષાદળો વચ્ચે અથડામણ થતાં પોલીસે ટિયર ગેસના શેલ છોડ્યા હતા અને લાઠીચાર્જ કર્યો હતો. પ્રદર્શનકારીઓએ પણ પથ્થરમારો કર્યો હતો. આ દરમિયાન એક પ્રદર્શનકારીને માથામાં ઈજા પહોંચી હતી.ઘટનાને પગલે વિસ્તારમાં વધારાનાં સુરક્ષાદળો તહેનાત કરાયાં છે. તણાવ યથાવત્ રહેતાં મણિપુરમાં સુરક્ષા વ્યવસ્થાને લઈને ફરી ચિંતા વધી છે.

ટ્રમ્પના શાંતિના સંકેતો વચ્ચે ઈરાનના કેશમ ટાપુ ઉપર અમેરિકાનો ગુપ્ત હવાઈ હુમલો

'ઈરાન સાથે સમાધાન શક્ય છે'ના નિવેદનના ગણતરીના કલાકોમાં જ હુમલાના અહેવાલ

તહેરાન,

મિડલ ઈસ્ટમાં અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ફરી વધી રહ્યો હોવાના અહેવાલો સામે આવ્યા છે. એક તરફ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે સમાધાનની સંભાવના વ્યક્ત કરી છે, તો બીજી તરફ અમેરિકાએ ઈરાનના વ્યૂહાત્મક કેશમ ટાપુ પર મર્યાદિત હવાઈ હુમલો કર્યો હોવાનો દાવો થયો છે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે ઈરાન ઝડપથી સમાધાન કરવા ઈચ્છે છે અને બંને દેશો વચ્ચે મોટી ડીલ શક્ય છે. તેમણે ક્રૂડ ઓઈલના ભાવમાં પ્રતિ બેરલ આશરે ૧૦ ડોલરના ઘટાડાનો પણ ઉલ્લેખ કર્યો હતો. ચૂંટણી બાદ ઈરાન પર નવા હુમલાની શક્યતા અંગે પૂછતાં ટ્રમ્પે ઈનકાર કર્યો હતો.

જોકે, 'ધ વોલ સ્ટ્રીટ જર્નલ'ના અહેવાલ મુજબ, અમેરિકાએ હોર્મુઝની સામુદ્રધુનીમાં આવેલા કેશમ ટાપુ પર ગુપ્ત રીતે મર્યાદિત હુમલો કર્યો હતો. ઈરાની સરકારી સમાચાર એજન્સી ઈદ્રછએ પણ ટાપુ પર શ્રેણીબદ્ધ ધડાકા થયાની માહિતી આપી હતી. દરમિયાન, ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે અમેરિકાનું MQM-170 રિકોનિસન્સ અને ડેકોય ડ્રોન કબજે કર્યાનો દાવો કર્યો છે. આ સાથે કબજે કરાયેલા આવા ડ્રોનની સંખ્યા ચાર થઈ હોવાનું ઈરાને જણાવ્યું છે. રાજદ્વારી નિવેદનો અને લશ્કરી ગતિવિધિઓ વચ્ચે બંને દેશો વચ્ચેનો તણાવ ફરી ચર્ચામાં આવ્યો છે.

આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે 'મુરાસુ' ચક્રવાતે મચાવ્યો કહેર

૧૨૦ કિ.મી.ની ઝડપે પવન, ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત, ૩૨ ટ્રેનો અને ૧૧ ફ્લાઈટ્સ રદ; આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં ઓરેન્જ એલર્ટ

અમરાવતી,

બંગાળની ખાડીમાં સર્જાયેલું ગંભીર ચક્રવાતી તોફાન 'મુરાસુ' આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે ત્રાટકતાં ભારે તારાજીની સ્થિતિ સર્જાઈ છે. વાવાઝોડાના કારણે ૧૦૦થી ૧૧૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો, જેનાં ઝાપટાં ૧૨૦ કિ.મી. સુધી પહોંચ્યાં હતાં. આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં મુશળધાર વરસાદથી જનજીવન ખોરવાયું છે.



હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, મંગળવારે વહેલી સવારે ૩:૩૦થી ૫:૩૦ દરમિયાન નેલ્લોર અને નરસપુર વચ્ચે ઓંગોલ નજીક લેન્ડફોલની પ્રક્રિયા શરૂ થઈ હતી. દરિયામાં ઊંચાં મોજાં ઉછળતાં કેટલીક બોટ ફસાઈ હતી. જોકે તેમાં સવાર લોકોને સુરક્ષિત બચાવી લેવાયા છે. માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે.

ચક્રવાતની અસરથી દક્ષિણ મધ્ય રેલવે અને પૂર્વ તટ રેલવેની આશરે ૩૨ ટ્રેનો રદ કરવામાં આવી છે. જ્યારે ચેન્નાઈ એરપોર્ટ પરથી ૧૧ ફ્લાઈટ્સ રદ થઈ છે. અન્ય એરપોર્ટ પર પણ વિમાની સેવાઓ ખોરવાઈ છે. ભારે વરસાદ અને ભૂસ્ખલનના જોખમને પગલે ૩થી ૫ નવેમ્બર દરમિયાન ઘાટ વિસ્તારોમાં મુસાફરી ટાળવા ચેતવણી અપાઈ છે. તેલંગાણાના ખમ્મમ, નલગોંડા, સૂર્યાપેટ સહિતના જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. બીજી તરફ, આંધ્ર પ્રદેશમાં અગાઉના 'અર્નબ' ચક્રવાતના નુકસાનમાંથી ખેડૂતો હજુ બહાર આવ્યા નથી, ત્યાં મુરાસુના કારણે ડાંગર, કપાસ, મગફળી અને શેરડી સહિતના પાકોને નુકસાનની ભીતિ વધી છે.

દિવાળીએ વતન જવું મોંઘુ પડશે: ખાનગી ટ્રાવેલ્સે ભાડામાં ઝીંક્યો તોતિંગ વધારો, મુસાફરોની લૂંટ

અમદાવાદથી રાજકોટનું સ્લીપર બસનું ભાડું. ૪૦૦-૫૦૦થી વધીને રૂ.૧૨૦૦ને પાર

અમદાવાદ,

દિવાળીના તહેવાર પર સુરત અને અમદાવાદથી સૌરાષ્ટ્ર તરફ જતા મુસાફરો જો ખાનગી ટ્રાવેલ્સમાં મુસાફરી કરે તો ભાડાના જ હજારો રૂપિયા ચૂકવવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. મુસાફરોનો ધસારો જોતા ખાનગી ટ્રાવેલ્સ સંચાલકોએ તકનો લાભ લઈ મુસાફરોને ખંખેરવાની શરૂઆત કરી દીધી છે. અમદાવાદથી રાજકોટ જવા માટે સામાન્ય દિવસોમાં સ્લીપર બસનું ૪૦૦થી ૫૦૦ રૂપિયા ભાડું હોય છે તે હાલ ૧૨૦૦ને પાર કરી ગયું છે. જ્યારે સુરતથી તો સૌરાષ્ટ્રના



ગમે તે જિલ્લામાં જાવ ૧૫૦૦ રૂપિયા ભાડું નક્કી કરી દેવાયું છે. એટલે કે જો ચાર લોકોનો પરિવાર વતનમાં દિવાળી કરવા જાય તો તેને રિટર્ન ભાડાના જ ૧૦ થી ૧૨ હજાર રૂપિયાની વ્યવસ્થા કરવી પડે તેમ છે. ખાનગી ટ્રાવેલ્સ સંચાલકોએ તો ત્યાં સુધી કહ્યું કે, હજી જેમ જેમ દિવાળી નજીક આવશે અને બુકીંગ વધશે તો ભાડા ૨૦૦૦ થી ૨૫૦૦ સુધી પણ પહોંચી શકે.

અમદાવાદ શહેરમાં અલગ અલગ જિલ્લાઓમાંથી આવેલા અનેક લોકો વસવાટ કરે છે. જે નોકરી, વ્યવસાય અને અભ્યાસ માટે આવી અમદાવાદને કર્મભૂમિ બનાવી દીધી છે. તેવા લોકો તમામ તહેવાર અમદાવાદમાં જ મનાવતા હોય છે. પરંતુ દિવાળી એ એક માત્ર એવો તહેવાર છે કે જે પરિવાર સાથે મનાવવા વતન જતા હોય છે. હવે દિવાળીને માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે મોટાભાગના લોકો વતન જવા માટે બસનું બુકિંગ કરાવી રહ્યા છે.

નેપાળમાં લેન્ડિંગ દરમિયાન હવામાંજ બે હેલિકોપ્ટર ટકરાયા ભારતીય ટૂરિસ્ટનું મોત

ન્યૂઝીલેન્ડનો ભારતીય મૂળનો નાગરિક ઘાયલ; બંને પાઈલટ પણ ઈજાગ્રસ્ત

કાઠમંડુ,

નેપાળના એવરેસ્ટ વિસ્તારમાં મંગળવારે સવારે લેન્ડિંગ દરમિયાન બે હેલિકોપ્ટર એકબીજા સાથે અથડાઈ ગયા. દુર્ઘટનામાં એક ભારતીય પ્રવાસીનું મોત થયું, જ્યારે ન્યૂઝીલેન્ડનો ભારતીય મૂળનો એક નાગરિક ઘાયલ થયો. બંને હેલિકોપ્ટરના પાયલટ પણ ઈજાગ્રસ્ત થયા છે. દુર્ઘટના સવારે ૮ વાગીને ૧૧ મિનિટે સોલુખુમ્બુ જિલ્લાના ફેરીચે હેલિપેડ પર થઈ. અહીં ફિશટેલ એર અને એર ડાયનેસ્ટીના હેલિકોપ્ટર ઉતરવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે બંને એકબીજા સાથે અથડાઈ ગયા.

ફિશટેલ એર અને એર ડાયનેસ્ટીના



હેલિકોપ્ટર ઉતરવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે બંને એકબીજા સાથે અથડાઈ ગયા હતા.સોલુખુમ્બુ જિલ્લા પોલીસ કાર્યાલયના પોલીસ ઈન્સ્પેક્ટર મૌસમ તામાંગના જણાવ્યા મુજબ, ફિશટેલ એરનાં હેલિકોપ્ટરમાં સવાર ભારતીય પર્યટક વસંત કુમાર બાલારામારામાડુનું મોત થયું છે. આ જ હેલિકોપ્ટરમાં સવાર ન્યૂઝીલેન્ડના નાગરિક શૈલેશ કૃષ્ણ પટેલ ઘાયલ થયા છે. તેઓ ભારતીય મૂળના છે.ઘાયલ શૈલેશને પ્રભુ હેલિકોપ્ટરની મદદથી બચાવીને કાઠમંડુની મેડિસિટી હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યા છે. બંને હેલિકોપ્ટરના પાઈલટ્સને પણ સારવાર માટે કાઠમંડુ લઈ જવામાં આવ્યા છે. બીજી તરફ, મૃતક ભારતીય પર્યટકનો મૃતદેહ લુકલા સ્થિત હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યો છે.આ અકસ્માત ખુમ્બુ પાસાંગ લ્હામુ ગ્રામીણ નગરપાલિકાના વોર્ડ નંબર ૪માં થયો હતો. ફેરીચે એવરેસ્ટ વિસ્તારમાં આવેલું છે અને અહીં આવવા-જવા માટે હેલિકોપ્ટર સેવાઓનો ઉપયોગ કરવામાં આવે છે.

અમરેલીના ગુંદરણની સીમમાં ખૌફનાક ડબલ મર્ડર: તુફાન ગાડીમાં સૂતેલા બે મજૂરોને જીવતા સળગાવ્યા

૧૬ વર્ષના કિશોર સહિત મધ્યપ્રદેશના બે યુવકોનાં અડધા સળગેલા મૃતદેહ મળ્યા; પૈસાની લેતીદેતીમાં હત્યાની આશંકા

અમરેલી,

અમરેલી જિલ્લામાં ગુનાખોરીની દુનિયાને હચમચાવી નાખે તેવી એક અત્યંત ગંભીર અને ચોંકાવનારી ડબલ મર્ડરની ઘટના લીલીયા તાલુકાના ગુંદરણ ગામની સીમમાં સામે આવતાં સમગ્ર પંથકમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ખેતરમાં પાર્ક કરેલી એક તુફાન ગાડીમાં ઉંઘી રહેલા બે પરપ્રાંતિય મજૂરોને ગાડીને કોઈ અજાણ્યા શખસોએ બહારથી આગ ચાંપી જીવતા સળગાવી દેવામાં આવ્યા હોવાની પ્રાથમિક વિગતો સામે આવી છે.

આજે વહેલી સવારે ગાડી સળગેલી હાલતમાં મળી આવતાં તપાસ દરમિયાન અંદરથી એક સગીર સહિત બે યુવકોના અડધા સળગેલા મૃતદેહ મળી આવ્યા હતા.આ હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર વિસ્તારમાં સનસનાટી ફેલાવી દીધી છે. આ બનાવમાં સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, લીલીયા



તસવીર- મિલાપ રૂપારેલ

તાલુકાના ગુંદરણ ગામની સીમમાં સુરેશ બચુભાઈ શિંગાળાની વાડીમાં તુફાન પેસેન્જર ગાડી પાર્ક કરવામાં આવી હતી. આ ગાડીમાં બે મજૂરો રાત્રિના સમયે ઊંઘી રહ્યા હતા. તે સમય દરમિયાન કોઈ અજાણ્યા શખસોએ ગાડીને બહારથી આગ ચાંપી દીધી હોવાની આશંકા છે. ગાડીમાં લાગેલી આગની લપેટમાં આવી અંદર ઊંઘી રહેલા બંને યુવકોને બહાર નીકળવાની તક પણ મળી ન હતી અને આગમાં ગંભીર રીતે દાઝી જતાં બંનેના કરુણ મોત નીપજ્યાં હતાં. આજે વહેલી સવારે વાડીમાં સળગેલી ગાડી અને તેની અંદર બે મૃતદેહો મળી આવતાં ઘટનાની જાણ લીલીયા પોલીસને કરવામાં આવી હતી.

બનાવની ગંભીરતાને પગલે લીલીયા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. સાથે મામલતદાર અને ફ્રજીન્ની ટીમે પણ સ્થળ પર પહોંચી પુરાવા એકત્રિત કરવાની કામગીરી હાથ ધરી હતી.ઘટનાસ્થળેથી મળેલા પુરાવા, મૃતકોની ઓળખ અને સંભવિત આર્થિક વ્યવહારો સહિતની કડીઓ જોડીને તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે. લીલીયા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં બંને મૃતકોની ઓળખ મધ્યપ્રદેશના વતની ૧૬ વર્ષીય રવિ કમલેશ બઘેલ અને ૨૧ વર્ષીય નીતિન રામસિંગ પચાયાનો સમાવેશ થાય છે. એક તરફ ૧૬ વર્ષના કિશોરનું મોત અને બીજી તરફ તેની સાથેના યુવકનું આ રીતે કરુણ મોત થતાં ઘટનાએ અનેક સવાલો ઊભા કર્યા છે.પોલીસની તપાસમાં હત્યા પાછળ પૈસાની લેતીદેતીનું કારણ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે હત્યા પાછળનું ચોક્કસ કારણ અને સમગ્ર ઘટનાનું રહસ્ય પોલીસ તપાસ બાદ જ બહાર આવશે.

નવી નિમણુંક મેળવી રહેલા શિક્ષકો વિકસિત ભારતનો સંકલ્પ સાકાર કરનારા અમૃતકાળના સાચા પ્રહરીઓ : મુખ્યમંત્રી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૮,૧૬૯ નવ નિયુક્ત વિદ્યાસહાયકોને ભલામણ પત્રો એનાયત કર્યા

ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગમાં નવી નિમણુંક મેળવનારા નવ નિયુક્ત વિદ્યાસહાયકોને વિકસિત ભારતનો સંકલ્પ સાકાર કરનારા અમૃતકાળના સાચા પ્રહરી ગણાવ્યા છે.



આ સંદર્ભમાં તેમણે કહ્યુ કે, રાજ્ય સેવામાં જોડાઈ રહેલા આ શિક્ષકો વિદ્યાર્થીઓનું એવું સંગીન ઘડતર કરે કે તેઓ વિકસિત ભારતના નિર્માણમાં સંપૂર્ણ સહયોગ આપી શકે. પ્રાથમિક શિક્ષણ વિભાગ હસ્તક પસંદગી પામેલા નવનિયુક્ત વિદ્યા સહાયકોનો અભિવાદન તથા ભલામણ પત્ર એનાયત કરવાનો ગૌરવપૂર્ણ સમારોહ અડાલજના ત્રિમંદિર ખાતે યોજાયો હતો. આ સમારોહમાં કેબિનેટ શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને શિક્ષણ રાજ્ય મંત્રી રીવાબા જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ૮,૦૦૦થી વધુ વિદ્યા સહાયકોની ભરતીમાંથી ૬,૦૦૦થી વધુ મહિલા ઉમેદવારો પસંદગી પામી છે, તે શિક્ષણ ક્ષેત્રે વધી રહેલા નારી શક્તિના દબદબાનું પ્રતીક છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં શરૂ કરાવેલો કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનો અભિગમ આજે વટવૃક્ષ બની ચૂક્યો છે, તેનું આજે પરિણામ જોવા મળી રહ્યું છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, પૂર્ણ પારદર્શિતાથી મહેનતુ ઉમેદવારોની પસંદગી કરી છે. ઉમેદવારોને પોતાની મહેનતના આધારે નોકરી મળી છે તે વાતનો આનંદ અને ગૌરવ વાલીઓ તથા પરિવારજનોની વિશાળ ઉપસ્થિતિમાં જોવા મળી રહ્યો છે. તેમણે શિક્ષણ વિભાગ આગામી સમયમાં વધુ ૧૦,૦૦૦ જેટલા શિક્ષકોની ભરતી કરવા માટેનું આયોજન કરી રહ્યો છે તેવો પણ સંકેત આપ્યો હતો.

શિક્ષકના પદનું ગૌરવ રેખાંકિત કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સમાજમાં શિક્ષકનું પદ અત્યંત આદરણીય છે. વ્યક્તિ ગમે તેટલો મોટો ડોક્ટર, એન્જિનિયર કે સાયન્ટિસ્ટ બની જાય, પરંતુ તે પોતાના શિક્ષક સામે નમે જ છે.

અમદાવાદમાં દિવાળી પર્વે ૧૧૦૦થી વધુ ફાયર કર્મી અને ૬૫થી વધુ એમ્બ્યુલન્સ રાઉન્ડ ધ ક્લોક સ્ટેન્ડબાય રહેશે

શહેરના ગીચ રહેણાક અને ફટાકડા બજારોમાં હંગામી પોઇન્ટ્સ ઊભા કરી રિસ્પોન્સ ટાઇમ ઘટાડવા ખાસ કવાયત હાથ ધરાઈ

અમદાવાદ,

દિવાળીના તહેવારો દરમિયાન આગ, અકસ્માત અને કાયદો-વ્યવસ્થાની કટોકટી સામે ત્વરિત કાર્યવાહી સુનિશ્ચિત કરવા અમદાવાદ ફાયર વિભાગ, ૧૦૮ ઇમરજન્સી સેવા અને શહેર પોલીસે સંયુક્ત એકશન પ્લાન અમલી બનાવ્યો છે. તહેવારો દરમિયાન ફટાકડા અને ભીડભાડને કારણે ઇમરજન્સી કોલ્સમાં સંભવિત વધારાને પહોંચી વળવા તમામ વિભાગોના સ્ટાફની રજાઓ મોકૂફ રાખી ૨૪ કલાક સઘન મોનિટરિંગ શરૂ કરાયું છે. શહેરના ગીચ રહેણાક અને ફટાકડા બજારોમાં હંગામી પોઇન્ટ્સ ઊભા કરી રિસ્પોન્સ ટાઇમ ઘટાડવા ખાસ કવાયત હાથ ધરાઈ છે.

અમદાવાદ ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસિસ દ્વારા તમામ ૧૮ ફાયર સ્ટેશનોને એલર્ટ મોડ પર મૂકવામાં આવ્યા છે. કાલુપુર, રિલિફ રોડ, લાલદરવાજા અને બાપુનગર જેવા સાંકડી શેરીઓ ધરાવતા કોમર્શિયલ વિસ્તારોમાં મોટા ફાયર ટેન્ડર પહોંચવામાં મુશ્કેલી ન પડે તે માટે વોટર મિસ્ટ ટેક્નોલોજીવાળી બાઇક અને ક્વિક રિસ્પોન્સ વ્હીકલ ગોઠવવામાં આવ્યા છે. એસ.જી. હાઇવે, સિંધુભવન અને એસ.પી. રિંગ રોડ પર આવેલા મોટા ફટાકડા સ્ટોલ્સ પાસે વોટર બ્રાઉઝર્સ તહેનાત રખાયા છે.નકશા જુઓ

દિવાળીના દિવસોમાં ટ્રાફિક અકસ્માત અને દાઝવાના કેસોમાં ૧૫થી ૨૦ ટકાનો ઉછાળો આવતો હોવાથી ૧૦૮ ઇમરજન્સી સેવાની તમામ એમ્બ્યુલન્સમાં પેઇન મેનેજમેન્ટ દવાઓ, ઓક્સિજન સિલિન્ડર્સ અને બર્ન ડ્રેસિંગ કિટ્સનો પૂરતો સ્ટોક રાખવામાં આવ્યો છે.

દાહોદના ચાકલિયામાં અંગ્રેજોના શાસનકાળની ઐતિહાસિક પોલીસ ચોકી ફરી કાર્યરત



દાહોદ,

સોમવારનો દિવસ દાહોદ માટે એક મહત્વનો અને યાદગાર દિવસ તરીકે સાબિત થયો છે કારણ કે, જીલ્લાના ચાકલિયામાં આવેલ અંગ્રેજોના શાસનકાળની ઐતિહાસિક પોલીસ ચોકી ફરી એકવાર કાર્યરત થઇ છે. લાંબા સમયથી જર્જરિત અવસ્થામાં હોવાના કારણે આ પોલીસ ચોકી બંધ પડી હતી. સરહદી વિસ્તારમાં આવેલી પોલીસ ચોકી કાર્યરત થતા પ૩ ગામોની સુરક્ષામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. આ પોલીસ ચોકીને 'ધૂધરદેવ મહાદેવ પોલીસ ચોકી ચાકલીયા' નામ આપવામાં આવ્યું છે. દાહોદ જિલ્લાના ચાકલિયા ખાતે આવેલી આ ઐતિહાસિક પોલીસ ચોકી અંગ્રેજોના શાશનકાળ દરમિયાન કાર્યરત હતી. જિલ્લા પોલીસ વડા રવિરાજસિંહ જાડેજાના હસ્તે હેરિટેજ પોલીસ ચોકીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

જમીનના વ્યવહારો અને કન્સ્ટ્રક્શન સ્કીમમાં મોટો નફો કમાવવાની લાલચ આપી ૫૮.૯૨ કરોડની છેતરપિંડી

અમદાવાદના બોડકદેવ વિસ્તારની ઘટનામાં ૩ શખ્સ સામે ગુનો દાખલ

અમદાવાદ,

અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં જમીનના વ્યવહારો અને કન્સ્ટ્રક્શન સ્કીમમાં મોટો નફો કમાવવાની લાલચ આપીને એક વેપારી સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી થયાનો મામલો સામે આવ્યો છે. જમીન ક્લિયરન્સનું કામ કરતા ત્રણ શખસો સામે કુલ ૫૮.૯૨ કરોડ રૂપિયાની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. આરોપીઓએ જમીનના વિવાદો ઉકેલી આપવાની ખાતરી આપી હતી. ત્યારબાદ જમીનના વેચાણના દસ્તાવેજો પોતાના નામે કરાવી લીધા અને નક્કી કરેલી રકમ ચૂકવ્યા વગર વેપારીને નવી કન્સ્ટ્રક્શન સ્કીમમાં મોટા નફાની લાલચ આપી હતી.

બોડકદેવમાં રહેતા અને જમીન તથા શેરબજારમાં રોકાણનું કામ કરતા ૪૨ વર્ષીય ચિંતનભાઈ રાજેન્દ્રભાઈ રામીએ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, ફેબ્રુઆરી ૨૦૨૨માં તેમનો સંપર્ક કન્સ્ટ્રક્શન અને જમીન ક્લિયરન્સનું કામ કરતા દીપક હીરપરા, હર્ષલ હીરપરા અને જિગ્નેશ હીરપરા સાથે થયો હતો.

ત્રણેય શખસોએ ફરિયાદીની જમીનો સાથે જોડાયેલા વિવાદો દૂર કરી આપવાની ખાતરી આપી હતી. આ પ્રક્રિયામાં થતા ખર્ચના નામે ફરિયાદીની જમીન રૂ.૪૦ કરોડના ઉચક ભાવે વેચાણ રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જોકે, જમીનના દસ્તાવેજો થયા બાદ આરોપીઓએ આશરે રૂ.૨૫ કરોડ જ ચૂકવ્યા હતા. બાકીના રૂ.૧૫ કરોડ જમીન ક્લિયરન્સના ખર્ચ અને રોકડ વ્યવહારોના બહાને પોતાની પાસે રાખી લીધા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. આ દરમિયાન ફરિયાદીની સહીઓવાળા વાઉચર પણ મેળવી લેવામાં આવ્યા હતા.ફરિયાદમાં વધુમાં જણાવ્યા પ્રમાણે, ઓક્ટોબર ૨૦૨૨ અને વર્ષ ૨૦૨૩ દરમિયાન આરોપીઓએ અન્ય પક્ષ હજાર ચોરસ વાર જમીન ક્લિયર કરાવવાની વાત કરી હતી. આ જમીનનો અડધો હિસ્સો વેચાણ રાખવાનો કરાર થયો હતો અને સમગ્ર જમીનની કિંમત રૂ.૧૨૦ કરોડ નક્કી કરવામાં આવી હતી.

આ સોદામાં ફરિયાદીના ભાગે આવતી રૂ.૬૦ કરોડની રકમમાંથી આરોપીઓએ માત્ર રૂ.૩૩ કરોડ ચૂકવ્યા હતા. જ્યારે બાકીના રૂ.૨૭ કરોડ ચૂકવવાના બાકી રાખ્યા હતા. આ ઉપરાંત અન્ય સર્વે નંબરોની જમીનના વેચાણ વ્યવહારોમાં પણ રૂ.૩૬.૮૪ કરોડમાંથી રૂ.૧૬.૯૨ કરોડની રકમ ચૂકવવામાં આવી ન હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.

અમદાવાદ ખાતે જનગણના ૨૦૨૭ માટે 'માસ્ટર ટ્રેનરો'ની તાલીમની અંતિમ બેચનો પ્રારંભ

અમદાવાદ,

જનગણના ૨૦૨૭ માટે 'માસ્ટર ટ્રેનરો'ની તાલીમના કાર્યક્રમની ત્રીજી અને અંતિમ બેચનો આજે અમદાવાદમાં સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (SPIPA) ખાતે પ્રારંભ થયો છે. આ એ વ્યાપક તાલીમ પહેલનો અંતિમ તબક્કો છે, જેનો ઉદ્દેશ્ય ગુજરાત રાજ્ય અને દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ (DNH&DD) સંઘ પ્રદેશના કુલ ૯૨ 'માસ્ટર ટ્રેનરો'ને જનગણના ૨૦૨૭ના બીજા તબક્કા માટે સજ્જ કરવાનો છે.

સમગ્ર તાલીમ કાર્યક્રમને ત્રણ બેચમાં વહેંચવામાં આવ્યો હતો, જેથી ઉચ્ચ ગુણવત્તાયુક્ત અને કેન્દ્રિત તાલીમ સુનિશ્ચિત કરી શકાય. ૨૭ થી ૩૦ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન યોજાયેલ પ્રથમ બે બેચની સફળ સમાપ્તિ બાદ, હવે અંતિમ બેચ માટે ૨ થી ૫ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન સઘન તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અગાઉ, જનગણના કાર્ય નિર્દેશાલય, ગુજરાતના નિયામક (Director of Census Ope®aions) શ્રી સુજલ જે. મયાત્રા એ ૪ દિવસીય તાલીમ મોડ્યુલનું અધિકૃત ઉદ્ઘાટન કર્યું હતું. પોતાના સંબોધનમાં, નિયામક શ્રીએ તાલીમ પ્રક્રિયામાં 'માસ્ટર ટ્રેનરો'ની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમનું નેતૃત્વ ફિલ્ડ ડેટા (ક્ષેત્રીય માહિતી)ની ગુણવત્તા પર સીધી અસર કરે છે.

વડોદરામાં દિવાળી વચ્ચે ગેસના ભાવમાં વધારો સીએનજી અને પાઇપલાઇન ગેસ મોંઘા થયા

વડોદરા,

વડોદરા સીએનજી પીએનજી ભાવવધારો લાગુ થતાં દિવાળીના તહેવારો વચ્ચે નાગરિકો પર વધુ એક બોજ પડ્યો છે. વડોદરા ગેસ લિમિટેડ એટલે કે વીજીએલ દ્વારા સીએનજી અને પાઇપલાઇન ગેસ એટલે કે પીએનજીના છૂટક ભાવમાં વધારો કરાયો છે. કંપનીનું કહેવું છે કે આંતરરાષ્ટ્રીય ગેસ ભાવ અને ડોલરના વિનિમય દરમાં વધારાને કારણે આ નિર્ણય લેવાયો છે.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગેલ ગેસ લિમિટેડના સંયુક્ત સાહસ વડોદરા ગેસ લિમિટેડ દ્વારા છૂટક ભાવમાં ફરી વધારો કરાયો છે. નવા ભાવનો અમલ ૧ નવેમ્બરથી થયો છે. સીએનજી ભાવમાં પ્રતિ કિલોગ્રામ રૂ. ૧.૫૦નો વધારો કરાયો છે. વડોદરા જિલ્લામાં અગાઉ રૂ. ૮૯ પ્રતિ કિલોગ્રામે મળતો સીએનજી હવે રૂ. ૯૦.૫૦ થયો છે.

પાઇપલાઇન ગેસ ભાવમાં પ્રતિ ઘનમીટર ૫૦ પૈસાનો વધારો થયો છે. અગાઉ રૂ. ૫૫.૭૪ પ્રતિ ઘનમીટરનો ભાવ હવે રૂ. ૫૬.૨૪ (વેટ સિવાય) થયો છે. આથી વાહનચાલકો ઉપરાંત રસોઈ માટે પાઇપલાઇન ગેસ વાપરતા પરિવારોના માસિક બજેટ પર પણ વધારાનો બોજ પડશે.

કંપનીએ ભાવવધારા પાછળ આંતરરાષ્ટ્રીય બજારમાં ગેસના ભાવ અને ડોલરના વિનિમય દરમાં થયેલા વધારાને કારણ ગણાવ્યું છે. કંપનીના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૫-૨૦૨૬ દરમિયાન આયાતી પ્રવાહી કુદરતી ગેસ (આરએલએનજી)ની લેન્ડેડ કિંમતમાં ૨૬ ટકા અને ઘરેલુ ગેસની કિંમતમાં ૧૯ ટકાનો વધારો થયો છે. અમેરિકી ડોલરના વિનિમય દરમાં ૮ ટકાનો વધારો થતાં ડોલર આધારિત ગેસની કિંમતમાં પણ વધારો થયો છે.

તાજેતરમાં અદાણી ગેસ દ્વારા પણ સીએનજીના ભાવમાં પ્રતિ કિલોગ્રામ રૂ. ૪.૪૫નો વધારો કરાયો હતો. આ દિવાળી મોંઘવારીમાં વાહનચાલકો, રિક્ષાચાલકો, મધ્યમ વર્ગના પરિવારો અને નાના વેપારીઓને વધુ એક ફટકો પડશે. વર્ષ ૨૦૨૧માં સીએનજીનો ભાવ પ્રતિ કિલોગ્રામ રૂ. ૫૩ હતો, જે હવે વધીને રૂ. ૯૦.૫૦ થયો છે. એટલે કે પાંચ વર્ષમાં પ્રતિ કિલોગ્રામ રૂ. ૩૭.૫૦નો વધારો થયો છે. વર્ષ ૨૦૨૨માં પાઇપલાઇન ગેસનો ભાવ પ્રતિ ઘનમીટર રૂ. ૩૫.૬૫ હતો, જે હવે રૂ. ૫૬.૨૪ થયો છે. આમ ચાર વર્ષમાં પ્રતિ ઘનમીટર રૂ. ૨૦.૫૯નો વધારો થયો છે.

અમદાવાદમાં દિવાળી પહેલા ક્રાઈમ બ્રાન્ચે ૬૧ ગેરકાયદે બાંગ્લાદેશી નાગરિકો ઝડપ્યા



અમદાવાદ,

આગામી દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને અમદાવાદ શહેરની સુરક્ષા વધુ સઘન બનાવવાના હેતુથી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એક મોટી કાર્યવાહી હાથ ધરી છે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા શહેરમાં ગેરકાયદે રીતે વસવાટ કરતા કુલ ૬૧ વિદેશી નાગરિકોની અટકાયત કરવામાં આવી છે, જેમાં મુખ્યત્વે બાંગ્લાદેશના વતનીઓનો સમાવેશ થાય છે.

અમદાવાદ શહેરના વિવિધ ઝોનમાં સઘન બાતમી અને ગુપ્ત માહિતી એકત્રિત કરીને પોલીસ દ્વારા દરોડા પાડીને આ વિશેષ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. શહેરમાં ગેરકાયદે રીતે રહેતા વિદેશી નાગરિકોની ઓળખ માટે ચેકિંગ અને તેમની સામેની કાયદેસરની કાર્યવાહી આગામી દિવસોમાં પણ અવિરત ચાલુ રહેશે.

સુરતમાં મોબાઈલ ફેંકી દેવાની વાતે પુત્રએ કૂકરના ઢાંકણા અને છરીથી પિતાની કરી હત્યા

સુરત,

શહેરના અમરોલી વિસ્તારમાં આવેલા કોસાડ આવાસમાં પારિવારિક સંબંધોને શર્મસાર કરતી હત્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ઘરમાં કામ બાબતે પિતા અને પુત્રી વચ્ચે થયેલી સામાન્ય બોલાચાલી ઉગ્ર બની હતી. પિતાએ પુત્રીનો મોબાઈલ ફોન ગુસ્સામાં ફેંકી દેતાં ઉશ્કેરાયેલી પુત્રીએ કૂકરના ઢાંકણા અને છરી વડે પિતા પર હુમલો કર્યો હતો. ગુસ્સામાં આવેલી ૨૨ વર્ષીય પુત્રીએ પોતાના જ પિતાની હત્યા કરી નાખી હતી. આ ગંભીર ઘટના બાદ માતાએ જાતે જ પોતાની પુત્રી કાજલ ઉર્ફે વિક્રમ વિરુદ્ધ અમરોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

મળતી માહિતી અનુસાર, કોસાડ આવાસમાં રહેતા ૫૫ વર્ષીય રમેશસિંહ કૈલાસસિંગ રાજપૂત અને તેમની સૌથી નાની પુત્રી કાજલ ઉર્ફે વિક્રમ (ઉ.વ. ૨૨) વચ્ચે ૩૧ ઓક્ટોબરની રાત્રે આશરે ૧૦:૩૦ વાગ્યે ઘરકામ બાબતે બોલાચાલી થઈ હતી. જોતજોતામાં સામાન્ય તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આ દરમિયાન પિતાએ ગુસ્સામાં આવીને પુત્રીના હાથમાંથી મોબાઈલ ફોન છીનવી જમીન પર ફેંકી દીધો હતો.

મોબાઈલ ફોન ફેંકી દેવાની ઘટનાથી કાજલ ઉર્ફે વિક્રમ એટલી ઉશ્કેરાઈ ગઈ હતી કે તેણે ઘરમાં પડેલું કૂકરનું ઢાંકણું અને છરી હાથમાં લઈ પિતા પર હુમલો કરી દીધો હતો. તેણે પિતાના માથાના ભાગે કૂકરના ઢાંકણાથી ઘા કર્યા હતા, જ્યારે પેટના ભાગે છરીનો જીવલેણ ઘા ઝીંક્યો હતો. અચાનક થયેલા હુમલાથી રમેશસિંહ ગંભીર રીતે લોહીલુહાણ થઈ ગયા હતા.

પુત્રીના હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા રમેશસિંહ લોહીલુહાણ હાલતમાં ઘરની બહાર ઓટલા તરફ દોડી આવ્યા હતા, પરંતુ ત્યાં જ બેભાન થઈ ઢળી પડ્યા હતા. બનાવને પગલે પરિવારજનોમાં અફરાતફરી મચી ગઈ હતી. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતાં ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. જોકે, તપાસ દરમિયાન તબીબોએ રમેશસિંહને મૃત જાહેર કર્યા હતા.

આ સમગ્ર મામલે મૃતકની પત્ની મંજુબેન ઉર્ફે ચંપાબેને પોતાની જ પુત્રી કાજલ ઉર્ફે વિક્રમ વિરુદ્ધ અમરોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે અમરોલી પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપી પુત્રીની ધરપકડ કરી છે અને સમગ્ર ઘટનાને લઈને વધુ તપાસ હાથ ધરી છે.

વાઇબ્રન્ટ ગુજરાત માટે દુબઈમાં રોકાણકારો સાથે બેઠકો ગુજરાતના પ્રતિનિધિમંડળે ત્રણ દેશોનો પ્રવાસ કર્યો

પ્રતિનિધિમંડળે દુબઈ મલ્ટી કોમોડિટીઝ સેન્ટરની પણ મુલાકાત લીધી

ગાંધીનગર,

આગામી જાન્યુઆરીમાં યોજાનારી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭ માટે રાજ્ય સરકારે વિદેશી રોકાણકારોનો સંપર્ક વધાર્યો છે. આ અંતર્ગત ગુજરાત સરકારના ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળે દુબઈમાં વિવિધ ઉદ્યોગજૂથો અને રોકાણકારો સાથે બેઠકો યોજી હતી. ઓઇલ એન્ડ ગેસ, લોજિસ્ટિક્સ, નાણાકીય સંસ્થાઓ, ઉત્પાદન ક્ષેત્ર અને રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલા ઉદ્યોગકારો સમક્ષ ગુજરાતમાં રોકાણની તકો રજૂ કરવામાં આવી હતી. ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના સચિવ લોચન સહેરાના



નેતૃત્વમાં પ્રતિનિધિમંડળે કતાર, ઓમાન અને સંયુક્ત આરબ અમીરાતનો પ્રવાસ કર્યો હતો. કતાર અને ઓમાનમાં બેઠકો યોજ્યા બાદ પ્રતિનિધિમંડળે દુબઈમાં ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી હતી. આ પ્રવાસ દરમિયાન ત્રણેય દેશોની રોકાણ સંબંધિત સંસ્થાઓ તરફથી સારો પ્રતિસાદ મળ્યો હોવાનું લોચન સહેરાએ જણાવ્યું હતું. ખાસ કરીને ઓઇલ એન્ડ ગેસ ક્ષેત્રમાં ગુજરાત સાથે સહકાર વધારવાની સંભાવનાઓ અંગે ચર્ચા થઈ હતી.

દુબઈમાં ઇન્ડિયન પીપલ્સ ફોરમ યુએઈ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ગુજરાત સરકારના પ્રતિનિધિમંડળે ભારતીય ઉદ્યોગકારો અને ત્યાં વસતા ગુજરાતીઓ સાથે પણ સંવાદ કર્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાતમાં ઉદ્યોગો માટે ઉપલબ્ધ માળખાકીય સુવિધાઓ, રોકાણની તકો અને આગામી વાઇબ્રન્ટ ગુજરાત સમિટ અંગે માહિતી આપવામાં આવી હતી. પ્રેઝન્ટેશન બાદ પ્રશ્નોત્તરી સત્ર પણ યોજાયું હતું, જેમાં ઉપસ્થિત ઉદ્યોગકારોના પ્રશ્નોના જવાબ આપવામાં આવ્યા હતા.

ગુજરાતમાં બિરસા મુંડાની ૧૫૧મી જયંતિ નિમિત્તે જન જાતિય ગૌરવ સપ્તાહની ઉજવણી કરાશે

રાજ્યવ્યાપી અભિયાનને સફળ બનાવવા માટે ગાંધીનગર ખાતે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ

અમદાવાદ,

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અને ખાસ કરીને આદિવાસી સમાજના અધિકારોના રક્ષણ માટે 'ધરતી આબા' તરીકે પૂજાતા ભગવાન બિરસા મુંડા નું યોગદાન અદ્વિતીય છે. તેમના બલિદાન અને શૌર્યને સન્માન આપવા માટે તેમની ૧૫૧મી જયંતિ નિમિત્તે ગુજરાત સરકાર ચેચ્દ્ધદ્ગદ્ગિ ર્ધ્દીહિદ્ધીહું દ્વારા સમગ્ર રાજ્યમાં એક ભવ્ય અને ઐતિહાસિક આયોજન કરવામાં આવ્યું છે. આગામી તારીખ ૧૧ થી ૧૮ નવેમ્બર, ૨૦૨૬સુધી ગુજરાતમાં ''જન જાતિય ગૌરવ સપ્તાહ''ની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવશે. આ વિશેષ



સપ્તાહનો મુખ્ય ઉદ્દેશ્ય નવી પેઢીને આદિજાતિ સમાજના સમૃદ્ધ ઇતિહાસ, તેમની ગૌરવશાળી સંસ્કૃતિ અને માતૃભૂમિ માટેના બલિદાનથી પરિચિત કરાવવાનો છે.

આ રાષ્ટ્રવ્યાપી અને રાજ્યવ્યાપી અભિયાનને સફળ બનાવવા માટે આજે રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે એક મહત્વપૂર્ણ અને ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં સપ્તાહ દરમિયાન યોજાનાર તમામ નાના-મોટા કાર્યક્રમોની વિસ્તૃત રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. આ બેઠકમાં રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ પી.સી. બરંડા, રમેશ કટારા અને જયરામ ગામીત વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, આદિજાતિ મોરચાના પ્રમુખ ગણપત વસાવા , મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે, આદિજાતિ વિભાગના સચિવ આલોક કુમાર પાંડે અને નિયામક રચિત રાજ પણ આ માઇકો-પ્લાનિંગમાં જોડાયા હતા.

''જન જાતિય ગૌરવ સપ્તાહ'' અંતર્ગત સમગ્ર રાજ્યમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થશે, પરંતુ મુખ્ય આકર્ષણ રાજ્ય કક્ષાના કાર્યક્રમો રહેશે. રાજ્ય કક્ષાનો ભવ્ય સમારોહ છોટાઉદેપુર જિલ્લામાં યોજાશે, જેની અધ્યક્ષતા ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કરશે. જ્યારે દક્ષિણ ગુજરાતના મહત્વના આદિજાતિ મથક વલસાડ ખાતે આયોજિત થનાર વિશેષ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી પ્રેરક ઉપસ્થિતિ નોંધાવશે.

"સ્માર્ટ લોજીસ્ટીક સમીટ એન્ડ એવોર્ડ - રાજકોટ-મોરબી-૨૦૨૬", કન્ટેનર ઉત્પાદનની વિપુલ તક અને સરકારી પ્રોત્સાહન

રાજકોટઃ અત્રેથી ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની સર્પોટીંગ સંસ્થા તરીકેની કામગીરી અંતર્ગત ગત તા. ૩૦/૧૦/૨૦૨૬ ના રોજ રાજકોટ ખાતેની મેરીટાઈમ ગેઈટવે આયોજીત ''સ્માર્ટ લોજીસ્ટીક સમીટ એન્ડ એવોર્ડ - રાજકોટ-મોરબી-૨૦૨૬'' નું એક ભવ્યાંતીભવ્ય રીતે આયોજન થઈ ગયુ.

જે સમીટ અંતર્ગત કસ્ટમ, શિપીંગ લાઈન, કલીયરીંગ ફોરવર્ડીંગ એજન્ટ, ટ્રાન્સ્પોર્ટર, એક્સપોર્ટર વગેરેની સાથે રહીને તેઓને લોજીસ્ટીકને લગતા કામગીરી કરવી ભવિષ્યમાં કેવી રીતે આગળ વધી શકાય તે માટેના મહત્વપૂર્ણ અને જ્ઞાનવર્ધક સેસન કરવામાં આવેલ હતા. જેની મુખ્ય થીમ એન્જીનીયરીંગની વૈશ્વીક પહોંચ : સૌરાષ્ટ્રના ઉત્પાદન અર્થતંત્ર માટે સ્માર્ટ લોજીસ્ટીકસ હેઠળ રાજકોટ અને મોરબીના ઉદ્યોગોને ઉચ્ચ સ્તરે લઈ જવાની નેમ રહેલ હતી.

સેમીનારના આયોજકો દ્વારા ગ્રેટર રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી રાજીવભાઈ દોશીનું બહુમાન કરવામાં આવેલ હતું. આ અન્વયે પ્રાસંગીક પ્રવચન આપતા શ્રી રાજીવભાઈ દોશીએ જણાવેલ હતુ કે, કન્ટેનર પોર્ટ ઉપરથી રવાના થાય ત્યારથી ડિસ્ટીનેશન સુધી પહોંચે ત્યાં સુધીનો કન્ટેનરના સ્ટેટસનો અહેવાલ નિયમીત રીતે ફેઈટ ફોરવર્ડર અને લોજીસ્ટીક ઓપરેટર્સ દ્વારા એક્સપોર્ટસને વોટસએપથી અપડેટ મળતુ રહે તેવું આયોજન કરવું જોઈએ. વધુમાં તેઓએ જણાવેલ કે, કન્ટેનર મેન્યુફેકચરીંગની તાજેતરની નવી પોલીસીમાં કન્ટેનર ઉત્પાદકોને સબસીડી જાહેર કરવામાં આવેલ છે. કન્ટેનરની અવેલીબીલીટી અને ડિમાન્ડમાં હાલ ખુબ મોટો ગેપ છે જે ધ્યાને લેતા અને તેનો લાભ લઈ કન્ટેનરનું ઉત્પાદન રાજકોટના ઉદ્યોગપતિઓએ શરૂ કરવું જોઈએ.

સદરહું સમીટમાં ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના વાઈસ ચેરમેનશ્રી કાંતીભાઈ જાવીયા, પ્રમુખશ્રી રાજીવભાઈ દોશી, ઉપપ્રમુખશ્રી ઈશ્વરભાઈ બ્રાંભોલીયા, સહપ્રમુખશ્રી રમેશભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી હર્ષદભાઈ ખુંટ, માનદમંત્રીશ્રી મયુરભાઈ શાહ, સહખજાનચીશ્રી હેમલભાઈ કામદાર, તથા ડિરેકટરશ્રીઓ અક્ષત ગોયલ, અશોકભાઈ સુરેલીયા, પીયુષભાઈ દોશી, પ્રાગજીભાઈ પરસાણા, રાજેન્દ્રસિંહ જાડેજા તથા ભરતભાઈ કડીવાર દ્વારા હાજરી આપીને શોભામાં અભિવૃધ્ધી કરેલ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના માનદમંત્રીશ્રી મયુરભાઈ શાહ દ્વારા સ્પીકર તરીકે પોતાના જ્ઞાનનો લાભ હાજર સૌને આપેલ હતો. આમ એક અખબારી યાદીમાં ગ્રેટર ચેમ્બરના નિયામકશ્રી અશોકભાઈ સુરેલીયા અને ભરતભાઈ કડીવાર દ્વારા જણાવવામાં આવેલ છે.

રાજકોટ હેરિટેજ ડાયલોગઃ વારસાલક્ષી શહેરી વિકાસ માટે સહયોગી પહેલ

રાજકોટઃ INTACH™k Histroic Cities Series – Rajkot(૨૦૨૬–૨૦૨૮) અંતર્ગત પ્રથમ કાર્યક્રમ 'રાજકોટ હેરિટેજ ડાયલોગ ૦૧ – વારસાલક્ષી શહેરી વિકાસ માટે ક્ષમતા નિર્માણ વિષયક નિષ્ણાત પરિસંવાદ'નું આયોજન શનિવારે રાજકોટ સર્કિટ હાઉસ ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં રાજકોટના કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ડો. ઓમ પ્રકાશ, , રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર શ્રી તુષાર ડી. સુમેરા, તથા DRONAHનાં Histroic Cities Series Programmeનાં કો-ઓર્ડિનેટર ડો. પારુલ મુંજાલ ઉપસ્થિત રહ્યાં હતાં.

INTACH રાજકોટ ચેપ્ટર દ્વારા આયોજિત આ પહેલમાં Young Indians (YI), રાજકોટ ચેપ્ટર ક્ષમતા નિર્માણના સહયોગી તરીકે જોડાયું હતું. કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકા, જિલ્લા વહીવટી તંત્ર, RUDA, INTACH રાજકોટ, Young Indians, રાજકોટ રાજપરિવાર, ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર, રાજકોટ મેનેજમેન્ટ એસોસિએશન અને રોટરી ક્લબ ઓફ રાજકોટ પ્રાઈમના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.



પરિસંવાદનું વિશેષ આકર્ષણ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ અર્બન અફેર્સ દ્વારા યોજાયેલું નિષ્ણાત સત્ર હતું. 'શહેરી આયોજનમાં વારસાનો સમાવેશ' વિષય પરના આ સત્રમાં દિલ્હીના ડેવલપમેન્ટ પ્લાન ૨૦૪૭ના સંદર્ભમાં વારસાને લાંબા ગાળાના શહેરી આયોજન સાથે સાંકળવાના અભિગમની ચર્ચા કરવામાં આવી હતી. ઝડપથી વિકસતાં શહેરોમાં ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાને આયોજનનો અભિન્ન ભાગ કેવી રીતે બનાવી શકાય તે અંગેના આ અનુભવો રાજકોટના સંદર્ભમાં પણ ઉપયોગી બન્યા હતા.

ચર્ચામાં રાજકોટના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસા, શહેરીકરણ અને માળખાકીય વિકાસને કારણે ઊભા થતા પડકારો તથા વિકાસની સાથે વારસાના સંરક્ષણની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. ખાસ કરીને રાજકોટના ડ્રાફ્ટ ડેવલપમેન્ટ પ્લાન ૨૦૪૭માં વારસાલક્ષી આયોજનનો સમાવેશ, ઐતિહાસિક વિસ્તારોનું સંરક્ષણ, જૂની ઈમારતોનો પુનઃઉપયોગ, દસ્તાવેજીકરણ અને વિવિધ સંસ્થાઓ વચ્ચે સંકલન જેવા વિષયો ચર્ચાયા હતા.આ પરિસંવાદનો મુખ્ય હેતુ વારસાને માત્ર જાળવવાની બાબત તરીકે નહીં, પરંતુ શહેરના ભવિષ્યના આયોજન અને વિકાસના મહત્વપૂર્ણ આધાર તરીકે જોવાનો છે. સંવાદ દ્વારા વિવિધ સંસ્થાઓ અને નિષ્ણાતો વચ્ચે જ્ઞાનની આપ-લે, સહયોગની તકો અને કાર્યઆધારિત પહેલો માટેની દિશા નક્કી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

Histroic Cities Series – Rajkot દ્વારા આગામી સમયમાં સંસ્થાકીય ભાગીદારી મજબૂત બનાવવા, સંશોધન અને દસ્તાવેજીકરણને પ્રોત્સાહન આપવા તથા ક્ષમતા નિર્માણ માટેની પહેલો હાથ ધરવા પ્રયાસ કરવામાં આવશે. આ પહેલનો ઉદ્દેશ રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રના વારસાલક્ષી શહેરી વિકાસ માટે સતત સંવાદ અને સહયોગનું મંચ ઊભું કરવાનો છે.

રાજકોટની દિવાળી સુધરી : આજી - ન્યારી-૧માં અંતે 'સૌની'નું નીર પહોંચ્યુ

તા.૧૩ ડિસેમ્બર સુધીમાં બન્ને જળાશયોમાં ૧૨૭૦ એમસીએફટી પાણી છોડાશે : આજીની સ્થિતિએ આજીમાં - ૪૭ અને ન્યારી - ૧માં ૩૭ ટકા જળ સંગ્રહ



રાજકોટઃરાજકોટ સિંચાઈ વિભાગની છેલ્લા એક પખવાડીયાની તનતોડ મહેનતનાં કારણે અંતે આજે બપોરે એક કલાકે શહેરને પીવાનું પાણી પુરૂ પાડતા આજી અને ન્યારી-૧ ડેમમાં સૌની યોજનાનાં નર્મદા નીરની આવકના શ્રીગણેશ થઈ ગયા છે.આમ એકાંતરા પાણીની ભીતિ સેવતા રાજકોટવાસીઓની દિવાળી હાલ સુધરી ગઈ છે.જોકે સિંચાઈ વિભાગના ૧૦૦ જેટલા કર્મચારી અને અધિકારીઓને દિવાળીની રજામાં પણ પાણીને લઈ સતત સાઈટ ઉપર કાર્યરત રહેવુ પડશે તે પણ એક હકીકત છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાંક વર્ષોથી રાજકોટવાસીઓ સૌની યોજનાના પાણી ઉપર જ નિર્ભર રહે છે. ત્યારે ચાલુ વર્ષે ચોમાસું નબળુ રહેતા પાણીની નિર્ભરતા વધી હતી અને તાજેતરમાં જ આરએમસીએ પણ ફરી એકવાર સિંચાઈ વિભાગ પાસે 'સૌની'યોજનાનું પાણી માંગ્યુ હતું.

આ પાણી છોડવાની મંજુરી માટે સ્થાનિક સિંચાઈ વિભાગ સતત પખવાડીયાથી જહેમત ઉઠાવી રહયું હતું. અંતે ગત શનિવારે નર્મદા વિભાગે પાણી છોડવાની મંજુરી આપી દેતા ગઈકાલે તા.૧ ના રોજ સવારે ૮ કલાકે સુરેન્દ્રનગરનાં ધોળીધજા પમ્પીંગ સ્ટેશનથી રાજકોટના આજી અને ન્યારી ૧ ડેમ માટે પાઈપલાઈન મારફતે પાણી છોડવાની શરૂઆત કરી હતી. અંતે આજે બપોરે ૧ કલાકે આજી અને ન્યારી-૧ ડેમમાં સૌની યોજનાનું પાણી પહોંચી ગયુ હતું. અને ફરી એકવાર બન્ને ડેમો નર્મદા નીરથી ભરાવા લાગ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આજની સ્થિતિએ આજી-૧ ડેમમાં ૪૭ ટકા અને ન્યારી-૧ ડેમમાં ૩૭ ટકા જળ જથ્થો ઉપલબ્ધ છે. દરમ્યાન રાજકોટ સિંચાઈ વિભાગનાં ઈજનેરી સુત્રોના જણાવ્યા મુજબ શહેરના આજી અને ન્યારી-૧ ડેમમાં પ્રથમ તબકકામાં તા.૧૩ ડીસેમ્બર સુધીમાં કુલ ૧૨૭૦ એમસીએફટી નર્મદા નીર છોડવામાં આવશે. અત્રે પ્રથબ તબકકા દરમ્યાન બન્ને જળાશયોને ૧૦૦૦ ટકા ભરી દેવાનું આયોજન છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે આજી-૧ ડેમ ૨૯ ફૂટે છલકાય છે અને ન્યારી-૧ ડેમ ૨૫ ફૂટે છલકાય છે. ત્યારે હવે ફરી એકવાર આ બન્ને ડેમો ડીસેમ્બરની મધ્ય સુધીમાં ભરાઈ જશે. એટલે હાલ તો રાજકોટને પીવાના પાણીની ખાસ કોઈ તંગી નહીં પડે.રાજકોટમાં ચાલુ વર્ષે અપુરતો વરસાદ પડતા અને જળાશયોમાં પાણીની વધુ જરૂરીયાત વર્તાતા મહાપાલિકાએ સરકારમાં કરેલી રજુઆતો પરથી આજી-૧ ડેમમાં સૌની યોજનાનું પાણી શરૂ થઈ ગયું છે અને ન્યારી-૧ ડેમમાં પણ એક-બે દિવસમાં પાણી શરૂ થઈ જશે તેમ મેયર ડો.નેહલ શુકલએ જણાવ્યું હતું. રાજકોટ મહાનગર માટે મ્યુનિ. કોર્પોરેશન દ્વારા આજી અને ન્યારી ડેમમાં ચાર હજાર એમસીએફટી પાણી માંગવામાં આવ્યું હતું. આજીમાં ૧૯૦૦ અને ન્યારીમાં ૨૧૦૦ એમસીએફટી નીરની માંગણી કમિશ્નર અને મેયર દ્વારા કરવામાં આવી હતી.

સગીરા ઉપર દુષ્કર્મ ગુજારનાર તથા મદદગારી કરનારા આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા

રાજકોટઃરાજકોટ તાલુકા પોલીસ મથક વિસ્તારમાં ૧૩ વર્ષ અને ૯ માસની સગીરાનું સ્કૂલેથી અપહરણ કરી મોરબી રોડ પર આવેલી હોટલમાં લઈ જઈ દુષ્કર્મ ગુજારવાના ચકચારી કેસમાં પોક્સો કોર્ટે બે આરોપીઓને ૨૦-૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. સગીરાના અપહરણમાં મદદગારી કરનાર આરોપીને પણ સમાન સજા ફટકારવામાં આવી છે.

આ ઉપરાંત ભોગ બનનાર સગીરાને વિક્ટિમ કોમ્પેન્સેશન એક્ટ હેઠળ રૂ. ૨.૫૦ લાખનું વળતર ચૂકવવાનો હુકમ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, તા. ૨૪ એપ્રિલ, ૨૦૨૪ના રોજ સગીરાના પિતાએ રાજકોટ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, માલિયાસણ ગામના બાબાફરીદ ઉર્ફે ભાઈજાન હસમતઅલી નાનાણીએ તેમની ૧૩ વર્ષ અને ૯ માસની પુત્રીને સ્કૂલેથી અપહરણ કરી કારમાં બેસાડી મોરબી રોડ પર આવેલી હોટલમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું.

જ્યારે સણોસરા ગામના ફારૂક ઉર્ફે બોદિયો કાસમભાઈ પીલુડિયાએ અપહરણ કરવામાં મદદગારી કરી હતી. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી તપાસ પૂર્ણ થયા બાદ પોક્સો કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી.

કોર્ટમાં કેસની સુનાવણી દરમિયાન ફરિયાદી પિતા અને ભોગ બનનાર સગીરાની જુબાની લેવામાં આવી હતી. સગીરાએ પોતાની જુબાનીમાં આરોપી બાબાફરીદ સ્કૂલમાંથી ખોટું કારણ જણાવી કારમાં બેસાડી લઈ જઈ દુષ્કર્મ આચર્યું હોવાનું જણાવ્યું હતું. આ કૃત્યમાં ફારૂકે મદદગારી કરી હોવાનું પણ કોર્ટ સમક્ષ જણાવ્યું હતું. સગીરાએ બંને આરોપીઓને કોર્ટમાં ઓળખી બતાવ્યા હતા.

આ ઉપરાંત સ્કૂલના કર્મચારી, તબીબ, જન્મના દાખલાના અધિકારી તથા તપાસ કરનાર પોલીસ અધિકારીની જુબાની લેવામાં આવી હતી. ફરિયાદ, મેડિકલ સર્ટિફિકેટ, જન્મનો દાખલો, એફએસએલનો પરીક્ષણ અહેવાલ અને અન્ય દસ્તાવેજી પુરાવાઓ પણ રજૂ કરવામાં આવ્યા હતા.

સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયાએ દલીલો કરી હતી કે, સગીરાની નાની ઉંમર, સાક્ષીઓની જુબાની અને વૈજ્ઞાનિક પુરાવાઓથી બંને આરોપીઓ સામેનો ગુનો નિઃશંકપણે પુરવાર થાય છે. આથી આરોપીઓને કાયદા મુજબ કડકમાં કડક સજા કરવા રજૂઆત કરી હતી.

સરકારી પક્ષની દલીલો અને પુરાવાઓને ધ્યાને લઈ પોક્સો કોર્ટના સેશન્સ જજ શ્રી આઈ.બી. પઠાણે બંને આરોપી બાબાફરીદ ઉર્ફે ભાઈજાન હસમતઅલી નાનાણી અને ફારૂક ઉર્ફે બોદિયો કાસમભાઈ પીલુડિયાને ૨૦-૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. સાથે જ ભોગ બનનાર સગીરાને રૂ. ૨.૫૦ લાખનું વળતર ચૂકવવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયા હતા.

એક માસમાં એક લાખથી વધુ મુસાફરોએ હવાઈ સફર માણી

રાજકોટઃરાજકોટના હીરાસર સ્થિત ઈન્ટરનેશનલ એરપોર્ટમાં હવાઈ સેવાનો વ્યાપ વધવા સાથે હવાઈ મુસાફરોની સંખ્યામાં વધારો થવા લાગ્યો છે. ગત ઓકટોબર માસમાં એક લાખથી વધુ હવાઈ મુસાફરો નોંધાયા હતા. જેમાં ૫૪૪૨૧ મુસાફરોનું આગમન અને ૪૯૧૮૪ મુસાફરોનું પ્રસ્થાન સતાવાર રીતે નોંધાયુ હતું. ઓકટોબર માસમાં ૪૦૩ વિમાનોમાં ૧,૦૩,૬૧૫ મુસાફરોએ હવાઈ સફર માણી હતી.

રાજકોટના હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટના વિન્ટર શિડયુલમાં એર લાઈન્સ કંપનીઓએ હવાઈ સેવાનો વ્યાપ વધારતા હવાઈ મુસાફરોને દિલ્હી, મુંબઈ, બેંગ્લોર, હૈદરાબાદ પહોંચવુ ઝડપી બન્યુ છે. સપ્તાહમાં ૪ દિવસ ગોવા અને પુનાની ફલાઈટની સુવિધાથી હવાઈ મુસાફરોને રાહત મળી છે.

ગત સપ્ટેમ્બર માસમાં ૩૬૧ વિમાનોના ઉડ્ડયનમાં ૯૭૩૧૪ મુસાફરોની સરખામણીમાં ગત ઓકટોબર માસમાં ૪૦૩ વિમાનોનાં ઉડ્ડયનમાં ૧,૦૩,૬૧૫ મુસાફરો નોંધાતા ૬૪૮૧ જેટલા મુસાફરોની સંખ્યામાં વધારો નોંધાયો છે.

હાલમાં હીરાસર એરપોર્ટમાં ડેઈલી ૧૧ ફલાઈટનું ઉડ્ડયન છે જેમાં દિલ્હી-૪, મુંબઈ-૪, નવી મુંબઈ-૨, બેંગ્લોર-૧, પૂના-જોવા સપ્તાહમાં ૪ દિવસ ઉપરાંત દર મંગળવારે દિલ્હીની એક ફલાઈટનું ઉડ્ડયન શરૂ છે.

દિવાળીની ખરીદી માટે રાજકોટની બજારોમાં માનવ મહેરામણ ઉમટ્યું

પગારદારોને પગાર મળતા અને રવિવારની રજાનો લાભ મળતા બજારોમાં ચિક્કાર ભીડ

રાજકોટઃદિવાળીના તહેવારો નજીક આવતાની સાથે જ રાજકોટના બજારોમાં તહેવારોની રોનક જામવા લાગી છે. દિવાળીની ખરીદી માટે શહેરના જૂના અને જાણીતા બજાર વિસ્તારોમાં લોકોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ, ગુંદાવાડી, ઘી કાંટા રોડ, ભૂપેન્દ્ર રોડ અને પેલેસ રોડ સહિતના વિસ્તારોમાં ખરીદી માટે લોકોનું માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું.

બજારોમાં સવારથી જ ખરીદદારોની અવરજવર શરૂ થઈ ગઈ હતી, જે સાંજ પડતાં વધુ વેગવંતી બની હતી. રવિવારની રજા અને મહિનાની પહેલી તારીખે પગાર મળવાનો સંયોગ સર્જાતાં બજારોમાં ઘરાકીનો માહોલ જોવા મળ્યો હતો.

લોકો પરિવાર સાથે દિવાળીની નાની-મોટી દરેક વસ્તુઓની ખરીદી કરવા નીકળ્યા હતા. દિવાળી એટલે ઘરની સાફસફાઈ, રંગરોગાન, સુશોભન અને નવી ચીજવસ્તુઓની ખરીદીનો તહેવાર. આ પરંપરાને ધ્યાનમાં રાખીને લોકો કપડાં, બુટ-ચંપલ, ઘરવખરી, ગૃહસુશોભનની વસ્તુઓ સહિતની વિવિધ ચીજવસ્તુઓની ખરીદી કરી રહ્યા છે. બજારોમાં પણ દિવાળીને આવકારવા વેપારીઓ દ્વારા ખાસ તૈયારીઓ કરવામાં આવી છે.લાખાજીરાજ રોડ અને ધર્મેન્દ્ર રોડ સહિતના વિસ્તારોમાં વેપારીઓએ આકર્ષક રોશની કરી છે. રાત્રિના સમયે બજારો ઝગમગતી જોવા મળી રહી છે. આ રોશનીનો નજારો જોવા માટે પણ લોકો બજારમાં આવી રહ્યા છે અને સાથે ખરીદીનો લાભ લઈ રહ્યા છે. બજારોમાં ખરીદદારોની વધતી સંખ્યાને પગલે વેપારીઓના ચહેરા પર પણ ખુશી જોવા મળી રહી છે.



ગઈકાલે મહિનાની પહેલી તારીખ હોવાથી નોકરિયાત વર્ગને પગાર મળ્યા હતા. બીજી તરફ રવિવારની રજા હોવાથી નોકરી-ધંધા પર જતા લોકોને પરિવાર સાથે ખરીદી કરવાનો સમય મળ્યો હતો. આ બંને કારણોસર બજારમાં ઘરાકીમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. ખાસ કરીને સાંજના સમયે બજારોમાં પગ મૂકવાની પણ જગ્યા ન હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. અનેક પરિવારો બાળકો સાથે ખરીદી માટે નીકળ્યા હતા. કપડાંની દુકાનો, ફૂટવેરની દુકાનો, ગૃહસુશોભનની ચીજવસ્તુઓના વેપારીઓ સહિત વિવિધ વેપારીઓને ત્યાં ગ્રાહકોની ભીડ જોવા મળી હતી.

ધર્મેન્દ્ર રોડ વેપાર એસોસિયેશનના પ્રમુખ હિતેશભાઈ અનડકટે જણાવ્યું હતું કે, ગઈકાલે બજારમાં જોવા મળેલી ભીડથી વેપારીઓમાં નવી આશા જાગી છે. દિવાળીના તહેવાર પૂર્વેનો છેલ્લો રવિવાર હોવાથી લોકો મોટી સંખ્યામાં ખરીદી કરવા ઉમટી પડ્યા હતા. સવારથી શરૂ થયેલી ઘરાકી રાત સુધી ચાલુ રહી હતી અને રાત્રે બે વાગ્યા સુધી બજારો ખુલ્લી રહી હતી. મોડી રાત સુધી બજારમાં લોકોની અવરજવર જોવા મળી હતી. દિવાળીના તહેવારને લઈને વેપારીઓએ પણ ખાસ તૈયારીઓ કરી છે અને બજારોમાં રોશની કરવામાં આવી છે.આગામી દિવસોમાં બાળકોનું દિવાળી વેકેશન શરૂ થવાનું હોવાથી પરિવારજનો બાળકોને સાથે લઈને કપડાં અને અન્ય જરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરવા આવશે. અત્યારની ભીડ જોતા આગામી દિવસોમાં દિવાળીની બમ્પર ખરીદી થશે અને વેપાર-ધંધાને સારો વેગ મળશે તેવી આશા છે.

લાખાજીરાજ રોડ વેપારી એસોસિયેશનના પ્રમુખ પ્રણંદ કલ્યાણીએ જણાવ્યું હતું કે, ગઈકાલે બજારમાં ચિક્કાર ગીરદી જોવા મળી હતી. લોકોની ભારે ભીડથી બજારને નવી ઊર્જા મળી છે અને વેપારીઓમાં ઉત્સાહ વધ્યો છે. જોકે, ભીડના કારણે બજાર વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા પણ ગંભીર બની હતી. ઠેર-ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા અને રસ્તાઓ પર વાહનોના ઢગલા જોવા મળ્યા હતા.

દિવાળી પૂર્વે મચ્છરોનો આતંક યથાવતઃ ડેંગ્યુની ફિફટી,મેલેરીયાનો દર્દી પણ જાહેર

રાજકોટઃદિવાળીને હવે અઠવાડિયું પણ બાકી રહ્યું નથી ત્યારે આ વર્ષે તહેવાર પર રોગચાળાનો ખતરો યથાવત રહ્યો છે. રાજકોટમાં છેલ્લા બે સપ્તાહથી ડેંગ્યુએ ભય વધાર્યો હોય તેમ સતત બીજા સપ્તાહે ડેંગ્યુના છ કેસ બહાર આવતા ચાલુ વર્ષમાં આ ખતરનાક તાવના કેસની ફિફટી (કુલ ૫૩) નોંધાઈ ગઈ છે. તો સાથોસાથ મચ્છરજન્ય અન્ય તાવ મેલેરીયાનો પણ કેસ નોંધાયો છે.

ગઈકાલે પુરા થયેલા અઠવાડિયામાં મેલેરીયાનો એક અને ડેંગ્યુના ૬, શરદી-ઉધરસના ૮૬૨, સામાન્ય તાવના ૭૫૬ અને ઝાડા-ઉલ્ટીના ૧૩૨ મળી કુલ ૧૭૫૭ દર્દીઓની ચોપડે નોંધ થઈ છે. આ વર્ષે ચોમાસુ સંતોષકારક રહ્યું નથી અને લોકોથી માંડી તંત્રને પાણીની ચિંતા છે. સત્તાવાર ચોમાસાએ વિદાય લીધા બાદ શિયાળાની ઠંડક શરૂ થવાના બદલે ઉનાળા જેવી ગરમી અને તાપ હજુ પડી રહ્યા છે. આ વાતાવરણ મચ્છરોને અનુકુળ હોય તેમ મચ્છર જન્ય રોગચાળો વધેલો છે. ખાનગી દવાખાનાઓમાં પણ જાણીતા ડોકટરોની ઓપીડી ફુલ દેખાઈ રહી છે.

આરોગ્ય શાખાએ તા.૨૬-૧૦ થી ૧-૧૧ સુધીનો રીપોર્ટ જાહેર કરતા કામગીરીની વિગત પણ આપી છે. ડેંગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાન સહિત ૫૦૨ જેટલા સ્થળે તપાસ કરવામાં આવી હતી.જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૨૧૧ અને કોર્મશીયલ ૮૭ આસામીને નોટીસ આપવામાં આવેલ છે. ડેંગ્યુ એડીસ મચ્છર દિવસના સમયે કરડે છે અને એક સાથે વધુ લોકોને કરડતો હોવાથી, વધુ જનસમુદાય હોય તેવા સ્થરળો એ આવા રોગ ફેલાવવાનો જોખમ વધુ રહે છે.

રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે મહાનગરપાલિકા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો ચાલી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ સપ્તાહમાં ૧૦૦૩૭૯ ઘરોમાં પોરાનાશક તથા ફિલ્ડવર્કરો દ્વારા ૭૯૩ ઘરોમાં ફોગીગ કામગીરી કરવામાં આવી છે. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીગ મશીન ફોગીગ કામગીરી કરવામાં આવે છે.

તથા સંવેદનશીલ સોસાયટી, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે. દિવાળી પર સંવેદનશીલ સોસાયટી, જાહેર રસ્તા, વધુ લોકો એકઠા થતા હોય તેવા વિસ્તારોમાં મચ્છરજન્ય રોગચાળા ફેલાવવાનો વધુ ભય હોય, લોકોને તહેવાર પર તકેદારી રાખવા આરોગ્ય અધિકારી દ્વારા ખાસ અપીલ કરવામાં આવી છે. મેલેરીયા શાખા દ્વારા નદી કાંઠે ગાંડી વેલના નિકાલ, સફાઈ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે તો બાંધકામ સાઈટ પર પણ મચ્છરોના પોરાનો નાશ કરવામાં આવી રહ્યો છે.



સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

સંઘીય ભારતની નવી ઉડાન : વિશ્વાસ, વિકાસ અને એકતાનો સંગમ

આજનું ભારત વિકાસની રાહ જોતું નથી, પરંતુ વિકાસને નવી ગતિ આપી રહ્યું છે.૧ નવેમ્બર, ૨૦૨૬નો દિવસ આ પરિવર્તનનું એક નોંધપાત્ર ઉદાહરણ બની રહ્યો છે.એક જ દિવસે દેશે નાણાકીય મજબૂતી, રાષ્ટ્રીય એકતા અને સુરક્ષા સજ્જતાના ક્ષેત્રે અનેક મહત્ત્વપૂર્ણ સંદેશ આપ્યા છે. કેન્દ્ર સરકારે રાજ્યોને ?૧,૦૯,૦૧૯ કરોડનો કરવેરાનો વધારાનો હિસ્સો ફાળવીને સહકારી સંઘવાદની ભાવનાને વધુ મજબૂત બનાવી છે. બીજી તરફ, સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતાનો સંકલ્પ દોહરાવવામાં આવ્યો છે. આ સાથે ભારતીય વાયુસેનાના નેતૃત્વમાં થયેલું પરિવર્તન પણ દેશની સુરક્ષા વ્યવસ્થાને નવી દિશા આપવાનો સંકેત આપે છે.આ ત્રણેય બાબતોનો એક જ સંદેશ છે કે ભારતની પ્રગતિ માત્ર કેન્દ્ર સરકારની જવાબદારી નથી. દેશના દરેક રાજ્ય, શહેર અને ગામડાનો વિકાસ રાષ્ટ્રના વિકાસ સાથે જોડાયેલો છે. કેન્દ્ર અને રાજ્યો વચ્ચે પરસ્પર વિશ્વાસ અને સહયોગ હશે તો જ વિકાસનાં ફળ સામાન્ય નાગરિક સુધી પહોંચી શકશે.દાણીવાર કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના રાજકીય મતભેદો અને નાણાકીય ખેંચતાણના સમાચારો સામે આવે છે. પરંતુ રાજ્યોને સમયસર નાણાંની ફાળવણી થાય ત્યારે સ્થાનિક વિકાસને વેગ મળે છે. ગામડાની શાળાઓમાં જરૂરી સુવિધાઓ ઊભી થાય છે, તાલુકાની હોસ્પિટલોમાં દવાઓ અને સાધનો ઉપલબ્ધ બને છે તથા શહેરોમાં રસ્તા, પાણી, વીજળી અને જાહેર સુવિધાઓનો વિસ્તાર થાય છે. વિકાસનું સાચું કેન્દ્ર દિલ્હી નહીં, પરંતુ દેશનાં ગામડાં અને શહેરોમાં વસતો સામાન્ય નાગરિક છે.ગુજરાત માટે પણ આ દિવસ વિશેષ મહત્ત્વ ધરાવે છે. ભાવનગરમાં ભારતીય વાયુસેના દ્વારા પ્રથમ વખત ભવ્ય એર સૂર્યકિરણ શોનું આયોજન કરવામાં આવ્યું અને નાગરિકોને વાયુસેનાની અદભુત ક્ષમતા તથા શિસ્તબદ્ધ કામગીરી નિહાળવાની તક મળી. આ પ્રકારનાં આયોજનથી યુવાનોમાં રાષ્ટ્રીય સુરક્ષા પ્રત્યે જાગૃતિ વધે છે અને દેશની સંરક્ષણ શક્તિ વિશે ગૌરવની લાગણી જન્મે છે.આ જ દિવસે નર્મદા જિલ્લાના સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાનિધ્યમાં રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ માત્ર એક મહાન નેતાને યાદ કરવાનો પ્રસંગ નથી, પરંતુ તેમણે રાષ્ટ્રના એકીકરણ માટે કરેલા અસાધારણ યોગદાનને સમજવાનો અવસર પણ છે. સ્વતંત્રતા પછી પદ્ર રજવાડાંઓને એક ભારતના માળખામાં જોડવાનું ઐતિહાસિક કાર્ય સરદારે અડગ ઇચ્છાશક્તિ અને રાજકીય કુનેહથી પાર પાડ્યું હતું.

આજે એ જ એકતાની ભાવનાને નવી પેઢી સુધી પહોંચાડવાની જરૂર છે. ભારત પર્વ ૨૦૨૬ જેવા આયોજનો દેશની વિવિધતાને એક મંચ પર લાવવાનું કાર્ય કરે છે. દેશનાં અલગ-અલગ રાજ્યોની સંસ્કૃતિ, પરંપરા, કલા, સંગીત અને ખાનપાન એક જ સ્થળે જોવા મળે ત્યારે ભારતની સાંસ્કૃતિક સમૃદ્ધિનો પરિચય થાય છે. ભાષા અલગ હોઈ શકે, પહેરવેશ જુદો હોઈ શકે અને તહેવારોની ઉજવણીની રીત પણ અલગ હોઈ શકે, પરંતુ રાષ્ટ્ર પ્રત્યેની લાગણી અને એકતાનો સંકલ્પ સૌનો સમાન છે.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નાશિકમાં સિંહસ્થ મહાકુંભ ૨૦૨૭ના ધ્વજપૂજનથી લઈને દિલ્હીમાં સરદાર પટેલને શ્રદ્ધાંજલિ આપવા સુધીના વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધો.

વૃદ્ધાશ્રમે માબાપને મળવા ઉપડ્યા બે ભાઈઓ...







વર્ષો પછી શહેરમાંથી માબાપને મળવા માટે ગામડે મોટાભાઈને ઘેર આવેલા નાનાભાઈને માબાપનો મેળાપ ન થયો ત્યારે મોટાભાઈએ રડમસ અવાજે તેને સાથે લઈને વૃદ્ધાશ્રમ ભણી દોર્યો...

આજે અડતાલીસ વરસે એને માબાપને જોવાની અભિલાષા ન થઈ હોત તો એ નિવૃત્ત થઈને આમ આ ગામમાં આવ્યો જ ન હોત. પણ આખરે તો પોતાની જનમ ભોમકા એટલે સ્વર્ગ.. અને માબાપની આશિષ કેમે ય કરીને એના મનમાંથી જતાં નથી. એટલે તેમનામાં જીવ વળગ્યો રહેતો હતો. એટલે શહેરી નોકરીમાંથી નિવૃત્ત થતાં જ ગામ ભણી એ દોડીને આવ્યો હતો. આજની રાતે આવ્યો અને આવતીકાલની રાતે નીકળી જવાની શરત મનમાં બકીને જ આવ્યો હતો. પછી ભલેને આખી ય જિંદગી શહેરી પ્રદૂષણોની જેલ ભોગવવી પડે ને ત્યાં રહી ગૂંગળામણમાં સબડવું પડે !

ગામની સીમ તરફ તે વહેતો થયો. એના મનમાં ભૂતકાળમાં થયેલાં સંવાદો પડઘાતા હતાં, જ્યાં એક ગામડાનો પોતે જણ નહીં પણ શહેરની સીમા પરની એક વસાહતનો પ્રદૂષિત માણસ હતો, જ્યાં તેના માબાપે ક્યારેય રહેવા આવવાનો સ્વીકાર કર્યો નહોતો.

તેણે પોતાના ગામ તરફની દિશા પકડી. માદરે વતનનો સાદ અને માબાપની મમતા તેને ખેંચી રહ્યાં હતાં. પણ શહેરીકરણની જેલ કરતાં ય બેકાર ગામડાના વિચારથી એનો આત્મા વધારે કકળતો હતો. ગામડું આજે પણ ખેતીના વ્યવસાયથી બેહાલની યાદીમાં ગણાય છે ..! આજે અંધકારની ચાદર ઓઢીને અડતાલીસ વર્ષ પછી પણ આ ગામ સુષુપ્ત અવસ્થામાં પડ્યું છે.

જૂનવાણી શેરીમાં સામે જ વાદળી ખડકીમાં એના મોટાભાઈનો પરિવાર રહેતો હતો. એણે ધીમા નાદે ખડકીની કડી ખખડાવી એટલે અંદરથી ખાંસતો અવાજ આવ્યો: "કોણ...?"

"એ તો હું..." તેણે દબાયેલાં અવાજે કહ્યું : "ખોલોને ભાઈ."

"હું એટલે કોણ..?" બારણું ખૂલતાની સાથે જ તે મોટાભાઈની સામે આવી ઊભો રહ્યો. મોટાભાઈ તેને જોઈ રહ્યા. અડતાલીસ વરસ પહેલાં જોયેલાં એ મોટાભાઈ હવે વૃદ્ધ થવા માંડ્યા હોય એવા દેખાતા હતાં.

"બોલો ભાઈ- શું હતું?" મોટાભાઈએ પૂછ્યું "અટાણે આટલા વર્ષો પછી શું કામ પડ્યું."

"હું ત્રિકમદાસ છું, મોટાભાઈ-" તે જુકીને મોટાભાઈને પગે લાગ્યો. મોટાભાઈની ઝાંખી આંખે ઓળખ કળી ન હતી. પણ મોટાભાઈએ એને ઝડપભેર અંદર લઈને ખડકીની બારી બંધ કરી દીધી. પછી બત્તી કરી તેની સામે તાકી રહ્યા: "ત્રિકમ એટલે...? ત્રિકો. મારો ભાઈ..?"

"હા- મોટાભાઈ " તેણે હરખભેર કહ્યું : "તમારો નાનકો, મને ઓળખ્યો નહીં?"

"નાનું ? તું આટલા વરસે ભૈલા..?" મોટાભાઈ એનો ચહેરો કળવા સાવ નજીક આવી ગયા : "પણ અમે એ જ જાણ્યું કે તું એટલે અહીંથી ખૂબ આઘેઆઘે મોટા શહેરમાં ખમતીધર..., તે અમને ભુલી ગ્યો... ! "

"હું શહેરમાં ભરાઈ પડ્યો એ તો મારું મન જાણે છે, ભાઈ.." તેણે ભાઈના ખભા પકડી લીધાં અને રડી પડ્યો : "હું ખમતીધર નથી, મોટાભાઈ શહેરી પ્રદૂષણોથી છટકીને બચી ગયો છું."

"કોણ છે ?" એકાએક અંદરથી ઓરડાનું કમાડ ખુલવાનો અવાજ આવ્યો અને સાથે સાથે જ મોટાભાઈના પત્ની બહાર આવ્યા. એણે બત્તીના અજવાળામાં ત્રિકમ સામે જોઈને પૂછ્યું: "કોઈ મહેમાન છે?"

"ના મહેમાન નથી." મોટાભાઈએ ખડકી વાળી મેડી નીચેની બત્તીની સ્વીચ બંધ કરતાં કહ્યું: "મારા જૂના ભાઈબંધ છે, તું તારે સૂઈ જા. "

ને એ બાઈ એક અછડતી નજર ત્રિકમ સામે ફેંકીને ચાલી ગઈ. પણ ત્રિકમ કકળી ગયો. એણે મોટાભાઈનો હાથ પકડીને પૂછ્યું : "આ મારા ભાભી છે મોટાભાઈ...?" તેની ધીરજ ખૂટી હતી: "મારી ભાભી ક્યાં છે... મોટાભાઈ...?"

"નાનકા-અત્યારે સૂઈ જા સવારે વાત કરીશું-" મોટાભાઈ આગળ બોલે એ પહેલાં ભાભીનો ઓંસરીમાંથી અવાજ સંભળાયો, એટલે મોટાભાઈ એની તરફ ગયા. ત્રિકમ ખાટલામાં જ બેસી પડ્યો. એને બહુ માઠા વિચાર આવવા માંડ્યા. ક્યાંક માબાપને તરફડાવી તરફડાવીને આ લોકોએ કાઢી મેલ્યા હશે ? ના, ના એવું તો મોટાભાઈ થવા ન દે, તો કદાચ ભાભીએ તેમને ઘરમાંથી કાઢી મૂક્યા હોય. તો તો આ કવાડભીનું કાશળ અહીં ને અહીં જ કાઢી નાંખું. એવા વિચાર કરતાં ત્રિકમને ભાઈ અને ભાભીના સંવાદો કાને પડ્યા.

"આ અટાણે આંય શું કામ આવ્યો છે..?" ભાભી ઉતાવળા અવાજે બોલી, પણ ભાઈએ એને ટકોર કરી : "ધીમી બોલ... ઈ ડેલીએ બેઠો સાંભળે છે."

"પણ ઈ આવ્યો છે શું કામ ઈ તો પૂછો..?" ભાભી ચિઢાઈ ગઈ: "કપાતર અરધી રાતે શું આવ્યો?"

"મારી જાણે ભૂખ." મોટાભાઈ બોલ્યા: "મને શી ખબર...?"

"માબાપને યાદ કર્યાં. ?" ભાભીએ પૂછ્યું : "ઈ ને કહી દેજો કે આંય માબાપનું નામે ય નો લે.. હોં. ?"

"ઈમ ક્યાંથી કેવાય...? ગાંડી..?" મોટાભાઈએ કહ્યું: " ઈ એમનું પેટનું સંતાન છે.."

"ઈનું સંતાન છે તો આજ લગી ક્યાં ગ્યો હતો..?" ભાભી ખૂન્નસથી બોલી : "ખબરદાર ઈનો ટાંટિયો આ ઘરમાં લાવ્યા છો તો ઈને બારણેથી જ વહેતો કરી મૂકજો."

"ઈ ને મારાથી જાકારો ના અપાય." મોટાભાઈ બોલ્યા: "મારા માવતરનું સંતાન છે ઈ. ઈ તો એમના ઘડપણની લાકડી છે.. સમજ્યા." ભાઈ રડી પડ્યા : " માબાપે પોતાના પેટથી વધારે પંપાળીને મોટો કર્યો છે. "

મોટાભાઈ બહાર આવ્યા ત્યારે ત્રિકમ ખડકીની બારીમાંથી બહાર નીકળતો હતો. મોટાભાઈએ એને સાદ કર્યો: "નાનકા ક્યાં હાલ્યો ભાઈ ? ઊભો તો રે..." ને મોટાભાઈ તેની પાછળ આવ્યા.

"મને રોકશો નહીં મોટાભાઈ. " ત્રિકમે ઊભા રહી જતાં કહ્યું : "પણ તમે એક કામ કરશો..?"

"શું..? મોટાભાઈએ પૂછ્યું."

"હું તો માબાપનું મોઢું જોવા જ આવ્યો હતો..એને સાજાં નરવા જોઉં એટલે મારા મનને ધરવ થાય.. "

ને ત્રિકમ એના દુબળા દેહ ઉપર દુ:ખની ચાદર ઓઢીને ચાલતો થયો !

મોટાભાઈ રડમસ અવાજે માંડ માંડ બોલ્યા, " માબાપને મળવા માટે તો ભાઈ નાનું ! હવે આપણે વૃદ્ધાશ્રમમાં. જઈએ... !

અલપ જલપ -ડો. મનહર ઠાકર

સ્વચ્છતાનો ઉત્સવ: દિવાળી

ભારતીય સંસ્કૃતિ એ ઋતુઓ, તહેવારો અને પરંપરાઓનો અદ્ભુત સંગમ છે. આપણા દેશમાં દરેક તહેવાર પાછળ કોઈ ને કોઈ ગહન વૈજ્ઞાનિક, આધ્યાત્મિક કે સામાજિક કારણ છુપાયેલું હોય છે. આવો જ એક મહાન તહેવાર છે દિવાળી, જે માત્ર દીવાઓનો ઉત્સવ નથી, પરંતુ સ્વચ્છતાની પરંપરાની ઉજવણી કરતો તહેવાર પણ છે. દિવાળી નજીક આવતાની સાથે જ આપણા ઘરોમાં સફાઈ અભિયાન શરૂ થાય છે. ઘરની દીવાલો પર સફેદી કરવામાં આવે છે, ખૂણે ખૂણે ઝાડુ ફરે છે, જૂનું કચરો બહાર કાઢવામાં આવે છે અને આખું ઘર નવું નકોર લાગવા લાગે છે. પરંતુ ફક્ત દિવાળી પર જ સફાઈ અને સફેદી કેમ કરવામાં આવે છે? જો આપણે ઊંડાણપૂર્વક વિચારીએ તો આ પરંપરા આપણા ઋષિ-મુનિઓ અને પૂર્વજોના ગહન જ્ઞાન સાથે જોડાયેલી છે.

આપણા શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે, "યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા:" એટલે કે જ્યાં સ્ત્રીઓનું પૂજન થાય છે, ત્યાં દેવતાઓ રમણ કરે છે. એવું પણ માનવામાં આવે છે કે "યત્ર સ્વચ્છતા તત્ર લક્ષ્મી" અર્થાત્ જ્યાં સ્વચ્છતા હોય છે, ત્યાં દેવી લક્ષ્મીનો વાસ હોય છે. દિવાળી પર દેવી લક્ષ્મીની પૂજા કરવામાં આવે છે. ધાર્મિક માન્યતા અનુસાર, દેવી લક્ષ્મી દિવાળી પર પૃથ્વી પર આવે છે. તે એવા ઘરમાં પ્રવેશ કરે છે અને કાયમ માટે રહે છે જે સંપૂર્ણપણે સ્વચ્છ, વ્યવસ્થિત અને પ્રકાશિત હોય છે. ગંદકી અને કચરાને ગરીબી એટલે કે અલક્ષ્મીનું પ્રતીક માનવામાં આવે છે. જે ઘર સ્વચ્છ હોય છે તેને દેવી લક્ષ્મીનું નિવાસસ્થાન માનવામાં આવે છે, જ્યારે જે ગંદુ હોય છે તેને દેવી લક્ષ્મીની બહેન અલક્ષ્મીનું નિવાસસ્થાન માનવામાં આવે છે.

આ પરંપરા પાછળ એક ઊંડો સામાજિક અર્થ પણ છુપાયેલો છે. દિવાળી એ ખેતીની લણણીનો તહેવાર છે. ખેડૂતો પોતાના ખેતરમાંથી અનાજ લણીને ઘરે લાવે છે. આ સમયે ઘરમાં અનાજ, ધન અને સંપત્તિ એકઠી થાય છે. જો ઘર ગંદુ હોય તો જંતુઓ, ઉંદરો અને રોગોનું જોખમ વધે છે. તેથી અનાજને સુરક્ષિત રાખવા માટે ઘરની સંપૂર્ણ સફાઈ કરવી જરૂરી બને છે. આ જ કારણ છે કે દિવાળી પહેલાં ઘરની સંપૂર્ણ સફાઈ, મરામત અને સફેદી કરવામાં આવે છે. આમ, આ પરંપરા માત્ર ધાર્મિક આસ્થા નથી, પરંતુ આરોગ્ય અને સ્વચ્છતાનું વૈજ્ઞાનિક મહત્વ પણ ધરાવે છે.

દિવાળીની સફાઈનું બીજું એક પાસું પણ છે. આ સમયે આખું પરિવાર સાથે મળીને સફાઈ કરે છે. દાદા-દાદી, માતા-પિતા અને બાળકો સૌ સાથે મળીને ઘરને સ્વચ્છ બનાવે છે. આ સામૂહિક શ્રમ પરિવારમાં એકતા અને સહકારની ભાવના વિકસાવે છે. બાળકોને નાનપણથી જ સ્વચ્છતાનું મહત્ત્વ સમજાય છે. આ રીતે દિવાળીની સફાઈ માત્ર ઘરની સફાઈ નથી, પરંતુ મન, તન અને સંબંધોની પણ સફાઈ છે. જૂની વસ્તુઓ ફેંકીને નવી વસ્તુઓ લાવવાની પરંપરા જીવનમાં નવીનતા અને તાજગી લાવે છે. ઘરના દરેક ખૂણાને સાફ કરીને આપણે ભૂતકાળના બોજને ઉતારી નાખીએ છીએ અને નવા ભવિષ્યનું સ્વાગત કરીએ છીએ.

દિવાળીના દિવસે દીવા પ્રગટાવવાની પરંપરા પણ સ્વચ્છતા સાથે જોડાયેલી છે. જ્યાં પ્રકાશ હોય છે ત્યાં અંધકાર રહી શકતો નથી. દીવો પ્રગટાવવો એ અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરીને જ્ઞાનરૂપી પ્રકાશને પ્રગટાવવાનું પ્રતીક છે. સ્વચ્છતા પણ એક પ્રકારનો પ્રકાશ છે, જે આપણા જીવનમાંથી અંધકાર, રોગ અને નકારાત્મકતાને દૂર કરે છે. જે ઘર સ્વચ્છ અને પ્રકાશિત હોય છે, ત્યાં સકારાત્મક ઊર્જા પ્રવેશે છે. આ ઊર્જા પરિવારના સભ્યોના મન અને તન બંનેને સ્વસ્થ રાખે છે. આથી દિવાળી પર દીવા પ્રગટાવવા અને સફાઈ કરવી એ બંને એક જ સંદેશ આપે છે—પ્રકાશ અને પવિત્રતાનો સંદેશ.

વધુમાં, દિવાળીની સફાઈ આપણને પર્યાવરણ પ્રત્યે પણ જાગૃત કરે છે. આજે જ્યારે પર્યાવરણ પ્રદૂષણથી પીડિત છે, ત્યારે દિવાળીની પરંપરા આપણને યાદ કરાવે છે કે સ્વચ્છતા માત્ર ઘર પૂરતી નથી, પરંતુ આખા પર્યાવરણની સ્વચ્છતા પણ જરૂરી છે. પ્લાસ્ટિક અને કચરાને યોગ્ય રીતે નિકાલ કરવો, પાણી અને હવાને સ્વચ્છ રાખવો એ પણ દિવાળીના સંદેશનો ભાગ છે. આમ, દિવાળી એ સ્વચ્છતાનો, પ્રકાશનો અને નવીનીકરણનો ઉત્સવ છે. આપણે આ પરંપરાને માત્ર એક ધાર્મિક વિધિ તરીકે નહીં, પરંતુ જીવનશૈલીના અંગ તરીકે અપનાવવી જોઈએ. જ્યાં સ્વચ્છતા છે, ત્યાં લક્ષ્મી છે, ત્યાં સુખ છે અને ત્યાં સ્વાસ્થ્ય છે. આ જ દિવાળીનો સાચો સંદેશ છે.

પ્રદુષણ ઘટાડવા માટે ઇલેક્ટ્રિક કાર શ્રેષ્ટ વિકલ્પ

શહેરોમાં હવાની ગુણવત્તા સુધારવા અને વાહનોથી થતા પ્રદૂષણને ઘટાડવા માટે આ ટેક્નોલોજી ઉપયોગી બની શકે છે. જોકે વીજળીના ઉત્પાદન માટે કયા ઊર્જાોતનો ઉપયોગ થાય છે તે પણ પર્યાવરણની દૃષ્ટિએ એટલું જ મહત્ત્વનું છે.

પેટ્રોલ અને ડીઝલના યુગમાંથી બહાર આવીને વિશ્વ હવે વીજળીથી ચાલતી ગાડીઓના નવા યુગ તરફ આગળ વધી રહ્યું છે. એક સમય હતો જ્યારે ઇલેક્ટ્રિક કાર માત્ર વૈજ્ઞાનિક કલ્પના લાગતી હતી, પરંતુ આજે તે સામાન્ય માણસના જીવનમાં સ્થાન મેળવવાની દિશામાં ઝડપથી આગળ વધી રહી છે. આ પરિવર્તન માત્ર વાહનવ્યવહારની નવી પદ્ધતિ નથી, પરંતુ પર્યાવરણની સુરક્ષા, ઊર્જાની બચત અને ટેક્નોલોજીના વિકાસ સાથે જોડાયેલી એક મોટી ક્રાંતિ છે.

વિશ્વના અનેક દેશોમાં ઇલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ સતત વધી રહ્યો છે. ભારત પણ આ પરિવર્તનમાં પાછળ નથી. વાહન ઉદ્યોગમાં નવી ટેક્નોલોજી, બેટરી સંશોધન, ચાર્જિંગ વ્યવસ્થા અને સ્થાનિક ઉત્પાદનના ક્ષેત્રમાં અનેક નવી પહેલ થઈ રહી છે. ખાસ કરીને ઇલેક્ટ્રિક કારના આગમનથી વાહન ઉદ્યોગનું પરંપરાગત માળખું બદલાઈ રહ્યું છે. હવે વાહન ખરીદતી વખતે માત્ર તેની કિંમત, દેખાવ અને માઇલેજ જ નહીં, પરંતુ બેટરીની ક્ષમતા, એક વખત ચાર્જ કર્યા પછી મળતું અંતર અને ચાર્જિંગનો સમય પણ મહત્ત્વના માપદંડ બની રહ્યા છે.

ઇલેક્ટ્રિક વાહનોની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં પેટ્રોલ કે ડીઝલથી ચાલતા એન્જિનની જગ્યાએ ઇલેક્ટ્રિક મોટરનો ઉપયોગ થાય છે. બેટરીમાં સંગ્રહિત વીજળીથી મોટર ચાલે છે અને વાહન આગળ વધે છે. પરિણામે વાહનમાંથી સીધો ધુમાડો નીકળતો નથી. શહેરોમાં હવાની ગુણવત્તા સુધારવા અને વાહનોથી થતા પ્રદૂષણને ઘટાડવા માટે આ ટેક્નોલોજી ઉપયોગી બની શકે છે. જોકે વીજળીના ઉત્પાદન માટે કયા ઊર્જાસ્રોતનો ઉપયોગ થાય છે તે પણ પર્યાવરણની દૃષ્ટિએ એટલું જ મહત્ત્વનું છે.

ભારતમાં ઇલેક્ટ્રિક વાહનોની સ્વીકૃતિ વધી રહી હોવાના આંકડા પણ આશાસ્પદ છે. નીતિ આયોગના ઇન્ડિયા ઇલેક્ટ્રિક મોબિલિટી ઇન્ડેક્સ ૨૦૨૫ના અહેવાલ મુજબ, વર્ષ ૨૦૧૮માં કુલ વાહન વેચાણમાં ઇલેક્ટ્રિક વાહનોનો હિસ્સો માત્ર અડધા ટકા જેટલો હતો, જે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં વધીને આશરે ૮.૨૫ ટકા થયો છે. દેશમાં ૮૭ લાખથી વધુ ઇલેક્ટ્રિક વાહનો રસ્તા પર દોડી રહ્યાં હોવાનો અંદાજ પણ આ અહેવાલમાં રજૂ કરવામાં આવ્યો છે. ખાસ કરીને ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર ક્ષેત્રમાં આ પરિવર્તન વધુ ઝડપથી જોવા મળે છે. હવે ઇલેક્ટ્રિક કારનું વેચાણ પણ નવી ગતિ પકડી રહ્યું છે.

ઓક્ટોબર ૨૦૨૬માં ભારતમાં ઇલેક્ટ્રિક કારના વેચાણમાં ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં લગભગ બમણો વધારો નોંધાયો હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ આંકડા દર્શાવે છે કે ગ્રાહકો ધીમે ધીમે નવી ટેક્નોલોજી તરફ વળી રહ્યા છે. વાહન ઉત્પાદક કંપનીઓ પણ વધુ અંતર કાપી શકે તેવી બેટરી, ઝડપી ચાર્જિંગ અને આધુનિક સુરક્ષા સુવિધાઓ ધરાવતી કાર બજારમાં રજૂ કરી રહી છે.

કેન્દ્ર સરકારની પીએમ ઈ-ડ્રાઇવ યોજના પણ આ પરિવર્તનને વેગ આપવાનો પ્રયાસ કરી રહી છે. આ યોજનાનો મૂળ ખર્ચ ?૧૦,૯૦૦ કરોડ હતો, જેને ઓગસ્ટ ૨૦૨૬માં વધારીને ?૧૧,૯૦૦ કરોડ કરવામાં આવ્યો છે. યોજનાની સમયમર્યાદા પણ માર્ચ ૨૦૨૮ સુધી લંબાવવામાં આવી છે. આ યોજના ઇલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા ઉપરાંત ઇલેક્ટ્રિક બસો, ટ્રકો, એમ્બ્યુલન્સ અને ચાર્જિંગ સુવિધાઓના વિકાસને પણ સહાય આપે છે. ઇલેક્ટ્રિક વાહનોની ખરીદીનો પ્રારંભિક ખર્ચ ઘટાડવા માટે સરકાર દ્વારા આપવામાં આવતું પ્રોત્સાહન પણ ગ્રાહકો માટે ઉપયોગી બની શકે છે.

આસપાસ ચોપાસ સુરેશ ભટ્ટ

પરંતુ આ ક્ષેત્રમાં કેટલીક વ્યવહારુ મુશ્કેલીઓ પણ છે. ઇલેક્ટ્રિક કારની ખરીદી માટે શરૂઆતમાં વધુ રકમ ખર્ચવી પડે છે. બેટરીની કિંમત, તેની લાંબા ગાળાની કામગીરી અને ભવિષ્યમાં બદલવાની જરૂરિયાત અંગે ગ્રાહકોમાં પ્રશ્નો રહે છે. લાંબી મુસાફરી દરમિયાન ચાર્જિંગ સ્ટેશન ઉપલબ્ધ ન હોય તો મુશ્કેલી ઊભી થઈ શકે છે. ખાસ કરીને નાના શહેરો, ગામડાં અને હાઈવે પર પૂરતી ચાર્જિંગ વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે.

આ સમસ્યાઓના ઉકેલ માટે સૌપ્રથમ ચાર્જિંગ સ્ટેશનનું મજબૂત નેટવર્ક ઊભું કરવું જોઈએ. શહેરોના જાહેર પાર્કિંગ, પેટ્રોલ પંપ, શોપિંગ સેન્ટર, રહેણાક વિસ્તારો અને હાઈવે પર ઝડપી ચાર્જિંગ સુવિધા ઉપલબ્ધ થવી જોઈએ. ચાર્જિંગ સ્ટેશન ક્યાં આવેલું છે અને ત્યાં ચાર્જિંગની સુવિધા ઉપલબ્ધ છે કે નહીં તેની માહિતી મોબાઇલ એપ્લિકેશન દ્વારા સરળતાથી મળી શકે તેવી વ્યવસ્થા પણ હોવી જોઈએ. આ સુવિધા માત્ર મહાનગરો પૂરતી મર્યાદિત ન રહેતાં નાના શહેરો સુધી પહોંચે તે જરૂરી છે.બીજું મહત્ત્વનું ક્ષેત્ર બેટરી સંશોધન અને સ્થાનિક ઉત્પાદનનું છે. ભારતે વિદેશી બેટરી પરની નિર્ભરતા ઘટાડવા માટે સ્વદેશી ટેક્નોલોજી વિકસાવવી જોઈએ. વધુ સમય સુધી ચાલે, ઝડપથી ચાર્જ થાય અને ગરમ હવામાનમાં પણ સુરક્ષિત રહે તેવી બેટરીનું સંશોધન જરૂરી છે. બેટરીના પુનઃઉપયોગ અને રિસાયક્લિંગ માટે પણ વ્યવસ્થિત ઉદ્યોગ વિકસાવવો જોઈએ. જૂની બેટરીનો યોગ્ય નિકાલ ન થાય તો પર્યાવરણ સામે નવી સમસ્યા ઊભી થઈ શકે છે.



ત્રીજું, ઇલેક્ટ્રિક વાહનોને સામાન્ય માણસની પહોંચમાં લાવવા માટે તેની કિંમત ઘટાડવી જરૂરી છે. સ્થાનિક ઉત્પાદન વધારવું, સ્પર્ધાને પ્રોત્સાહન આપવું અને સરળ ધિરાણની સુવિધા ઊભી કરવી જોઈએ. સરકારી અને ખાનગી ક્ષેત્રો મળીને જાહેર પરિવહનમાં ઇલેક્ટ્રિક બસોનો ઉપયોગ વધારવો જોઈએ. શાળાઓ, હોસ્પિટલો અને સરકારી કચેરીઓમાં પણ જરૂરિયાત પ્રમાણે ઇલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ વધારી શકાય છે.ગુજરાત માટે પણ આ ક્ષેત્રમાં વિશાળ સંભાવનાઓ રહેલી છે. રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ, બંદરો, ધોરીમાર્ગો અને નવી ઊર્જાના ક્ષેત્રે થઈ રહેલા વિકાસનો લાભ ઇલેક્ટ્રિક વાહન ઉદ્યોગને મળી શકે છે. સૌર ઊર્જા અને પવન ઊર્જા સાથે ચાર્જિંગ વ્યવસ્થાને જોડવામાં આવે તો સ્વચ્છ ઊર્જાથી વાહનો ચલાવવાની દિશામાં મોટું પગલું ભરી શકાય છે. સ્થાનિક યુવાનોને બેટરી ટેક્નોલોજી, વાહન જાળવણી અને ચાર્જિંગ સ્ટેશનના સંચાલન અંગે તાલીમ આપવાથી રોજગારીની નવી તકો પણ ઊભી થઈ શકે છે.ઇલેક્ટ્રિક કારનું ભવિષ્ય માત્ર વાહન ઉત્પાદક કંપનીઓ કે સરકારના હાથમાં નથી. તેમાં ગ્રાહકોની જાગૃતિ, સંશોધન સંસ્થાઓની ભૂમિકા અને ઉદ્યોગ સાહસિકોની ભાગીદારી પણ એટલી જ જરૂરી છે. વાહન ખરીદતી વખતે તેની કિંમતની સાથે પર્યાવરણને થતો લાભ, વીજળીનો સ્ત્રોત અને લાંબા ગાળાનો ખર્ચ પણ ધ્યાનમાં લેવો જોઈએ.આજે ઇલેક્ટ્રિક કાર એક વિકલ્પ છે, પરંતુ આવતીકાલે તે વાહનવ્યવહારના મહત્ત્વના આધારસ્તંભોમાંથી એક બની શકે છે. ટેક્નોલોજીનો વિકાસ, યોગ્ય નીતિ, સસ્તી બેટરી અને વિશ્વસનીય ચાર્જિંગ વ્યવસ્થા આ પરિવર્તનને વધુ સફળ બનાવી શકે છે. વિકાસ એવો હોવો જોઈએ કે જેમાં પ્રગતિની સાથે પ્રકૃતિનું રક્ષણ પણ થાય. સ્વચ્છ હવા, ઊર્જાની બચત અને નવી રોજગારીના માર્ગો ખોલવાની ક્ષમતા ધરાવતી ઇલેક્ટ્રિક વાહન ક્રાંતિને યોગ્ય દિશા આપવી એ આજના સમયની જરૂરિયાત છે.

ભારત સામેની વનડે શ્રેણીમાં માર્ક ચેપમેન અને રચિન રવિન્દ્રનો ન્યુઝીલેન્ડ ટીમમાં સમાવેશ મુશ્કેલ

નવીદિલ્હી,

ભારત વિરુદ્ધ ન્યુઝીલેન્ડ વનડે શ્રેણી ફક્ત બે દિવસ દૂર છે. બંને ટીમો તેમની ટી ૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણી પૂર્ણ કર્યા પછી વનડે માટે તૈયારીઓ શરૂ કરવા જઈ રહી છે તે પહેલાં, એક મુખ્ય અને મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. એવું જાણવા મળ્યું છે કે ન્યુઝીલેન્ડના બે ખેલાડીઓ વનડે શ્રેણી શરૂ થાય તે પહેલાં જ બહાર થઈ ગયા છે, જેના કારણે ન્યુઝીલેન્ડને તેમની વનડે ટીમમાં ફેરફાર કરવાની ફરજ પડી છે.

પાંચ મેચની વનડે શ્રેણીનો પહેલો મેચ ૪ નવેમ્બરે રમાશે. આ મેચ માટે ટીમની જાહેરાત પહેલાથી જ થઈ ગઈ હતી. દરમિયાન, એવું જાણવા મળ્યું છે કે ન્યુઝીલેન્ડના માર્ક ચેપમેન અને રચિન રવિન્દ્ર હજુ સુધી તેમની ઈજાઓમાંથી સંપૂર્ણપણે સ્વસ્થ થયા નથી. બંને ખેલાડીઓ ટી ૨૦ શ્રેણીમાં પણ રમવાની અપેક્ષા રાખતા હતા, પરંતુ તેમની ઈજાઓએ તેમને બહાર રાખ્યા હતા. હવે,વનડે શ્રેણીમાં તેમનો ભાગ લેવાનું પણ લગભગ અશક્ય લાગેછે. માર્કચેપમેન હેમસ્ટ્રિંગ સ્ટ્રેનથી પીડાઈ રહ્યા છે. એવું જાણવા મળ્યું છે કે તેમને સંપૂર્ણપણે સ્વસ્થ થવામાં લગભગ બે અઠવાડિયા લાગશે. રચિન રવિન્દ્ર વિશે, તેમણે પ્રમોશનલ શૂટ દરમિયાન તેમના ખભાને અલગ કરી દીધો હતો. તેમને મેદાનમાં પાછા ફરવામાં પણ



સમય લાગશે.

આ દરમિયાન, ન્યુઝીલેન્ડ ક્રિકેટે જાહેરાત કરી છે કે ટિમ સીફર્ટને પ્રથમ ત્રણ વનડે માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. તેમણે ભારત વિરુદ્ધ ન્યુઝીલેન્ડ ટી ૨૦ શ્રેણી દરમિયાન ઈનિંગની શરૂઆત કરી હતી અને સારા ફોર્મમાં છે. અગાઉ, તેને છેલ્લી બે વનડે માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. આનો અર્થ એ થયો કે હવે સેફર્ટ આખી પાંચ મેચની શ્રેણી રમશે. વધુમાં, ક્રિકેટ બોર્ડે હેનરી નિકોલ્સ અને ડીન ફોક્સક્રોફ્ટને પણ ટીમમાં ઉમેર્યા છે. નિકોલ્સ ફક્ત પહેલી મેચ માટે ઉપલબ્ધ છે, જ્યારે ફોક્સક્રોફ્ટ છેલ્લી બે વનડેમાં રમશે. મેટ ફિશર પણ હવે બધી મેચોમાં રમી શકે છે. પહેલાં, તે ફક્ત છેલ્લી બે મેચમાં જ રમી રહ્યો હતો, પરંતુ હવે તેને પહેલી ત્રણ મેચ માટે પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.ભારત સામેની પહેલી ત્રણ વનડે માટે ન્યૂઝીલેન્ડની ટીમ: મિશેલ સેન્ટનર (કેપ્ટન), માઈકલ બ્રેસવેલ, ડેવોન કોનવે, જેકબ ડફી, મેટ ફિશર, હેનરી, કાયલ જેમીસન, ટોમ લેથમ (વિકેટકીપર), ડેરિલ મિશેલ, હેનરી નિકોલ્સ, ગ્લેન ફિલિપ્સ, ટિમ સેફર્ટ, નાથન સ્મિથ, વિલ યંગ, બ્લેર ટિકનર.

શાહરૂખ ખાને જન્મદિવસની શુભેચ્છાઓ માટે ચાહકોનો આભાર માન્યો : ખાસ નોંધ શેર કરી

મુંબઈ,

છેલ્લા કેટલાક વર્ષોથી, શાહરૂખ ખાન માટે તેમના જન્મદિવસ પર મધ્યરાત્રિએ મન્નતની બાલ્કનીમાં તેમના ચાહકોને શુભેચ્છા પાઠવવા આવવાની પરંપરા રહી છે. જો કે, આ વર્ષે, સુપરસ્ટાર થોડા સમય માટે તેમના બાંદ્રા બંગલાથી દૂર હોવાથી આ પરંપરા તૂટી ગઈ. ચાહકો હજુ પણ તેમના મનપસંદ સ્ટારને શુભેચ્છા પાઠવવા માટે તેમના ઘરની બહાર ભેગા થયા હતા, અને શાહરૂખે નિરાશ ન થયા. જોકે તેઓ રૂબરૂ દેખાયા ન હતા, તેમણે એક હસ્તલિખિત નોંધ શેર કરીને કૃતજ્ઞતા વ્યક્ત કરી.

શાહરૂખ ખાનના મુંબઈ સ્થિત નિવાસસ્થાન, મન્નતને તેમની આગામી ફિલ્મ "કિંગ" ના ખાસ



દ્રશ્યોથી શણગારવામાં આવ્યું હતું, જેનાથી ચાહકોમાં તેમના ૬૧મા જન્મદિવસ માટે ઉત્સાહમાં વધારો થયો હતો. સોમવારે મધ્યરાત્રિએ મન્નતની બહાર એકઠા થયેલા ચાહકોને ફિલ્મની ઝલક અને શાહરૂખનો સંદેશ જોવા મળ્યો. મન્નતની બહાર એક મોટા બોર્ડ પર શાહરૂખ ખાન દ્વારા ચાહકોને લખેલી એક હસ્તલિખિત નોંધ હતી. તેમાં લખ્યું હતું, "તમારી બધી શુભેચ્છાઓ અને પ્રેમ માટે આભાર. હું તમને પણ મારો પ્રેમ મોકલું છું." શાહરૂખે "ઘણો પ્રેમ અને એક મોટું આલિંગન" સાથે સમાપન કર્યું.

બોર્ડ પર ફિલ્મના કેટલાક સૌથી પ્રતિષ્ઠિત દ્રશ્યો પણ દર્શાવવામાં આવ્યા હતા, જેમાં સંવાદો શામેલ છે.

પાકિસ્તાન ક્રિકેટના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં રિઝવાન અને ઈમામ-ઉલ-હકને પડતા મૂકવામાં આવે તેવી શક્યતા

કરાંચી,

પાકિસ્તાન ક્રિકેટમાં મોટા ફેરફારો થઈ રહ્યા છે. મુખ્ય કોચ માઇક હેસને આગામી સીઝન માટે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં સામેલ થઈ શકે તેવા કેટલાક યુવા ખેલાડીઓના નામ સૂચવ્યા છે. દરમિયાન, અનુભવી ખેલાડીઓ મોહમ્મદ રિઝવાન અને ઈમામ-ઉલ-હકને આ વખતે મોટો ઝટકો લાગી શકે છે. અહેવાલો અનુસાર, બંને ખેલાડીઓને ૨૦૨૬-૨૭ સીઝન માટે સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ આપવામાં નહીં આવે તેવી શક્યતા છે.

પાકિસ્તાનના મુખ્ય કોચ માઇક હેસને બોર્ડને એવા યુવા ખેલાડીઓની યાદી સુપરત કરી છે જેમણે તાજેતરના સમયમાં તેમના પ્રદર્શન



અને ક્ષમતાથી પ્રભાવિત થયા છે. બોર્ડના એક અધિકારી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, અરાફત મિન્હાસ, સાદ બેગ, હસન નવાઝ, આકિબ જાવેદ, અલી રઝા, અહસાન દાનિયલ, સુફિયાન મુકીમ, માઝ સદકત, રઝાઉલ્લાહ, અઝાન અવૈસ, ઈમરાન રંધાવા, અબ્દુલ્લા ફઝલ અને ગાઝી ઘોરીનો સમાવેશ નવા સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં થઈ શકે છે. જ્યારે યુવા ખેલાડીઓના નામ લગભગ નિશ્ચિત માનવામાં આવે છે, ત્યારે બોર્ડે હજુ સુધી અનુભવી ક્રિકેટરો અંગે અંતિમ નિર્ણય લીધો નથી.પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના એક સૂત્રએ પીટીઆઈને જણાવ્યું હતું કે આ વખતે કેટલાક સિનિયર ખેલાડીઓને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ યાદીમાંથી બાકાત રાખવામાં આવી શકે છે. આમાં મોહમ્મદ રિઝવાન અને ઈમામ-ઉલ-હકનો સમાવેશ થાય છે. જો આવું થાય છે, તો તે પાકિસ્તાન ક્રિકેટના આ અનુભવી ખેલાડીઓ માટે મોટો ફટકો હશે.

ખરેખર, કોચ માઇક હેસન ખેલાડીઓની ફિટનેસ, મેદાન પર કોચિંગ સ્ટાફની વ્યૂહરચનાઓને અમલમાં મૂકવાની તેમની ક્ષમતા અને તેમની રમતમાં સતત સુધારો કરવાની તેમની તૈયારીને ટીમમાં સ્થાન જાળવી રાખવા માટે મહત્વપૂર્ણ માને છે.

'હોટેલ મોટેલ પટેલ' ફિલ્મનું ધમાકેદાર ગીત "લેટ્સ દિવાલી ડાન્સ!"

અમદાવાદ,

અપ્લાઈડ આર્ટ પ્રોડક્શન્સ ના બેનર હેઠળ બનેલી આગામી અને ચર્ચાસ્પદ યુએસએ પ્રોડક્શન ફિલ્મ 'હોટેલ મોટેલ પટેલ' નું નવું ઉત્સાહવર્ધક અને ફેસ્ટિવ ગીત "લેટ્સ દિવાળી ડાન્સ! સત્તાવાર રીતે રિલીઝ કરવામાં આવ્યું છે. હોલીવુડના જાણીતા દિગ્દર્શક અને નિર્માતા મિતેશ પટેલ દ્વારા નિર્મિત આ ફિલ્મ એનઆરઆઈ જીવનની રસપ્રદ વાર્તા પર આધારિત છે, જે આગામી માર્ચ ૨૦૨૭ માં સિનેમાઘરોમાં રિલીઝ થવા માટે સજ્જ થઈ રહી છે. દિવાળીના તહેવારની રંગત અને ઉત્સાહને વધારવા માટે તૈયાર કરાયેલ આ ડાન્સ નંબર અત્યારે સંગીત પ્રેમીઓમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

આ ગીતમાં બોલિવૂડના દિગ્ગજ અને જાણીતા ગાયકો શાન, સુરજ જગન અને યશિતા શર્મા એ પોતાના જોરદાર અવાજથી પ્રાણ ફૂંક્યા છે. ગીતનું સંગીત સ્મિત જય



દ્વારા આપવામાં આવ્યું છે, જ્યારે આકર્ષક બોલ વિનય દવે અને પ્રેમ ડી. દવે દ્વારા લખવામાં આવ્યા છે. ગીતની અંદર યુવાનોને થનગનાટ કરાવતી રૅપ લાઈન્સ કૃતાર્થ શાહ દ્વારા લખવામાં આવી છે.

ફિલ્મના દિગ્દર્શક અને નિર્માતા મિતેશ પટેલ છે, જેમના કુશળ માર્ગદર્શન હેઠળ આ ફિલ્મમાં કલાકારોની એકદમ દમદાર સ્ટારકાસ્ટ જોવા મળવાની છે. આ ફિલ્મમાં ફેડી દારૂવાલા, શ્રેણુ પરીખ, ઓમી વૈદ્ય, સુનીલ વિષરાણી, નીતા વ્યાસ, જય પંડ્યા, જય રાવલ, આઈશા પટેલ, સિઆના પટેલ, પર્વ પટેલ, લેરી એ. વુડ્સ, સ્ટેફની મેકરેનોલ્ડ્સ, મિહિર તલાસાનિયા, વિયાન પટેલ, અનાયા પટેલ જેવા પ્રખ્યાત કલાકારો પોતાની અભિનય પ્રતિભાથી દર્શકોના દિલ જીતવા માટે તૈયાર છે. ગીતનું સંગીત સંયોજન અને પ્રોડક્શન સૌરભ લોખંડે અને આકાશ કુમાર દ્વારા કરવામાં આવ્યું છે, જે ગીતને એક આંતરરાષ્ટ્રીય અને મોર્ડન બીટ્સ આપે છે.

જેલર-૨ નો દબદબો યથાવત : રજનીકાંતની ફિલ્મે વિશ્વભરમાં ૮૦૦ કરોડનો આંકડો પાર કર્યો

મુંબઈ,

'જેલર ૨' ૧૫ ઓક્ટોબરના રોજ રિલીઝ થયા પછીથી બોક્સ ઓફિસ પર મજબૂત કલેક્શન કરી રહી છે. નેલ્સન દિલીપકુમાર દ્વારા લખાયેલ અને દિગ્દર્શિત, આ તમિલ એક્શન થ્રિલર ફિલ્મ બ્લોકબસ્ટર છે. સુપરસ્ટાર રજનીકાંત અભિનીત આ ફિલ્મ કલાનિધિ મારન દ્વારા સન પિક્ચર્સ બેનર હેઠળ બનાવવામાં આવી છે. તે ૨૦૨૩ ની બ્લોકબસ્ટર "જેલર" ની સિક્વલ છે. ૧૭ દિવસથી વધુ સમય સુધી સિનેમાઘરોમાં ચાલ્યા પછી, આ ફિલ્મ હવે વિશ્વભરમાં બોક્સ ઓફિસ પર ?૮૦૦ કરોડનો આંકડો પાર કરી ચૂકી છે. ઈન્ડિયા ટીવીએ "જેલર ૨" ને ૫ માંથી ૩.૫ રેટિંગ આપ્યું છે.

પ્રારંભિક અંદાજ મુજબ, "જેલર ૨" એ ૧૮મા દિવસે ભારતમાં ૮,૯૦૬ શોમાંથી ચોખ્ખી ૧૧.૨૦ કરોડની કમાણી કરી છે. તમિલ વર્ઝનએ ૪,૨૮૭ શોમાંથી ૮ કરોડનું યોગદાન આપ્યું છે, જ્યારે હિન્દી વર્ઝનએ ૩,૫૯૨ શોમાંથી ૧.૭૫ કરોડની કમાણી કરી છે. તેલુગુ વર્ઝનએ ૭૭૭ શોમાંથી ૧ કરોડની કમાણી કરી છે, અને કન્નડ વર્ઝનએ ૨૫૦ શોમાંથી ૪.૫ મિલિયનની કમાણી કરી છે. આ સાથે, ભારતમાં ફિલ્મનું કુલ ગ્રોસ કલેક્શન ૫૩૩.૭૫ કરોડ અને નેટ કલેક્શન ૪૫૬.૩૦ કરોડ થયું છે.

રજનીકાંત ફિલ્મે વિદેશી બજારોમાં તેના ૧૮મા દિવસે ૩



કરોડની કમાણી કરી, જેનાથી તેની કુલ વિદેશી કમાણી ૨૭૩.૫૦ કરોડ થઈ ગઈ. આમ, 'જેલર ૨' એ વિશ્વભરમાં ૮૦૦ કરોડનો આંકડો પાર કરી દીધો છે, જેનાથી તેની કુલ ગ્લોબલ કમાણી ૮૦૭.૨૫ કરોડ થઈ ગઈ છે.

'જેલર ૨' ૨૦૨૬ ની બીજી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ છે. ઈન્ડિયન એક્સપ્રેસ અનુસાર, 'જેલર ૨' ૨૦૨૬ ની બીજી સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ બની છે. તેણે વિશ્વભરમાં ૮૦૭ કરોડથી વધુની કમાણી કરી છે, જે ફક્ત 'ધુરંધર: ધ રિવેન્જ' થી પાછળ છે. આ એક્શન-થ્રિલર ફિલ્મે સ્થાનિક બજારમાં ૫૩૩.૭૫ કરોડ (આશરે ૧.૨ મિલિયન) અને ૪૫૬.૩૦ કરોડ (આશરે ૧.૨ મિલિયન) ની કમાણી કરી છે. તે "૨.૦" ને વટાવીને ભારતમાં અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનારી તમિલ ફિલ્મ બની છે.

અનિરુદ્ધ રવિચંદરે "જેલર ૨" માટે ગીતો રચ્યા હતા. નેલ્સન દિલીપકુમાર દ્વારા દિગ્દર્શિત, "જેલર ૨" ૨૦૨૩ ની સુપરહિટ "જેલર" પછી રજનીકાંત અને દિગ્દર્શક રજનીકાંતને ફરીથી જોડે છે. સન પિક્ચર્સ દ્વારા નિર્મિત, આ સિક્વલ ૧૫ ઓક્ટોબરના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી.

રવિ તેજાની ફિલ્મ કાનૂની મુશ્કેલીમાં ફસાઈ : શ્રમ વિભાગે બાળ કલાકારને લઈને નિર્માતાઓને સમન્સ પાઠવ્યા

મુંબઈ,

દક્ષિણના પ્રખ્યાત અભિનેતા રવિ તેજા અભિનીત "ઈરુમુડી", કાનૂની વિવાદમાં ફસાઈ ગઈ છે. બાળ કલાકાર નક્ષત્રા અંગેની ફરિયાદ બાદ, તેલંગાણા શ્રમ વિભાગે ફિલ્મના નિર્માતાઓને નોટિસ ફટકારી છે. ફિલ્મના શૂટિંગ અને પ્રમોશનમાં એક સગીર છોકરી સામેલ હોવાની ફરિયાદ મળ્યા બાદ વિભાગે આ કાર્યવાહી કરી છે. આ મામલે ફિલ્મના નિર્માતાઓ, મૈત્રી મૂવી મેકર્સ સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

તેલંગાણા ટુડેના અહેવાલ મુજબ, જય લોક સત્તાના સ્થાપક-પ્રમુખ સી. મહેશ બાબુએ શ્રમ વિભાગમાં ફરિયાદ નોંધાવી છે, જેમાં નક્ષત્રાના કામના કલાકો, તેની ફી અને અન્ય મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા છે. રંગા રેડ્ડી ઝોનના સંયુક્ત શ્રમ કમિશનરે ૪ નવેમ્બરના રોજ પ્રોડક્શન હાઉસ સાથે બેઠક બોલાવી છે.

મીડિયા અહેવાલો અનુસાર, પ્રમોશનલ ઈવેન્ટ દરમિયાન ઉપયોગમાં લેવામાં આવેલી વાતચીત અથવા ભાષા બાળ કલાકારની ગરિમા અને સલામતીને અસર કરે છે કે કેમ તે પણ વિભાગ તપાસ કરશે.

વિભાગે જિલ્લા મેજિસ્ટ્રેટની પરવાનગી, માતાપિતાની સંમતિ, કામના કલાકો, હાજરી, શૈક્ષણિક વ્યવસ્થા અને સલામતીના પગલાં સંબંધિત દસ્તાવેજોની વિનંતી કરી છે. નિર્માતાઓને નક્ષત્રાની પ્રમોશનલ પ્રવૃત્તિઓમાં ભાગીદારીના રેકોર્ડ પણ પ્રદાન કરવા માટે કહેવામાં આવ્યું છે. તેમને તેની કમાણીના ૨૦% તેના નામે ફિક્સ ડિપોઝિટ ખાતામાં જમા કરવામાં આવ્યા છે કે કેમ તેની માહિતી પણ પ્રદાન કરવા માટે કહેવામાં આવ્યું છે. નિર્માતાઓને મીટિંગમાં જરૂરી દસ્તાવેજો લાવવાની સૂચના આપવામાં આવી છે.

તેલંગાણા શ્રમ વિભાગનું આ પગલું એવા સમયે આવ્યું છે જ્યારે રવિ તેજા "ઈરુમુડી" ના પ્રી-રિલીઝ ઈવેન્ટ દરમિયાન ટીકાનો સામનો કરી રહ્યા છે. નક્ષત્રાનો ઉલ્લેખ કરતી વખતે તેમના પર અપમાનજનક શબ્દનો ઉપયોગ કરવાનો આરોપ છે. ઓગસ્ટમાં આ ઈવેન્ટ દરમિયાન, બાળ કલાકારે તેમને પૂછ્યું, "તમે મને કયું ઉપનામ આપવા માંગો છો?" રવિએ બે વાર અપમાનજનક શબ્દનો ઉપયોગ કર્યો, જેના કારણે તેમની આસપાસના લોકો અસ્વસ્થતાથી હસવા લાગ્યા.

શબ્દ શોધો

ડ	શિ	ક	ડી	ર	ર	બા	સ	ભો	પ્રા	ચી	ફુ
ર	મ	કા	ધ	આ	વ	ધ	પ્ર	ર	સા	ણ	જ્ઞા
ફુ	બિ	રી	તી	બા	ત	સા	ભો	એ	બ	ન	ફ
ન	ગી	તા	પ	સ	બં	ગી	ચ	ધ	રો	બં	કા
ર	ક્ષ	સ	કા	બં	ખ	મ	મ	બા	ફ	બ	ગુ
ધ	શિ	અ	જ્ઞા	વા	ક	અ	ચી	ણિ	શ	લા	ડ
જ્ઞા	બં	શિ	વિ	ગ	પ્ર	ફ	લ	જ	મ	મ	ર
મા	ણ	રી	ઝ	લ	સ	કા	લ	ડો	રો	ગં	કા
ગુ	બા	લ	ક	ળો	ભા	જ્ઞા	ઐ	વિ	ર	ન	અ
અં	મ	ચ	ક	ચા	ર	દ	બિ	કી	ગ	હિ	સ
બા	લ	ના	ર	ભો	આ	ભ	વા	ક	ભો	ળો	અ
ધ	ળ	ળ	મ	ગુ	મા	ન	બા	લ	ઓ	ક	એ

શબ્દ શોધો

ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

રણબીર કપૂરે "રામાયણ" ના પૌરાણિક પુષ્પક વિમાનની સરખામણી એલોન મસ્કની ઉડતી કાર સાથે કરી

મુંબઈ,

રણબીર કપૂરે તાજેતરમાં તેમની આગામી ફિલ્મ "રામાયણ" વિશે વાત કરી અને પ્રાચીન ભારતીય પૌરાણિક કથાઓની તુલના આધુનિક ટેકનોલોજી સાથે કરી. નિતેશ તિવારીની હિન્દુ મહાકાવ્ય પર આધારિત બહુપ્રતિક્ષિત ફિલ્મમાં ભગવાન રામનું પાત્ર ભજવનાર રણબીરે ખુલાસો કર્યો કે ભારતમાં ૫,૦૦૦ વર્ષ પહેલાં ઉડતી કાર અસ્તિત્વમાં હતી. તેમણે પૌરાણિક "પુષ્પક વિમાન"નો ઉલ્લેખ કરતી વખતે આ ટિપ્પણી કરી. સ્ટાર ટોક્સ ઈન્ટરવ્યુ દરમિયાન, રણબીર સાથે તેના સહ કલાકારો યશ, રવિ દુબે, રકુલ પ્રીત સિંહ અને દિગ્દર્શક નિતેશ તિવારી હતા. આખી ટીમે મહાકાવ્યને મોટા પડદા પર લાવવા અને તેની ભવ્યતાને ફરીથી બનાવવા અંગે ચર્ચા કરી.

વાતચીત દરમિયાન, યજમાનએ સમજાવ્યું કે મહાકાવ્યમાં દર્શાવવામાં આવેલા શસ્ત્રો અને અન્ય તત્વો એટલા અદ્ભુત હતા કે તેઓ આધુનિક ટેકનોલોજીને પણ ટક્કર આપી શકે છે. જ્યારે નિતેશ ફિલ્મ માટે આ પૌરાણિક તત્વોની પુનઃકલ્પના કરવાના તેમના અનુભવની ચર્ચા કરી, ત્યારે રણબીરે ટેસ્લાના સીઈઓ એલોન મસ્ક દ્વારા



કંપનીની બહુપ્રતિક્ષિત "રોડસ્ટર" ઉડતી કારના તાજેતરના પ્રદર્શનનો પણ ઉલ્લેખ કર્યો.

ટેસ્લાએ તાજેતરમાં તેની લાંબા સમયથી રાહ જોવાતી આગામી પેઢીની રોડસ્ટરનું અનાવરણ કર્યું હતું. આ ઈલેક્ટ્રિક સ્પોર્ટ્સ કારની જાહેરાત લગભગ એક દાયકા પહેલા કરવામાં આવી હતી. ૧૫ ઓક્ટોબરના રોજ ટેક્સાસમાં સ્પેસએક્સના રોકેટ ડેવલપમેન્ટ અને પરીક્ષણ સુવિધા ખાતે એક પ્રદર્શન દરમિયાન, વાહને અનેક અનોખા સ્ટંટ કર્યા. ઈલેક્ટ્રિક સુપરકાર એક મોટા વળાંકવાળા રેમ્પ પર ઊંધી મુસાફરી કરતી જોવા મળી હતી. પછી તે હવામાં પલટી ગઈ, થોડીક સેકન્ડ માટે હવામાં રહી, અને પછી સુરક્ષિત રીતે ઉતરી ગઈ. જોકે, રોડસ્ટર હજુ સુધી ખરીદી માટે ઉપલબ્ધ નથી.

હિન્દુ પૌરાણિક કથાઓ અનુસાર, દેવતાઓના શિલ્પી ભગવાન વિશ્વકર્માએ ભગવાન બ્રહ્મા માટે 'પુષ્પક વિમાન' બનાવ્યું હતું. ફિલ્મો અને શોમાં ભગવાન દ્વારા તેનો ઉપયોગ થતો દર્શાવવામાં આવ્યો છે. "રામાયણ" ના ટ્રેલરમાં રાવણનું પુષ્પક વિમાન પણ જોવા મળ્યું હતું. આ ફિલ્મ ૫ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ દિવાળીના દિવસે સિનેમાઘરોમાં રિલીઝ થશે. નિતેશ તિવારી દ્વારા દિગ્દર્શિત "રામાયણ" માં રણબીર કપૂર ભગવાન રામ, સાઈ પલ્લવી સીતા અને યશ રાવણ તરીકે છે. આ ફિલ્મમાં રવિ દુબે અને રકુલ પ્રીત સિંહ પણ મુખ્ય ભૂમિકામાં છે.

નારી એ માત્ર સૃષ્ટિનું સર્જન નથી, શક્તિનું સાક્ષાત્ સ્વરૂપ છે: રાજકોટમાં પ્રી સ્કૂલ એસોસિએશન દ્વારા ૨૦૦થી વધુ મહિલાઓનું 'નારી શક્તિ એવોર્ડ થી સન્માન



રાજકોટ:
પ્રી સ્કૂલ એસોસિએશન - રાજકોટ દ્વારા તારીખ , રવિવારના રોજ 'નારી શક્તિ - ૨૦૨૬' એવોર્ડ સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં સમાજમાં શિક્ષણ, સેવા, આરોગ્ય અને કલા સહિતના વિવિધ ક્ષેત્રોમાં અપ્રતિમ યોગદાન આપી સમાજને નવી દિશા આપનાર ૨૦૦થી પણ વધુ પ્રેરણારૂપ મહિલાઓને એવોર્ડ તથા સન્માનપત્ર એનાયત કરી ગૌરવપૂર્વક સન્માનિત કરવામાં આવી હતી.આ કાર્યક્રમના મુખ્ય સ્પોન્સર ગાર્ડી ઈન્ટરનેશનલ સ્કૂલ રહ્યા હતા. કાર્યક્રમને ભવ્ય સફળતા અપાવવામાં ગાર્ડી ઈન્ટરનેશનલ સ્કૂલના ડાયરેક્ટર અલ્પેશભાઈ જોશી તથા જીતેશભાઈ અસનાની દ્વારા આપેલા અમૂલ્ય સહયોગ બદલ પ્રી સ્કૂલ એસોસિએશન દ્વારા તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.આ સમારોહમાં ગુ.પ્રદેશ સનાતન ધર્મ સેવા સમિતિના અધ્યક્ષ વિજયભાઈ વાંક,ૈંઊંઈછ રાજકોટ જિલ્લાના પ્રમુખશ્રી વિજયભાઈ જોબનપુત્રા, ગાર્ડી ઈન્ટરનેશનલ સ્કૂલના ટ્રસ્ટી દિનેશભાઈ ચોવટિયા, દર્શનભાઈ પટેલ, ડેનિશભાઈ ભાલોડિયા, હેતલબેન સોની, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી યોગેન્દ્રસિંહ જાડેજા, વિશાલભાઈ નેનુજી, દીપકભાઈ ટાંક, સુનિલભાઈ પટેલ તથા નિશાબેન માંડેસહિતના ઉપસ્થિત રહી નારીશક્તિના યોગદાનને બિરદાવ્યું હતું.સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન પ્રી સ્કૂલ એસોસિએશનના પ્રમુખ પ્રતીકભાઈ મકવાણા, ઉપપ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા, મહામંત્રી મીનાક્ષીબેન મકવાણા, જનરલ સેક્રેટરી જ્યોત્સનાબેન પરમાર, જોઈન્ટ સેક્રેટરી જયદીપભાઈ જાવિયા, જોઈન્ટ સેક્રેટરી બ્રિજરાજસિંહ વાઘેલા તથા સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. ટીમના તમામ હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ કાર્યક્રમને ભવ્ય સફળતા અપાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

'સતર્કતા સપ્તાહ-૨૦૨૬; સત્યનિષ્ઠાથી સમૃદ્ધિ'

રાજકોટ પ્રાદેશિક માહિતી કચેરી ખાતે આજે 'સત્યનિષ્ઠા અને પારદર્શિતા'ના શપથ લેવાયા



રાજકોટ, દેશભરમાં ઉજવાઈ રહેલા 'સતર્કતા સપ્તાહ-૨૦૨૬' અંતર્ગત આજે પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ ખાતે અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા દેશમાં પ્રામાણિકતા, સત્યનિષ્ઠા અને ભ્રષ્ટાચાર મુક્ત વહીવટની સંકલ્પબદ્ધતા સાથે ભ્રષ્ટાચાર વિરોધી શપથ ગ્રહણ કરવામાં આવ્યા હતા.

આજે સવારે કચેરીના તમામ સ્ટાફે ભ્રષ્ટાચાર નિર્મૂલન માટે સતત સક્રિય રહેવાની અને જનહિતમાં કાર્ય કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. જેમાં નાયબ માહિતી નિયામક શ્રી પ્રશાંત ત્રિવેદી, સહાયક માહિતી નિયામક સર્વે શ્રી રાધિકા વ્યાસ, શ્રી પ્રિયંકા પરમાર, શ્રી સંદિપકુમાર કાનાણી ઉપરાંત અન્ય કર્મચારીઓ જોડાયા હતા.સતર્કતા સપ્તાહની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય સરકારી કામકાજમાં પારદર્શિતા વધારવા અને જનજાગૃતિ ફેલાવવાનો છે, જેથી સેવારત કર્મચારીઓ નાગરિકોને વધુ ઉત્તમ, ન્યાયી અને ભ્રષ્ટાચારમુક્ત સેવાઓ પૂરી પાડી શકે.

ઉલ્લેખનીય છે કે, ભ્રષ્ટાચારના નિર્મૂલન માટે જનજાગૃતિ લાવવા રાજ્ય સરકાર દ્વારા ગત તા.૩૧ ઓક્ટોબરથી ૦૬ નવેમ્બર દરમિયાન સતર્કતા જાગૃતિ સપ્તાહ ૨૦૨૬ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેની આ વર્ષની થીમ 'સત્યનિષ્ઠાથી સમૃદ્ધિ' નિર્ધારિત કરવામાં આવી છે. જે અંતર્ગત તમામ વિભાગો, વિભાગો હેઠળ ખાતાના વડા અને તેમના તાબા હેઠળની કચેરીઓ, બોર્ડ-નિગમો, જાહેર સાહસો અને સ્થાનિક સત્તા મંડળો દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની સનાતન વૈદિક પરંપરા, ઉપાસના અને દાર્શનિક વિશિષ્ટતાઓનું વિદ્વતાપૂર્ણ પ્રતિપાદન



રાજકોટ
હરિદ્વાર સ્થિત પતંજલિ વિશ્વ્વવિદ્યાલય તથા કેન્દ્રીય સંસ્કૃત વિશ્વ્વવિદ્યાલય, નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે આયોજિત ભારતીય વિદ્વત્ પરિષદની ૫૨મી અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદમાંવડતાલ લક્ષ્મીનારાયણ દેવ ગાદી પીઠાધિપતિ પ.પૂ.આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ ના આશીર્વાદ સાથે તથા શ્રી જીય્ફૅના અધ્યક્ષ સ્વામી શ્રી માધવપ્રિયદાસજી ના અધ્યક્ષ સ્થાને તથા સત્ર સંયોજક વડતાલ શ્રી સ્વામિનારાયણ મંદિરના ચેરમેન વિદ્વાન શાસ્ત્રી સ્વામી ડો. સંતવલ્લભદાસજીની પ્રેરક ઉપસ્થિતિમાં મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ગૌરવશાળી ઈતિહાસ, વૈદિક પરંપરા, તત્ત્વજ્ઞાન અને વિશિષ્ટ આધ્યાત્મિક યોગદાનને ઉજાગર કરતું વિશેષ સત્ર યોજાયું હતું.

આ પ્રસંગે હરિદ્વારના શાસ્ત્રી સ્વામી શ્રી હરિવલ્લભદાસજી , વડતાલ પાઠશાળાના સંચાલક સ્વામી હરિઓમપ્રકાશદાસજી, કેન્દ્રીય સંસ્કૃત વિશ્વ્વવિદ્યાલયના કુલપતિ પ્રો. શ્રીનિવાસ વરખેડીજી, પ્રો. એ. એસ. આરાવમુદન (LBS University), પ્રો. વાય. એસ. રમેશ (પૂર્વ નિયામક, CS જયપુર), પ્રો. અંબિકાદત્ત શાસ્ત્રી, પ્રો. સુકાંત સેનાપતિજી (પૂર્વ કુલપતિ, SSSU વેરાવળ), પ્રો. નરેન્દ્ર પંડ્યાજી (કુલપતિ, SSSU વેરાવળ), તથા દર્શનમ્ સંસ્કૃત સંસ્થાનના અધ્યક્ષ બી. વી. રામપ્રિયજી તથા સહિત અનેક સંતો અને વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા.સત્રનો વિષય પરિચય જાણીતા સાહિત્યકાર અને વિદ્વાન ડો. બળવંતભાઈ જાની એ કરાવ્યો હતો.

ત્યારબાદ સંપ્રદાયના વિદ્વાન સંતો શાસ્ત્રી ભાનુપ્રકાશદાસજી (પોરબંદર), શાસ્ત્રી સ્વામી યોગેશ્વરદાસજી (સરધાર) તથા શાસ્ત્રી સ્વામી સ્વરૂપદાસજી (રાજકોટ ગુરુકુળ)વગેરે એ સનાતન ધર્મ અને મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વિવિધ આધ્યાત્મિક, દાર્શનિક અને શાસ્ત્રીય પાસાઓ પર ઊંડાણપૂર્વક વિદ્વત્તાપૂર્ણ વક્તવ્યો આપ્યાં હતાં. તેમણે ભગવાન શ્રી સ્વામિનારાયણની વૈદિક-સનાતન ધર્મપરંપરાના સંવર્ધનમાં આપેલી અદ્વિતીય યોગદાન તેમજ મૂળ સંપ્રદાયની વિશિષ્ટ ઉપાસના, સિદ્ધાંતો, શાસ્ત્રીય પરંપરા અને સંતસંસ્કૃતિ પર વિશેષ પ્રકાશ પાડ્યો હતો.

સચીન શર્માજી એ સભા સંચાલન કર્યું હતું યોગઋષિ પરમ પૂજ્ય સ્વામી રામદેવજી મહારાજ તથા શ્રદ્ધેય આચાર્ય બાલકૃષ્ણજીના માર્ગદર્શન અને પ્રેરણાથી આ ભવ્ય બાવનમી પરિષદનું આયોજન થયું હતું.

તેરા તુજકો અર્પણ: રાજકોટમા ખોવાયેલા ૧૦.૯૨ લાખના ૫૧ મોબાઈલ ક્રાઈમ બ્રાંચે શોધી પરત આપ્યા



રાજકોટ,
રાજકોટ શહેર ક્રાઈમ બ્રાંચ દ્વારા ઓક્ટોબર મહિનામાં ગૂમ થયેલા ૫૦ લોકોના મોબાઈલ ફોન તેમજ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન હદમાંથી ચોરી થયેલો ૧ મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૧૦,૯૨,૪૯૭ની કિંમતના ૫૧ મોબાઈલ ફોન શોધી કાઢી 'તેરા તુજકો અર્પણ' ઝુંબેશ અંતર્ગત અરજદારોને તેમના ફોન પરત આપવામાં આવ્યા હતાં.

સીઈઆઈઆર પોર્ટલમાં સતત મોનીટરીંગ કરી ક્રાઈમ બ્રાંચની ટીમે મોબાઈલ ફોનને ટ્રેસીંગમાં મુકી શોધી કાઢયા હતાં અને જે તે અરજદારને પરત સોંપ્યાન હતાં. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલિક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ ભરત બી. બસીયાની સુચના અને માર્ગદર્શન હેઠળ પીઆઈ એ. એસ. ચાવડા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવની રાહબરીમાં એએસઆઈ ભુપતભાઈ કે. દેસાઈ તથા કોન્સી. નગ્માબેન એમ. સુમરાએ આ કામગીરી કરી હતી. ડીસીબી પીઆઈના હસ્તે લોકોને આ ફોન પરત અપાયા હતાં.

રાજકોટમાં કારડીયા રાજપૂત સમાજ દ્વારા સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજાયો



રાજકોટ:રાજકોટ ખાતે કારડીયા રાજપૂત સમાજ આયોજિત સરસ્વતી સન્માન સમારોહ યોજાઈ ગયો ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળા પૂર્વ ગવર્નર શ્રી વજુભાઈ વાળા મહેશભાઈ રાજપુત તેજસભાઈ ભટ્ટી સહિતના અગ્રણીઓએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી



રાજકોટ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ભારત દેશના લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલજીની ૧૫૧ મી જન્મજયંતિ 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પરિસરમાં સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશી, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યા, એક્ઝીકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ, કુલસચિવ ડો. અજયસિંહ જાડેજા, પરીક્ષા નિયામક ડો. ધીરેનભાઈ પંડ્યા, ભવનોના અધ્યક્ષશ્રીઓ - અધિકારીઓ તથા શૈક્ષણીક-બિનશૈક્ષણીક કર્મચારીઓએ પુષ્પાંજિલ અર્પણ કરી હતી.

વિશ્વ સ્ટ્રોક દિવસના અનુસંધાને જાગૃતિ સપ્તાહ નિમિત્તે એન. એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલના નિષ્ણાત તબીબોનો સંદેશ



રાજકોટ:
વિશ્વ સ્ટ્રોક દિવસના અનુસંધાને જાગૃતિ સપ્તાહ નિમિત્તે એન. એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ, રાજકોટના નિષ્ણાત તબીબોએ જણાવ્યું છે કે બ્રેઈન સ્ટ્રોક પ્રત્યેની જાગૃતિ માત્ર એક દિવસ કે સપ્તાહ પૂરતી મર્યાદિત ન રહેવી જોઈએ. દરેક વ્યક્તિએ પોતાની સાથે સ્વજનોના સ્વાસ્થ્ય પ્રત્યે પણ રોજિંદા જીવનમાં સતર્ક રહેવું જરૂરી છે. સ્ટ્રોકનાં ચેતવણીરૂપ લક્ષણોની જાણકારી રાખવી, પરિવારના સભ્યોને તે અંગે માહિતગાર કરવા અને અચાનક ચહેરો ઢળી જવો, હાથ કે પગમાં નબળાઈ આવવી અથવા બોલવામાં તકલીફ થવી જેવાં લક્ષણો દેખાય તો વિલંબ કર્યા વિના તબીબી મદદ મેળવવી જોઈએ. પરિવારજનોની સમયસર ઓળખ અને ઝડપી નિર્ણય દર્દીને વહેલી સારવાર અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.ન્યુરો સ્પાઈન સર્જન ડૉ. કાન્ત જોગાણીના જણાવ્યા અનુસાર, ચહેરો ઢળી જવો, શરીરની એક બાજુ નબળાઈ કે સુન્નતા અનુભવવી અને વાણી અસ્પષ્ટ થવી સ્ટ્રોકનાં મુખ્ય લક્ષણો છે. અચાનક દૃષ્ટિમાં ફેરફાર થવો અથવા સંતુલન ગુમાવવું પણ ચેતવણીનાં લક્ષણો હોઈ શકે છે. ઈન્ટરવેન્શનલ રેડિયોલોજિસ્ટ ડૉ. વિકાસ જૈન જણાવે છે કે અમુક પ્રકારના ઈસ્ચેમિક સ્ટ્રોકના દર્દીઓમાં 'મિકેનિકલ થ્રોમ્બેક્ટોમી'થી મગજની ધમનીમાં ફસાયેલો ગઠ્ઠો દૂર કરી શકાય છે. કાંડા અથવા સાથળના મૂળ પાસે નાનું છિદ્ર કરીને પાતળી નળી રક્તવાહિની મારફતે અવરોધ સુધી પહોંચાડાય છે. ત્યારબાદ વિશેષ ઉપકરણથી ગઠ્ઠો દૂર કરી રક્તપ્રવાહ પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ થાય છે. સારવારની યોગ્યતા દર્દીની સ્થિતિ અને સ્કેનના તારણોના આધારે નક્કી થાય છે.સારવાર અંગે બ્રેઈન એન્ડ સ્પાઈન સર્જન ડૉ. વિરલ વસાણી ભારપૂર્વક જણાવે છે કે લક્ષણો આપમેળે મટી જશે તેવી રાહ જોવામાં કિંમતી સમય વેડફાઈ શકે છે. સ્ટ્રોકની શંકા થતાં જ તેની સારવારની સુવિધા ધરાવતી હોસ્પિટલ પહોંચવું જરૂરી છે. બ્રેઈન એન્ડ સ્પાઈન સર્જન ડૉ. જિગરસિંહ જાડેજા લક્ષણો ઓળખવા 'હ્લછજી' સૂત્ર યાદ રાખવા જણાવે છે. 'હ્લ' (હ્લઠ્ઠી) એટલે ચહેરો ઢળી જવો, 'છ' (છદ્વિજ) એટલે હાથમાં નબળાઈ, 'જી' (જીીષ્ઠર) એટલે બોલવામાં તકલીફ અને '્' (્દ્વી) એટલે સમય ગુમાવ્યા વિના ઈમરજન્સી તબીબી મદદ લેવી. ન્યુરોલોજીસ્ટ ડૉ. આશુતોષ દુધાત્રા જણાવે છે કે મગજને લોહી પહોંચાડતી ધમનીમાં ગઠ્ઠાને કારણે અવરોધ સર્જાય ત્યારે ઈસ્ચેમિક સ્ટ્રોક થાય છે. લોહી અને ઓક્સિજનનો પુરવઠો અટકતાં મગજના કોષોને ઝડપથી નુકસાન થવા લાગે છે. તેથી વહેલું નિદાન અને સમયસર સારવાર અત્યંત મહત્ત્વનાં છે. પરિવારજનોની સતર્કતા અને ઝડપી નિર્ણય દર્દીના જીવન તથા લાંબા ગાળાની અશક્તતાનું જોખમ ઘટાડવામાં મદદરૂપ બની શકે છે.

રાજકોટમાં પ્રથમ વખત LGનું ૧૧૫ ઈંચનું મહાકાય ટીવી લોન્ચ

કિરણ ટેલીવીઝન ખાતે LG QNED evo AI Mini LED TVનું ભવ્ય લોનચિંગ:વિશાળ સ્ક્રીન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને અત્યાધુનિક ટેક્નોલોજી સાથે ઘરઆંગણે સિનેમાનો અનુભવ મળશે:રાજુભાઈ પટેલ



રાજકોટ:
રાજકોટના ટીવી માર્કેટમાં પ્રીમિયમ હોમ એન્ટરટેઈનમેન્ટની દુનિયામાં એક નવો અધ્યાય ઉમેરાયો છે. LG Electronics દ્વારા રાજકોટમાં પ્રથમ વખત વિશાળ ૧૧૫ ઈંચના LG QNED evo AI Mini LED ટીવીનું ભવ્ય લોનચિંગ સ્પીડવેલ ચોક ખાતે આવેલી અગ્રણી રિટેલ આઉટલેટ કિરણ ટેલિવિઝન ખાતે કરવામાં આવ્યું હતું. શ્રી રાજુભાઈ પટેલ તથા LG ની ટીમના હસ્તે આ વિશાળ ટીવીનું લોન?ચિંગ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રાહકો, વ્યવસાયિક ભાગીદારો અને આમંત્રિત મહેમાનો ઉપસ?થિત રહ્યા હતા.

આ ૧૧૫ ઈંચનું વિશાળ ટીવી લોનચિંગ પ્રસંગે ગ્રાહકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. અત્યાધુનિક મિની એલઈડી ટેક્નોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત પિક્ચર પ્રોસેસિંગ અને પ્રીમિયમ ડિસ્પ્લે જેવી વિશેષતાઓ ધરાવતું આ ટીવી દર્શકોને વિશાળ સ્ક્રીન પર વધુ સ્પષ્ટ અને જીવંત ચિત્રોનો અનુભવ કરાવશે. સાથે જ ઘરમાં જ સિનેમા જેવો મનોરંજનનો અનુભવ મેળવી શકાશે.

કાર્યક્રમમાં કિરણ ટેલીવીઝનના માલિક રાજુભાઈ પટેલ બ્રાન્ચ મેનેજર નિશાંત સાંગાણી, એરિયા મેનેજર આનંદ ભટ્ટ, રિજનલ મેનેજર નિખિલ સુતરિયા તથા બ્રાન્ચ માર્કેટિંગ મેનેજર હિતલસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. LGના અધિકારીઓએ મહેમાનોને કંપનીની નવીનતમ ડિસ્પ્લે ટેક્નોલોજી, AI આધારિત ફીચર્સ અને પ્રીમિયમ હોમ એન્ટરટેઈનમેન્ટના ભવિષ્ય અંગે વિસ્તૃત માહિતી આપી હતી કિરણ ટેલિવિઝનના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે LG હંમેશાં નવીન ટેક્નોલોજી અને પ્રીમિયમ ગુણવત્તા સાથે ગ્રાહકોને શ્રેષ્ઠ મનોરંજનનો અનુભવ આપવા પ્રતિબદ્ધ રહ્યું છે. ૧૧૫ ઈંચનું આ વિશાળ ટીવી રાજકોટના ગ્રાહકો માટે એક અનોખી અને આકર્ષક પસંદગી સાબિત થશે. કાર્યક્રમના અંતે ઉપસ્થિત ગ્રાહકો અને વ્યવસાયિક સહયોગીઓએ ટીવીની અત્યાધુનિક ટેક્નોલોજી, વિશાળ સ?ક્રીન અને પ્રીમિયમ ડિઝાઈનની પ્રશંસા કરી હતી.

શિક્ષણ અને સંશોધનમાં AI નવી તકોની સાથે પડકારો પણ લાવે છે: અદાણી યુનિવર્સિટીનો ત્રીજો દીક્ષાંત સમારોહ

નવીનતા અને નવા વિચારોથી સમાજના વંચિત વર્ગો સુધી પહોંચવું જરૂરી: અદાણી યુનિવર્સિટીના પ્રમુખ ડૉ. પ્રીતિ અદાણી



રાજકોટ:
અદાણી યુનિવર્સિટીના ત્રીજા દીક્ષાંત સમારોહમાં ભારતીય વિજ્ઞાન સંસ્થા (ૈંજીષ્ઠ) ના નિયામક પ્રો. ગોવિંદન રંગરાજને જણાવ્યું હતું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ શિક્ષણ અને સંશોધનમાં નવી તકો ઊભી કરી રહ્યું છે, પરંતુ તેનો વધતો પ્રભાવ સત્ય, વિશ્વાસ અને માનવીય સંબંધો સામે ગંભીર સવાલો પણ ખડા કરે છે. શનિવારે અમદાવાદ ખાતે યોજાયેલા આ સમારોહમાં વર્ષ ૨૦૨૬ બેચના કુલ ૩૭૪ વિદ્યાર્થીઓને સ્નાતક પદવી એનાયત કરવામાં આવી હતી. શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર દસ વિદ્યાર્થીઓને પદકોથી સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમાં ૫ સુવર્ણ, ૩ રજત અને ૨ કાંસ્ય પદકનો સમાવેશ થાય છે. સમારોહના અધ્યક્ષસ્થાનેથી બોલતા અદાણી યુનિવર્સિટીના પ્રમુખ ડૉ. પ્રીતિ અદાણીએ જણાવ્યું હતું કે યુનિવર્સિટીને સંશોધન-અધારિત અગ્રણી સંસ્થાઓની હરોળમાં મૂકવા માટે ગણિત, સંશોધન અને શૈક્ષણિક નેતૃત્વમાં પ્રો. રંગરાજનનું માર્ગદર્શન અત્યંત મૂલ્યવાન છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતે મોટા પાયે માળખાગત સુવિધાઓ ઊભી કરી છે અને હવે આપણે નવીનતા લાવતા નવા વિચારોને વિકસાવીને સમાજના વંચિત વર્ગો સુધી પહોંચતી ક્રાંતિકારી પહેલ પર કામ કરવાની જરૂર છે.

મુખ્ય અતિથિ પ્રો. રંગરાજને છૈં ની ક્ષમતાઓ અને જોખમો બંને પર પ્રકાશ પાડતા કહ્યું હતું કે તસવીરો, વીડિયો અને માહિતી વાસ્તવિક લાગે તે રીતે તૈયાર થતી હોય ત્યારે સાચું શું છે તે પારખવું મુશ્કેલ બને છે. તેમણે ઉમેર્યું હતું કે ટેક્નોલોજી આપણને ડિજિટલ રીતે નજીક લાવી રહી છે ત્યારે આપણે એ પણ વિચારવું જોઈએ કે આપણે માનવીય સ્તરે શું ગુમાવી રહ્યા છીએ. યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. ડૉ. ધવલ પૂજારાએ વાર્ષિક અહેવાલ રજૂ કરતા ફેકલ્ટી, સ્ટાફ અને ઔદ્યોગિક ભાગીદારોના યોગદાનને બિરદાવ્યું હતું અને યુનિવર્સિટીને શિક્ષણ અને સંશોધન માટેની બહુ-વિષયક સંસ્થા તરીકે વિકસાવવાના લક્ષ્ય પર ભાર મૂક્યો હતો. ૨૦૨૨માં સ્થપાયેલી આ યુનિવર્સિટી ઉદ્યોગ-સંબંધિત વ્યવહારુ શિક્ષણ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરે છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાહુલ ગાંધીને SIR પર ચર્ચા કરવા માટે પડકાર ફેંક્યો

સંસદના વિશેષ સત્ર માટે તૈયાર : હૈદરાબાદથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું નિવેદન



હૈદરાબાદ,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દેશવ્યાપી 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન' (SIR) અભિયાનનો વિરોધ કરવા બદલ કોંગ્રેસ પર ફરી એકવાર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે આ જૂનો પક્ષ બાંગ્લાદેશી ઘૂસણખોરોને બચાવવા માંગે છે, પરંતુ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ સુનિશ્ચિત કરશે કે મતદાર યાદીમાંથી એક પણ ઘૂસણખોર બાકી ન રહે અને તે તમામના નામ દૂર કરવામાં આવે.

હૈદરાબાદમાં પાર્ટીની 'લોકતંત્ર બચાવો' પદયાત્રા બાદ એક સભાને સંબોધતા, ભાજપના વરિષ્ઠ નેતાએ ભારપૂર્વક કહ્યું કે ચૂંટણીમાં માત્ર ભારતના નાગરિકોને જ મતદાન કરવાની મંજૂરી આપવામાં આવશે. તેમણે રવિવારે દિલ્હીના રામલીલા મેદાનમાં યોજાયેલી 'INDIA' ગઠબંધનની રેલીને લઈને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પર પણ નિશાન સાધ્યું અને તેને 'ઘૂસણખોરોને બચાવવાનો' કાર્યક્રમ ગણાવ્યો.

અમિત શાહે પૂછ્યું, "કોંગ્રેસ પાર્ટી બોગસ મતદાન દ્વારા ચૂંટણી જીતવા માંગે છે. જો એક વ્યક્તિ પાસે બે મત હોય, તો શું તેમાંથી એક રદ ન થવો જોઈએ?" તેમણે વધુમાં કહ્યું, "હવે આપણે 'રાહુલ બાબા'ના પેટમાં કેમ દુખાવો થઈ રહ્યો છે તેના મૂળ કારણ પર આવીએ. ત્રણ કરોડ મત એવા છે કે જે લોકોના નામે છે, તેમનું અસ્તિત્વ જ નથી. આ બાંગ્લાદેશી ઘૂસણખોરો છે."

'વિશેષ સત્ર માટે તૈયાર'

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે કેન્દ્ર સરકાર સંસદનું વિશેષ સત્ર બોલાવવા તૈયાર છે, પરંતુ તેમણે ઉમેર્યું કે રાહુલ ગાંધી તેમાં ભાગ નહીં લે, કારણ કે તેઓ નથી ઈચ્છતા કે સંસદનું કામકાજ ચાલે. તેમણે કહ્યું કે રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ ભારતમાં અરાજકતા જેવી સ્થિતિ ઊભી કરવા માંગે છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે જો સંસદનું કામકાજ ચાલે, તો ચર્ચા દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે વિરોધ પક્ષના નેતા (રાહુલ ગાંધી) પરાજિત થશે.

તેમણે કોંગ્રેસને 'વેન્ટિલેટર પર રહેલો પક્ષ' ગણાવ્યો અને સવાલ કર્યો કે શું તે "વડાપ્રધાન મોદીની સાથે મેરેથોન દોડી શકે છે?" તેમણે રાહુલ ગાંધી પર કટાક્ષ કરતા કહ્યું કે કોંગ્રેસના આ નેતા ભાજપના તેલંગાણા યુવા મોરચાના પ્રમુખ સામે પણ હારી જશે.

અમેરિકા માંગણીઓ પૂર્ણ કરે તો બે દિવસમાં હોરમૂઝની સામુદ્રધુની ફરી ખોલવા ઈરાન તૈયાર

તેહરાન,

ઈરાન-અમેરિકા યુદ્ધના ભવિષ્ય અંગે વધતી જતી અનિશ્ચિતતા વચ્ચે, તેહરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઇસ્માઇલ બકાઇએ સોમવારે જણાવ્યું હતું કે જો અમેરિકા તેની માંગણીઓ પૂર્ણ કરે તો દેશ બે દિવસમાં હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવાની શક્યતા માટે ખુલ્લો છે.

મીડિયા સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈરાની અધિકારીએ જણાવ્યું હતું કે મધ્યસ્થી દ્વારા અમેરિકા સાથે સંદેશાઓનું આદાન-પ્રદાન ચાલી રહ્યું છે અને "બધું જ" ઈરાની માંગણીઓ સ્વીકારે છે તેના પર યુએસ પક્ષ નિર્ભર છે: "ત્યારબાદ જ આપણે પછીના તબક્કાઓ પર ચર્ચા કરી શકીશું."

"અમે કહ્યું છે કે, જો ઈરાનની માંગણીઓ પૂર્ણ થાય છે, તો હોર્મુઝ સ્ટ્રેટમાં સુરક્ષા પુનઃસ્થાપિત કરવી અને ટૂંકા ગાળામાં વાટાઘાટો પ્રક્રિયા ફરી શરૂ કરવી શક્ય બનશે," બકાઇએ કહ્યું હતું.

મીડિયા સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈરાનની માંગણીઓમાં તમામ મોરચે મધ્ય પૂર્વ યુદ્ધનો અંત, વિદેશમાં ઈરાની સંપત્તિઓને ફ્રીઝ કરવી, તેના તેલ ક્ષેત્ર પરના પ્રતિબંધો હટાવવા અને યુએસ નૌકાદળના નાકાબંધીનો અંત શામેલ છે.

અલ જઝીરા સાથેની એક મુલાકાતમાં, ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે અમેરિકાએ ઈરાન અને ઓમાન વચ્ચે સામુદ્રધુની દ્વારા પરિવહન માટે સંમત થયેલા નવા માર્ગને સ્વીકારવો જોઈએ. તેમણે કહ્યું કે અમેરિકાએ તાજેતરના મહિનાઓમાં લાદવામાં આવેલા પ્રતિબંધો પણ દૂર કરવા જોઈએ અને પ્રદેશમાં અમેરિકન સૈનિકોની સંખ્યા ઘટાડવી જોઈએ.

બે દિવસમાં હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવાનો ઈરાનનો પ્રસ્તાવ ત્યારે આવ્યો છે જ્યારે અમેરિકામાં મંગળવારે મધ્યસત્ર ચૂંટણી પછી અમેરિકા અને ઈઝરાયલ દ્વારા તેહરાન પર હુમલો કરવાની શક્યતા અંગે ચિંતાઓ વધી રહી છે.

મહાદેવ બેટિંગ એપ કેસ: સૌરભ ચંદ્રાકરના ૨ દિવસના ટ્રાન્ઝિટ રિમાન્ડ

નવી દિલ્હી,

મહાદેવ ઓનલાઈન બુક સટ્ટાબાજી સિન્ડિકેટના મુખ્ય પ્રમોટરોમાંના એક સૌરભ ચંદ્રકરને દિલ્હીની રાઉસ એવન્યુ કોર્ટ દ્વારા બે દિવસના ટ્રાન્ઝિટ રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) એ તેમને કોર્ટ સમક્ષ રજૂ કર્યા અને રાયપુર લઈ જવા માટે ટ્રાન્ઝિટ રિમાન્ડની માંગણી કરી, જ્યાં તેમને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવનાર છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ની વિનંતી પર સૌરભ ચંદ્રકરને ઓમાનથી પ્રત્યાર્પણ કરવામાં આવ્યા હતા. તેમનું ભારત પરત ફરવું એ કથિત ગેરકાયદેસર સટ્ટાબાજી નેટવર્કની તપાસમાં એક મોટો વિકાસ દર્શાવે છે, જેની તપાસ CBI અને ED બંને દ્વારા કરવામાં આવી રહી છે. ચંદ્રકર બે CBI કેસ અને ઈડ્ઢ ની અલગ મની-લોન્ડરિંગ તપાસમાં વોન્ટેડ છે. સૌરભ ચંદ્રકરને રાયપુરની કોર્ટમાં રજૂ કરવામાં આવશે ચંદ્રકરને રાઉસ એવન્યુ કોર્ટમાં રજૂ કર્યા પછી CBI એ બે દિવસના ટ્રાન્ઝિટ રિમાન્ડની માંગણી કરી. હવે તેમને રાયપુર લઈ જવામાં આવશે અને ત્યાંની કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ટ્રાન્ઝિટ રિમાન્ડ એજન્સીને દિલ્હીથી છત્તીસગઢ ખસેડવાની મંજૂરી આપશે, જ્યાં સટ્ટાબાજી સિન્ડિકેટની તપાસ ચાલી રહી છે. છત્તીસગઢ સરકારની વિનંતી પર સીબીઆઈએ મહાદેવ ઓનલાઈન બુક કેસ હાથ ધર્યા હતા. ઈન્ટરપોલ રેડ કોર્નર નોટિસ બાદ રોયલ ઓમાન પોલીસ દ્વારા અટકાયતમાં લેવામાં આવ્યા બાદ ચંદ્રકરને ખાસ નિયુક્ત સીબીઆઈ ટીમ દ્વારા ઓમાનથી પરત લાવવામાં આવ્યો હતો.

ભારતનું બંધારણ માત્ર શાસન વ્યવસ્થા માટેનું એક માળખું નથી; તે રાષ્ટ્રના આત્માને મૂર્તિમંત કરે છે : લોકસભા અધ્યક્ષ

લોકતંત્રમાં સહમતી અને અસહમતી બંનેનું સન્માન થવું જોઈએ, વિચારોની વિવિધતા નવા દ્રષ્ટિકોણ પૂરા પાડે છે



નવી દિલ્હી/ચંદીગઢ,

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું હતું કે, ભારતનું બંધારણ માત્ર શાસન વ્યવસ્થા માટેનું એક માળખું નથી; તે રાષ્ટ્રના આત્માને મૂર્તિમંત કરે છે અને તેની રાષ્ટ્રીય ચેતનાના પ્રતીક તરીકે કાર્ય કરે છે.

બંધારણ લાખો નાગરિકોની આકાંક્ષાઓ અને અપેક્ષાઓનું પ્રતિબિંબ છે તેમ જણાવતા, ઓમ બિરલાએ કહ્યું: "બંધારણના માર્ગદર્શન હેઠળ, આપણો સામૂહિક પ્રયાસ એ સુનિશ્ચિત કરવા પર કેન્દ્રિત હોવો જોઈએ કે શાસન અને વહીવટ લોકસેવા પર આધારિત હોય."

ઓમ બિરલાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, સહમતી અને અસહમતી એ હંમેશા આપણા લોકતંત્રની તાકાત રહી છે.

હરિયાણા વિધાનસભા દ્વારા 'સંવિધાન પખવાડા'ના ભાગરૂપે આયોજિત 'જન પ્રતિનિધિ સંમેલન'ના ઉદ્ઘાટન સત્ર દરમિયાન પંચકુલા (હરિયાણા) ખાતે બોલતા ઓમ બિરલાએ કહ્યું, "લોકતંત્રમાં સહમતી અને અસહમતી બંનેનું સન્માન થવું જોઈએ. વિચારોની વિવિધતા નવા દ્રષ્ટિકોણ પૂરા પાડે છે, જ્યારે સામૂહિક પ્રયાસો રાષ્ટ્ર અને રાજ્યને આગળ વધારે છે."

આ પ્રસંગે હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની, વિરોધ પક્ષના નેતા ભૂપેન્દ્ર સિંહ હુડા, હરિયાણા વિધાનસભાના અધ્યક્ષ હરવિંદર કલ્યાણ, હરિયાણાના અનેક મંત્રીઓ તેમજ વિવિધ પક્ષોના વર્તમાન અને ભૂતપૂર્વ ધારાસભ્યો (MLA) ઉપસ્થિત રહ્યા હતા.

હરિયાણાના અલગ રાજ્ય તરીકેના ગઠનના ૬૦ વર્ષ પૂર્ણ થવા પર, ઓમ બિરલાએ ટિપ્પણી કરી કે અનેક પડકારો હોવા છતાં રાજ્યની વિકાસ યાત્રા એ સખત મહેનત, સાહસ અને સામૂહિક પ્રયાસોનું એક પ્રેરણાદાયી ઉદાહરણ છે.

રોકાણકારો સાથે કરોડોની છેતરપિંડી કરનાર મહાઠગ મુંબઈથી ઝડપાયો

સુરત,

પોતાની ઓળખ સરકારી સાયબર ફોરેન્સિક અધિકારી તરીકે ઓળખ આપીને રોકાણકારો સાથે કરોડોની છેતરપિંડી કરનાર મહાઠગને સુરત શહેર સાયબર ક્રાઈમ પોલીસની ટીમે મુંબઈથી ઝડપી પાડ્યો છે. આરોપી પ્રિયાંક વ્યાસે રાજચિહ્ન ધરાવતું બનાવટી આઈડી કાર્ડ અને સરકારી બોર્ડવાળી કારનો ઉપયોગ કરી લોકોમાં વિશ્વાસ ઊભો કર્યો હતો. ફોરેક્સ ટ્રેડિંગ, IP સર્વર અને ક્રિપ્ટોકરન્સીમાં મોટો નફો અપાવવાની લાલચ આપીને સુરતના પેટ્રોકેમિકલ વેપારી સાથે આશરે રૂપિયા ૧.૨૪ કરોડની છેતરપિંડી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

પોલીસ તપાસ મુજબ, નવેમ્બર ૨૦૨૫થી ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન ૨૧ અલગ-અલગ હપ્તામાં કુલ રૂપિયા ૧.૨૯ કરોડ પડાવવામાં આવ્યા હતા. શરૂઆતમાં રૂપિયા ૧૮ લાખનું રોકાણ કરાવ્યા બાદ સર્વર રિન્યુઅલ અને ગેસ ફીના નામે વારંવાર નાણાંની માગણી કરવામાં આવતી હતી. આરોપીઓ લેપટોપ પર કરોડો રૂપિયાનું બેલેન્સ દર્શાવી તથા ટ્રાન્ઝેક્શન સફળ થયાના બનાવટી સ્ક્રીનશોટ મોકલી રોકાણકારોનો વિશ્વાસ જીતતા હતા. આ સમગ્ર કૌભાંડમાં સુરતના ઝઝ રોહન કેલાવાલાની પણ મુખ્ય ભૂમિકા હોવાનું સામે આવ્યું છે. તેણે મુંબઈની હોટલમાં વેપારીની આરોપી સાથે મુલાકાત કરાવી હતી. જોકે, હાલ રોહન કેલાવાલા ફરાર હોવાનું જાણવા મળ્યું છે. આરોપીઓ વાતચીત માટે બોટિમ જેવી વિદેશી એપ્લિકેશન અને વિદેશી મોબાઈલ નંબરોનો ઉપયોગ કરતા હતા.

દિલ્હી-એનસીઆરમાં ગ્રીન ફટાકડા ફોડવાની પરવાનગી : સુપ્રીમ કોર્ટે સમય નક્કી કર્યો

સૂચિત સાયલન્ટ ઝોનના ૩૦૦ મીટરની અંદર કોઈ ફટાકડા ફોડવાની મનાઈ

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે ૭ અને ૮ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ દિલ્હી-રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર (એનસીઆર) માં ગ્રીન ફટાકડા ફોડવાની મંજૂરી આપી છે. ફટાકડા સવારે ૬ થી ૭ વાગ્યા સુધી અને રાત્રે ૮ થી ૧૦ વાગ્યા સુધી ફોડી શકાય છે. આ પરવાનગી સુપ્રીમ કોર્ટના ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ ના અગાઉના આદેશ અનુસાર છે.

સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો છે કે હોસ્પિટલો, નર્સિંગ હોમ, પ્રાથમિક અને જિલ્લા આરોગ્ય કેન્દ્રો, વૃદ્ધાશ્રમો અને સૂચિત સાયલન્ટ ઝોનના ૩૦૦ મીટરની અંદર કોઈ ફટાકડા ફોડવામાં આવશે નહીં.

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે શૈક્ષણિક સંસ્થાઓ સાથે આ બધા વિસ્તારોને 'નો-ક્રેકર્સ ઝોન' જાહેર કરવામાં આવશે. આ વિસ્તારોને યોગ્ય રીતે ચિહ્નિત કરવામાં આવશે અને જાહેર માહિતી પૂરી પાડવામાં આવશે.

ફટાકડાથી થતા નુકસાનને સમજવા માટે, એ સમજવું જરૂરી છે કે જ્યારે તેઓ સળગાવવામાં આવે છે ત્યારે શું થાય છે. ફટાકડા સળગાવવાથી હવામાં મોટી માત્રામાં કણો મુક્ત થાય છે. આમાં પીએમ ૧૦ અને પીએમ ૨.૫નો સમાવેશ થાય છે.

આ હવામાં હાજર ઘન કણો અને પ્રવાહી ટીપાંનું મિશ્રણ છે. આ કણો એટલા નાના હોય છે કે તે સરળતાથી નાક અને ફેફસાં સુધી પહોંચે છે. ફેફસાંમાંથી, તે લોહીના પ્રવાહમાં પ્રવેશ કરે છે અને પછી શરીરના અન્ય ભાગોમાં પહોંચે છે. તે માનવ મગજમાં પણ જોવા મળે છે. તે શરીરના તમામ પટલમાં પ્રવેશ કરી શકે છે.

પીએમ ૨.૫ એ કણોમાંથી સૌથી ખતરનાક છે. ઉદાહરણ તરીકે, જો જમીન પર ઊભેલી કોઈ વ્યક્તિ કમરથી પીએમ ૨.૫ કણ ફેંકે છે, તો તેને જમીન સુધી પહોંચવામાં એક મહિનો લાગશે. આ કણો હવામાં ટકી રહે છે. તેથી, જો ફટાકડા ફક્ત બે કે ત્રણ દિવસ અથવા થોડા કલાકો સુધી ચાલે છે, તો પણ તેમના કણો ત્રણ મહિના સુધી હવામાં રહી શકે છે.

માઉન્ટ આબુ અને જૂનાગઢ ખાતેના તાલીમાર્થી પર્વતારોહકોના દૈનિક ભોજન ભથ્થામાં વધારો

યુવા પર્વતારોહકોના પોષણ માટે રાજ્ય સરકાર વાર્ષિક રૂ. ૧૧.૧૦ લાખનો કરશે ખર્ચ

માઉન્ટ આબુ

પર્વતારોહણ એ શારીરિક સામર્થ્ય, ધૈર્ય અને અદમ્ય સાહસની કસોટી છે. કલાકો સુધી ઊંચા પહાડો અને કઠિન ખડકો વચ્ચે પરસેવો પાડતા યુવક-યુવતીઓને પોતાની શારીરિક ક્ષમતા જાળવી રાખવા માટે યોગ્ય અને પૌષ્ટિક આહાર મળવો અત્યંત જરૂરી છે. આ બાબતને ધ્યાને રાખીને, ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા વાર્ષિક પર્વતારોહણ તાલીમ શિબિરોમાં ભાગ લેતા તાલીમાર્થીઓ અને પ્રશિક્ષકો માટે અપાતી ભોજન સુવિધામાં રૂ.૨૦૦ નો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જે તા. ૧ એપ્રિલ, ૨૦૨૭થી અમલી બનશે.

રાજ્ય સરકાર દ્વારા પર્વતારોહણ શિબિરોમાં તાલીમાર્થીઓ અને ઇન્સ્ટ્રક્ટરોને આપવામાં આવતા દૈનિક ભોજનના દરની મહત્તમ મર્યાદા પ્રતિદિન પ્રતિ વ્યક્તિ રૂ. ૧૫૦થી વધારીને રૂ. ૩૫૦ કરવામાં આવી છે, જેમાં રૂ. ૨૦૦નો વધારો કરવામાં આવ્યો છે. આ નિર્ણયનો સીધો અને વ્યાપક લાભ રાજ્યના બે મુખ્ય પર્વતારોહણ કેન્દ્રોમાં તાલીમ લેતા અનેક યુવાનોને મળશે.

પાકિસ્તાનના પંજાબમાં સોશિયલ મીડિયા પ્રભાવકના લગ્નમાં નાસભાગ થતા ૨ લોકોના મોત

ટિકટોકર મહમૂદ સહિત નવ નામજોગ વ્યક્તિઓ અને ૪૫ અજાણ્યા લોકો સામે કેસ નોંધવામાં આવ્યો

પંજાબ,

પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં એક લગ્ન સમારંભના સ્થળે રોકડ રકમ અને અન્ય ઈનામો મેળવવા માટે લોકોની ભારે ભીડ ઉમટી પડતાં સર્જાયેલી નાસભાગમાં બે લોકોના મોત થયા છે અને ૨૦થી વધુ લોકો ઘાયલ થયા છે, તેમ એક અધિકારીએ જણાવ્યું હતું.

આ ઘટના શનિવારે સાંજે સિયાલકોટના ફરાઝ સ્પોર્ટ્સ સ્ટેડિયમમાં બની હતી, જે પ્રાંતની રાજધાની લાહોરથી લગભગ ૧૦૦ કિલોમીટર દૂર આવેલું છે.



પોલીસના જણાવ્યા અનુસાર, 'મિસ્ટર પટલો' તરીકે જાણીતા ટિકટોકર અંસર મહમૂદે સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરીને લોકોને તેમના 'મહેંદી' સમારંભમાં આવવા આમંત્રણ આપ્યું હતું અને આકર્ષણ તરીકે વિવિધ ઈનામો આપવાની જાહેરાત કરી હતી.

રાજધાની દિલ્હી સહિતના શહેરો પ્રદુષણની લપેટમાં દિલ્હીમાં હવા ગુણવત્તા સૂચકાંક ૪૨૮ નોંધાયો

મુંબઈના કેટલાક વિસ્તારોમાં પણ ધુમ્મસ છવાયું

નવીદિલ્હી,

દિલ્હીમાં પ્રદૂષણનું સ્તર ફરી વધી રહ્યું છે. ૨ નવેમ્બર, સોમવારે સવારે, રાજધાનીની હવાની ગુણવત્તા ખૂબ જ ખરાબ શ્રેણીમાં પહોંચી ગઈ. દિલ્હીનો એકંદર હવા ગુણવત્તા સૂચકાંક ૪૨૮ નોંધાયો હતો. સવારથી શહેરના ઘણા વિસ્તારોમાં ધુમ્મસનું જાડું સ્તર છવાયું હતું, જેના કારણે દૃશ્યતા ઓછી થઈ ગઈ હતી. ધુમ્મસને કારણે રાષ્ટ્રપતિ ભવન પણ ધુમ્મસવાળું લાગતું હતું.

સીપીસીબી (કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ) અનુસાર, ઇન્ડિયા ગેટ અને જનપથની આસપાસના વિસ્તારમાં હવા ગુણવત્તા સૂચકાંક (એકયુઆઈ) ૩૩૫ હતો. અક્ષરધામ મંદિર નજીક એકયુઆઈ ૩૪૯ હતો.આઈટીઓ વિસ્તારમાં પણ ૩૪૯ એકયુઆઈ નોંધાયું હતું. આ આંકડા "ખૂબ જ ખરાબ" શ્રેણીમાં આવે છે.

દિલ્હીની સાથે, મુંબઈના કેટલાક વિસ્તારોમાં પણ ધુમ્મસ છવાયું હતું. સવારે બાંદ્રા રિક્લેમેશન વિસ્તારમાં ધુમ્મસ છવાયું હતું, જેનાથી શહેરની ઊંચી ઈમારતો ઢંકાઈ ગઈ હતી. જોકે,સીપીસીબી અનુસાર, એકયુઆઈ ૧૩૧ નોંધાયું હતું, જે મધ્યમ શ્રેણીમાં આવે છે.

દેશના ઘણા શહેરો પ્રદૂષણનો સામનો કરી રહ્યા છે, ત્યારે અન્ય ઘણા રાજ્યોમાં વરસાદ અને વાવાઝોડા ચાલુ છે. હવામાન વિભાગે ૩ નવેમ્બરે દેશભરના ૧૮ રાજ્યોમાં વરસાદ, ભારે પવન અને વાવાઝોડાની ચેતવણી જારી કરી છે. હવામાનમાં આ ફેરફાર દક્ષિણપૂર્વ બંગાળની ખાડીમાં બનેલા ઓછા દબાણવાળા ક્ષેત્રને આભારી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, કેટલાક વિસ્તારોમાં ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ભારે પવન ફૂંકાઈ શકે છે.

આઈએમડીએ લોકોને પહાડી રાજ્યોમાં ભૂસ્ખલનની શક્યતાને કારણે સતર્ક રહેવાની સલાહ આપી છે. મેદાની વિસ્તારોમાં, માછીમારોને ભારે પવન અને વરસાદ દરમિયાન સાવધાની રાખવાની સલાહ આપવામાં આવી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં માછીમારોને આ પ્રતિકૂળ હવામાન દરમિયાન દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે.

૩ નવેમ્બરે રાજધાની દિલ્હીમાં વાવાઝોડા સાથે વરસાદ થવાની સંભાવના છે. ૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. દિલ્હીમાં મહત્તમ તાપમાન ૨૯ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે. ઉત્તર પ્રદેશના ઘણા જિલ્લાઓ, જેમાં ઇટાવા, ગૌતમ બુદ્ધ નગર, મેરઠ, હરદોઈ, ઉન્નાવ, દેવરિયા, આઝમગઢ, રાયબરેલી, અયોધ્યા અને આગ્રાનો સમાવેશ થાય છે, માટે ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. લખનૌમાં મહત્તમ તાપમાન ૨૯ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે.

રાહુલ ગાંધીની રેલી સામે ભાજપે મોરચો ખોલ્યો : ગૃહમંત્રી અમિત શાહએ હૈદરાબાદમાં પગપાળા કૂચનું નેતૃત્વ કર્યું

ભાજપે લોકશાહી બચાવો, અરાજકતા દૂર કરો અભિયાનના ભાગ રૂપે દિલ્હીથી હૈદરાબાદ સુધી શ્રેણીબદ્ધ કૂચ અને રેલીઓ યોજી

હૈદરાબાદ,

રાહુલ ગાંધીની રેલી પછી, ભાજપે હવે પોતાનો મોરચો ખોલી દીધો છે. એક તરફ, રાહુલ ગાંધી વારંવાર મત ચોરીની વાર્તા બનાવીને રસ્તાઓ પર ભીડ એકઠી કરી રહ્યા છે, જ્યારે બીજી તરફ, ભાજપ પણ ઉગ્ર વળતો હુમલો કરી રહી છે. રાહુલ ગાંધીની રામલીલા રેલી બાદ, ભાજપ આજે "લોકશાહી બચાવો, અરાજકતા દૂર કરો" અભિયાનના ભાગ રૂપે દિલ્હીથી હૈદરાબાદ સુધી શ્રેણીબદ્ધ કૂચ અને રેલીઓનું આયોજન કર્યું.ગૃહમંત્રી અમિત શાહે આજે હૈદરાબાદમાં કૂચમાં ભાગ લીધો હતો.



અમિત શાહ આજે હૈદરાબાદ પહોંચ્યા અને પહેલા ભાગ્ય લક્ષ્મી મંદિરમાં પ્રાર્થના કરી. ત્યારબાદ તેઓ નિઝામ કોલેજ ગયા, જ્યાં તેમણે પોતાની કૂચ શરૂ કરી. કૂચ નિઝામ કોલેજ ખાતે બાબુ જગજીવન રામની પ્રતિમાથી મોઝામજાહી સ્ક્વેર સુધી શરૂ થઈ.ભાજપ પ્રમુખ નીતિન નવીન પણ બિહારના ભાગલપુરમાં કૂચ કરી અને પછી બપોરે કોલકાતા પહોંચ્યા. નવીને કોલેજ સ્ટ્રીટથી કોલકાતાના ધર્મતલા સુધી ૨ કિલોમીટર લાંબી કૂચનું નેતૃત્વ કર્યું. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી અને પ્રદેશ પ્રમુખ સમિક ભટ્ટાચાર્ય પણ કૂચમાં જોડાયા.

અમિત શાહે કહ્યું, "રાહુલજી, તમારી પાર્ટી ધીમે ધીમે મરી રહી છે. તેલંગાણાના લોકો, હજુ પણ થોડી બાકી છે. તેલંગાણામાંથી કોંગ્રેસને સંપૂર્ણપણે જડમૂળથી ઉખેડી નાખવાના સંકલ્પ સાથે અહીંથી જાઓ. કોંગ્રેસ પોતે વેન્ટિલેટર પર છે, શું આ પાર્ટી મોદીજી સાથે મેરેથોન દોડી શકે છે? આ લોકોએ જ્યાં પણ તક મળી ત્યાં ભ્રષ્ટાચાર કર્યો.

દીકરીએ પિતાને ફોન કરી કહ્યું- 'હું દુનિયા છોડીને જાવ છું'

રાજકોટમાં ૨૦ વર્ષીય યુવતીએ પ્રેમીના અન્ય યુવતી સાથેના સંબંધથી કંટાળી આત્મહત્યા કરી

રાજકોટઃરાજકોટના જામનગર રોડ પર તોપખાના વિસ્તારમાં રહેતી ૨૦ વર્ષીય યુવતીએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી છે. ૨૩ ઓક્ટોબરના રોજ અંતિમ પગલું ભરતા પહેલા યુવતીએ પિતાને ફોન કરી હું દુનિયા છોડી જાવ છું મારી ભૂલચૂક થઈ હોય તો મને માફ કરજો કહી ગળેફાંસો લગાવી લેતા પિતાએ તાત્કાલિક ઘરે પહોંચી દીકરીને લટકેલી હાલતમાં જોઈ નીચે ઉતારી હોસ્પિટલ ખસેડી હતી પરંતુ શનિવારે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. યુવતીએ આત્મહત્યા કરતા પહેલા એક વીડિયો બનાવી પ્રેમી અભિ મકવાણા સામે આક્ષેપો કર્યા. પોલીસે પ્રેમી સામે મરી જવા મજબૂર કર્યાની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદી પિતાએ જણાવ્યું હતું કે, તેઓ વોર્ડ ન.૫/અ મા સફાઇકામદાર તરીકે કામ કરી ગુજરાન ચલાવે છે. મારા પ્રથમ લગ્ન થયા બાદ ૨૦૦૯માં છૂટાછેડા લીધા હતા આ લગ્ન જીવન દરમીયાન એક દીકરી હતી જે મારા ભેગી રહેતી હતી અને ત્યારબાદ ૨૦૧૯માં બીજા લગ્ન કર્યા છે. ગત તા.૨૩ઓક્ટોબરના રોજ હું સવારના ૬.૩૦ વાગ્યે મારી નોકરી પર રણછોડદાસ આશ્રમ ખાતે ગયો



હતો અને સાંજના ૫ વાગ્યા આસપાસ મારી દીકરીનો ફોન આવ્યો અને જણાવ્યું કે,' હુ આ દુનિયા છોડી જાવ છું, મારી ભુલચુક થઈ હોય તો માફ કરજો તેમ કહી ફોન કાપી નાખ્યો હતો.

અવારનવાર ફોન કરવા છતાં ઉપાડતી ન હોવાથી ૧૫ મિનિટમાં હું મારા મિત્રને સાથે લઈ ઘરે આવ્યો અને ઘરના ઉપરના માળે મારી દીકરી જે રૂમમા રહેતી હતી તે રૂમ ખોલી જોતા દીકરી છતની દીવાલે લોખંડના હુક સાથે સાડી વડે ગળે ફાંસો ખાઈ લટકતી જોવા મળી હતી જેથી મેં તથા મારા મિત્રએ તાત્કાલીક નીચે ઉતારી ૧૦૮ મારફત સીવીલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી જ્યાં સારવાર દરમિયાન તા.૩૧.૧૦.૨૦૨૬ના રોજ દમ તોડી દેતા મોત નીપજ્યું હતું.

ફરિયાદમાં પિતાના જણાવ્યા મુજબ જ્યારે તેઓ દીકરીની અંતિમવિધિ કરીને ઘરે પરત ફર્યા અને દીકરીનો મોબાઈલ જોયો તેમાં એક વીડિયો મળી આવ્યો. જેમાં તેણીએ જણાવ્યું હતું કે, હું અભિ કાળુભાઈ મકવાણાને પ્રેમ કરતી હતી અને હું તેની સાથે જિંદગી જીવવા માંગતી હતી અને તેની સાથે લવ મેરેજ કરવા માંગતી હતી. પરંતુ અભિ મકવાણા બીજી કોઈ છોકરીઓ સાથે ફોન ઉપર વાતચીત કરતો હતો. મેં તેને આ બાબતે વાત કરતા તે કહેતો હતો કે મારે તો એકબીજી છોકરીઓ સાથે આવાજ લફરા રહેવાના છે અને તને ના ગમતુ હોઈ તો તુ તારી રીતે જીંદગી જીવી શકે છે. પરંતુ મે આ અભિ કાળુભાઈ મકવાણા સાથે સર્વસ લુટાવી લીધેલ અને મારી જિંદગી તેના કારણે બગડેલ હોઈ અને તેને મારી સાથે મરવા જીવવાના વાયદા કર્યા હતા તેમ છતા મને અવાર-નવાર મારઝુડ કરી માનસિક તેમજ શારીરિક હેરાન કરતો અને મને મરવા સુધી મજબુર કરતા મે મારી જિંદગીનો અંત આણવા આ પગલુ ભરેલ છે. હાલ સમગ્ર મામલે પ્રદ્યુમનનગર પોલીસે ૨૦વર્ષીય યુવતીને મરવા મજબુર કરનાર પ્રેમી અભી મકવાણા વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દુબઈની નોકરી છૂટી અને શેરબજારમાં નુકસાન

બેરોજગારીથી કંટાળીને યુવાને જીવન ટૂંકાવ્યું, પુત્રીએ પિતાનો સહારો ગુમાવ્યો

રાજકોટઃદુબઈની નોકરી છુટતા પરિવાર પાસે રાજકોટ પરત ફરેલા ૪૦ વર્ષીય પ્રકાશભાઈ વલ્લભભાઈ ગોંડલીયાનાં પરિવારે ક્યારેય વિચાર્યું પણ નહીં હોય કે પ્રકાશભાઈ હવે તેમને કાયમ માટે છોડી જશે. કોરોના કાળમાં નોકરી છૂટી ગયા બાદ શેરબજારમાં મોટુ નુકસાન અને સતત બેરોજગારી જેવા માનસિક દબાણે તેમને અંદરથી તોડી નાખ્યા હતા. આ કારણે ૩૧ ઓક્ટોબરના રોજ બપોરે આશરે ૩ વાગ્યે તેમણે પોતાના ઘરે ઝેરી પાવડર પી લેતા પરિવારજનોએ તાત્કાલિક તેમને હોસ્પિટલમાં ખસેડ્યા હતા. પરંતુ ૨ દિવસ મોત સામે જંગ લડ્યા બાદ તેમનો શ્વાસ થંભી જતા તેમની માસૂમ પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવી દીધી છે, જ્યારે પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

રાજકોટના મવડી ૪૦ ફૂટ રોડ પર આવેલી મુરલીધર સોસાયટી, પટેલનગરમાં રહેતા પ્રકાશ વલ્લભભાઈ ગોંડલીયા ગત ૩૧ ઓક્ટોબરના રોજ બપોરે આશરે ત્રણ વાગ્યે પોતાના ઘરે હાજર હતા. તે સમયે આર્થિક



અને માનસિક તણાવમાં આવીને તેમણે સેલફોસ નામનો ઝેરી પાવડર પી લીધો હતો. બનાવની જાણ થતાં જ પરિવારે તેમને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું. ?બનાવ અંગેની જાણ થતાં રાજકોટ તાલુકા પોલીસ કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલ દોડી ગયો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે, મૃતક પ્રકાશ ગોંડલીયા અગાઉ દુબઈ ખાતે આવેલી ઓઈલ રિફાઈનરીમાં નોકરી કરતા હતા. કોરોના કાળ દરમિયાન તેમની નોકરી છૂટી ગઈ હતી, જેથી તેઓ રાજકોટ પરત ફર્યા હતા. છેલ્લા બે વર્ષથી તેઓ કોઈ સ્થિર કામધંધો કરતા ન હતા અને નોકરી મેળવવા માટે દુબઈ આવ-જા કરતા હતા. આ દરમિયાન શેરબજારમાં રોકાણ કરતા મોટું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો હતો. જેને લઈને તેઓ અંદરથી ભાંગી પડ્યા હતા અને સાવ ગુમસુમ રહેવા લાગ્યા હતા.

નોકરીનો અભાવ અને શેરબજારનું નુકસાન થતાં અંતે તેમણે આ છેલ્લું પગલું ભર્યું હતું. પ્રકાશભાઈ બે ભાઈ અને એક બહેનના પરિવારમાં સૌથી નાના હતા. તેમના અકાળે અવસાનથી માસુમ પુત્રીએ પિતાનો સહારો ગુમાવ્યો છે. નાની ઉંમરમાં તેમના નિધનથી પરિવારના સભ્યો તેમજ મિત્રો અને પાડોશીઓમાં પણ શોકની લાગણી છવાઈ છે. હાલ પોલીસે આ મામલે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

યુવકનું સાતમા માળેથી નીચે પટકાતા મોત

રાજકોટઃરાજકોટના પુનિત નગર રોડ પર વાવડી રાધે એવન્યુ સાઈડ પર રહેતો ૩૦ વર્ષીય નાનેશ ટોલસિંઘ ભુરીયાનું શંકાસ્પદ કે અકસ્માતજનક સંજોગોમાં સાતમા માળેથી પડી જવાથી મોત નીપજ્યું છે. ૨ નવેમ્બરના રોજ સવારના ૧૧.૩૦ વાગ્યાની આસપાસ નાનેશભાઈ પોતાના ઘરે હાજર હતા તે દરમિયાન અચાનક સાતમા માળેથી નીચે પટકાતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જે બાદ તેમને તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે હોસ્પિટલના ઈમરજન્સી રૂમમાં ફરજ પર હાજર તબીબે તપાસીને તેમને મૃત જાહેર કર્યા હતા.

દાદાગીરી કરનાર સિટી બસનો કંડક્ટર સસ્પેન્ડ

રોકડ વસૂલી મશીન ખરાબ હોવાના બહાને ટિકિટ ન આપી; વટથી કહ્યું-તું તારે મારો વીડિયો ઉતારી લે

રાજકોટઃરાજકોટ શહેરમાં સ્થાનિક પરિવહન સેવા પૂરી પાડતી સિટી બસનું સંચાલન છેલ્લા કેટલાક સમયથી વિવાદો અને અનિયમિતતાઓને કારણે ચર્ચાના કેન્દ્રમાં રહ્યું છે. શહેરમાં મુસાફરોને સુવિધા મળવાના દાવાઓ વચ્ચે તંત્રની વાસ્તવિક પરિસ્થિતિની પોલ ખોલતો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં માખાવડ રૂટ પર દોડતી સિટી બસમાં કંડક્ટર દ્વારા આચરવામાં આવતી કથિત ગેરરીતિ અને મુસાફરો સાથેની દાદાગીરીનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં કંડકટરે રોકડ રકમ વસૂલી મશીન ખરાબ હોવાના બહાને ટીકીટ આપી નથી.એટલું જ નહીં જાગૃત નાગરિકે સવાલ કરતા વટથી કહ્યું-તું તારે મારો વીડિયો ઉતારી લે. જોકે સિટીબસ સેવાનો હવાલો સંભાળતા ઈજનેરે આ અંગે તપાસ કર્યા બાદ તેને સસ્પેન્ડ કર્યો છે.

વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે. બસના કંડક્ટર દ્વારા મુસાફરો પાસેથી ભાડાની રકમ પેટે રોકડ રૂપિયા લેવામાં આવી રહ્યા છે, પરંતુ તેની સામે મુસાફરોને નિયમ મુજબ ટિકિટ આપવામાં આવતી નથી. જ્યારે જાગૃત મુસાફરો કે સહ-મુસાફરો દ્વારા કંડક્ટર પાસે ટિકિટની માંગણી કરવામાં આવે છે, ત્યારે કંડક્ટર ઉદ્ધતાઈપૂર્વક ટિકિટ આપવાનું ટાળીને મશીન ખરાબ હોવાનું સામાન્ય બહાનું આગળ ધરે છે. રોકડ રકમ પૂરેપૂરી સ્વીકાર્યા બાદ પણ ટિકિટ ન આપવી તે સીધી રીતે જ મુસાફરોની સાથે મનપા તંત્ર સાથે પણ છેતરપિંડી સમાન છે.

વીડિયોમાં એ પણ જોઈ શકાય છે કે, માત્ર ટિકિટ નહીં આપવાની અનિયમિતતા જ નહીં, પરંતુ કંડક્ટરની જોહુકમીની હદ તો ત્યારે વટાઈ ગઈ જ્યારે બસમાં મુસાફરી કરી રહેલા એક નાગરિક દ્વારા આ સમગ્ર ગેરરીતિનો વીડિયો ઉતારવામાં આવ્યો. વીડિયો ઉતરી રહ્યો છે, તેની જાણ થતાં જ કંડક્ટર જરાય ડર્યા કે સંકોચ અનુભવ્યા વગર ઉદ્ધત વર્તન કરતા વીડિયો ઉતારનારને કહ્યું કે, 'તું મારો વીડિયો ઉતારી લે'.

સિટીબસ સેવાની જવાબદારી સંભાળતા પરેશ અઢીયાએ જણાવ્યું કે, ભાડું વસુલ્યા બાદ ટિકિટ આપવી ફરજિયાત છે. કોઈપણ કારણોસર મશીનમાં ખરાબી થાય તો તાત્કાલિક જાણ કરવાની કંડકટરની ફરજ છે. તપાસ કરતા કંડકટર યશપાલ સરવૈયાની બેદરકારી હોવાનું પણ સામે આવ્યું છે, જેને લઈ તાત્કાલિક અસરથી કંડકટરને કાયમ માટે સસ્પેન્ડ કરી દેવાયો છે. આ ઉપરાંત એજન્સી પાસેથી લેટર પણ મંગાવ્યો છે. અને રૂ. ૨,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, થોડા સમય અગાઉ અધિકારીઓના સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન એક મહિલા કંડકટર પણ ખાયકી કરતા ઝડપાતા, તેને ડિસમિસ કરવામાં આવ્યા હતા. જોકે મહાનગરપાલિકાની કંપની આર. આર. એલ. દ્વારા સંચાલિત સિટી બસ અને બીઆરટીએસ રૂટ બસ?? સેવાનું અગાઉ નિયમિત રીતે સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવતું હતું અને દર સપ્તાહે આવક સાથોસાથ ગેરરીતિ કરતા ડ્રાઈવર કન્ડક્ટરો સામે ગેરરીતિ સબબ પગલાં, મફત મુસાફરી કરતા ખુદાબક્ષ મુસાફરો સામે કરાયેલી દંડાત્મક કાર્યવાહી સિટી બસ અને બીઆરટીએસ બસ સેવાનો કેટલાં મુસાફરોએ લાભ લીધો કેટલી આવક થઈ તેની સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવતી હતી. પણ આ માહિતી જાહેર કરવાનું બંધ કરવામાં આવતા ડ્રાયવર કંડકટરોને ખાયકી કરવાનો છૂટો દોર મળી ગયો છે.

ગોંડલના મોવિયા ગામે રેંકડી રાખવાના મામલે બે પરિવાર વચ્ચે બઘડાટી બોલી, ચારને ઈજા

ગોંડલઃગોંડલ તાલુકાના મોવિયા ગામે ગોવિંદનગર બસ સ્ટેન્ડ નજીક પાણીપુરીની રેંકડી રાખવાની નજીવી બાબતે બે પાડોશી પરિવાર વચ્ચે લોહિયાળ જંગ ખેલાયો હતો જેમાં લોખંડના પાઈપ અને લાકડી જેવા હથિયારો સામસામા ઉડતાં ચારને ઈજા પહોંચી હતી.

ગોવિંદનગરમાં રહેતા પશુપાલક હકાભાઈ વજાભાઈ બાંભવાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત તા.૩૧ ઓક્ટોબરના રોજ સાંજે સાડા છ વાગ્યાના સુમારે તેઓ કાકાની દીકરીની બાળકીને પાણીપુરી ખવડાવવા બસ સ્ટેન્ડ પાસે ગયા હતા. તેમણે પાણીપુરીની રેંકડીવાળાને ભરતભાઈ વાડોદરીયાની શાકભાજીની રેંકડી પાસે લારી રાખવા કહ્યું હતું.

જેથી ભરતભાઈ અને તેમનો પુત્ર પ્રદીપ ઉશ્કેરાઈ ગયા હતા અને બોલાચાલી થઈ હતી. દરમિયાન ભરતભાઈની પત્ની રેખાબેન પણ આવીને ગાળો આપવા લાગ્યા હતા. આ તકરારમાં ભરતભાઈ અને તેના પુત્ર પ્રદીપે લોખંડના પાઈપ વડે હકાભાઈના મોઢા તથા માથાના ભાગે ઘા મારી દેતાં તેઓ લોહીલુહાણ થયા હતા. તેમને તાત્કાલિક ગોંડલ સરકારી હોસ્પિટલ બાદ રાજકોટ સિવિલમાં ખસેડાયા હતા.

સામા પક્ષે શાકભાજીનો વેપાર કરતાં ભરતભાઈ જાગાભાઈ વાડોદરીયાએ નોંધાવેલી વળતી ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે, હકાભાઈ બાંભવા તેમની શાકભાજીની રેંકડી પાસે પાણીપુરીની લારી મુકાવતા તેમણે ના પાડી હતી. આથી હકાભાઈએ ગાળો બોલી ઝઘડો કર્યો હતો.લોકોએ વચ્ચે પડી છોડાવ્યા બાદ હકાભાઈ તેમના બે ભાઈઓ ઉકાભાઈ અને ભુપતભાઈને સાથે રાખી લાકડીઓ સાથે પાછા આવ્યા હતા. ત્રણેય ભાઈઓએ ભરતભાઈ અને તેમના પુત્ર અજય ઉર્ફે પ્રદીપને લાકડીઓ તથા ઢીકાપાટુનો માર માર્યો હતો તેમજ વચ્ચે પડેલાં રેખાબેનને પણ ગાળો આપી હતી.

જતાં-જતાં ઉકાભાઈએ જીવતો નહીં છોડવાની ધમકી આપી હતી.પોલીસે હકાભાઈ વજાભાઈ બાંભવા, ઉકાભાઈ વજાભાઈ બાંભવા, ભુપતભાઈ વજાભાઈ બાંભવા તેમજ સામે પક્ષે ભરતભાઈ જાગાભાઈ વાડોદરીયા, પ્રદીપ ભરતભાઈ વાડોદરીયા, રેખાબેન ભરતભાઈ વાડોદરીયા સામે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

ધોરાજીમાંથી સાડા નવ કિલો ગાંજા સાથે જામજોધપુરની બેલડી ઝડપાઈ

રાજકોટનો રિસીવર ગાંજો મેળવે તે પૂર્વે જ રૂરલ એસઓજીની ટીમ ત્રાટકીઃ ૪.૯૯ લાખનો મુદ્દામાલ જપ્ત



રાજકોટઃધોરાજીના સરદાર ચોકમાંથી રૂ. ૪.૮૯ લાખની કિંમતનો સાડા નવ કિલો ગાંજાના જથ્થા સાથે બેલડીની ધરપકડ કરવામાં આવી છે. ઓરિસ્સાથી ગાંજો લાવી સપ્લાય કરે તે પૂર્વે જામજોધપુરના બે શખ્સોને દબોચી રૂરલ એસઓજી ટીમે કુલ રૂ.૪.૯૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે માલ મંગાવનાર શખ્સનું નામ ખોલવા વધુ તપાસ આદરવામાં આવી છે.

દરોડાની વિગત મુજબ, રાજકોટ ગ્રામ્ય પંથકમાં માદક પદાર્થની હેરાફેરી કરતા તેમજ સેવન કરતા શખ્સો વિરુદ્ધ 'સે નો ટુ ડ્રગ્સ મિશન' અંતર્ગત કડક કાર્યવાહી કરવાની એસપી વિજયસિંહ ગુર્જરની સૂચનાને પગલે રૂરલ એસઓજી પીઆઈ એફ.એ.પારગીની રાહબરીમાં એસઓજી ટીમને ચોક્કસ હકીકત મળી હતી કે, ધોરાજીના સરદાર ચોકમાં બે શખ્સો માદક પદાર્થના જથ્થા સાથે આવનાર છે. જેથી તાત્કાલિક એસઓજી ટીમે સરદાર ચોકમાં દોડી જઈ વોચ ગોઠવી હતી.

દરમિયાન બે શખ્સો શંકાસ્પદ બોરી સાથે સરદાર ચોકમાં આવતા બંનેને કોર્ડન કરી તેમની પાસે રહેલ કોથળો તપાસતા તેમાંથી ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે કોથળામાં રહેલ રૂ.૪,૮૯,૮૫૦ ની કિંમતનો આશરે ૯.૫૦૦ કિલો ગાંજો કબજે કરી કાસમ જુમા સમા અને અશ્વિન ગિરધર ભાલોડીયા (બંને રહે. જામજોધપુર)ની ધરપકડ કરી બંને વિરુદ્ધ ધોરાજી સીટી પોલીસ મથકે એનડીપીએસ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અહીંથી ગાંજો, મોબાઈલ મળી કુલ રૂ. ૪,૯૯,૮૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં બંને શખ્સોએ ઓરિસ્સાથી ટ્રેન મારફતે ગાંજો લઈ આવ્યાનું રટણ કર્યું હતું. તેઓ રાજકોટ રેલવે સ્ટેશનએ ઉતરી બસ મારફતે ધોરાજી પહોંચ્યા હતા. તેઓ ધોરાજી ખાતે ગાંજાની ડિલિવરી આપવા આવ્યા હતા તેવી પોલીસને પ્રબળ શંકા છે પણ આરોપીઓએ ગાંજાની ડિલિવરી રાજકોટમાં આપવાની હતી પરંતુ પોલીસ ચેકીંગના ભયથી ધોરાજી આવી ગયાનું રટણ કર્યું હતું.

ગોંડલ માર્કેટિંગ યાર્ડ માં 'કડદા' મુદ્દે અલ્પેશ ઢોલરિયા અને જીગીશા પટેલ સામસામે

ચેરમેને કહ્યું- ચૂંટણી આવે એટલે વરસાદી જીવડાં બહાર આવે, ખેડૂતોની કપાત બંધ કરાવવા આવ્યા'તાઃ જીગીશા પટેલ

ગોંડલઃગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે મરચાં અને કપાસના તોલમાં થતી કપાત (કડદા) બાબતે આમ આદમી પાર્ટીના નેતા જીગીશા પટેલ અને યાર્ડના સત્તાધીશો વચ્ચે ભારે ઘર્ષણ અને ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેથઈ રાજકીય વાતાવરણ ગરમાયું છે. આપ નેતા જીગીશા પટેલે ખેડૂતોની પીડાને વાચા આપવા ચેરમેનને તાત્કાલિક આ કપાત બંધ કરવા રજૂઆત કરી હતી, જ્યારે સામે પક્ષે ગોંડલ માર્કેટિંગ યાર્ડ ના ચેરમેન અલ્પેશ ઢોલરિયાએ આ રજૂઆતને 'ચૂંટણી લક્ષી રાજકારણ' ગણાવી આકરો પલટવાર કર્યો હતો. રજૂઆત સમયે ગોંડલ યાર્ડના એક ડિરેક્ટરે તો એવું પણ કહી દીધું હતું કે "આવા લોકોને જવાબ જ ન દેવાનો હોય!".

આમ આદમી પાર્ટીના નેતા જીગીશા પટેલે ખેડૂતોના પ્રશ્ને આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, "અહીં ખેડૂતો મરચાં વેચવા આવે ત્યારે વેપારીઓ દ્વારા કંતાનનો ૫૦૦ ગ્રામ વજન કાપી લેવામાં આવે છે. ખેડૂત રૂ ૬૦/-થી રૂ. ૧૨૦/-માં કંતાન ખરીદીને લાવે છે, વેપારીઓ એ કંતાન પણ લઈ જાય છે અને ઉપરથી ૫૦૦ ગ્રામ મરચાંનો વજન પણ કાપે છે. બાદમાં ખેડૂતોએ ફરી વેપારીઓ પાસેથી કંતાન ખરીદવું પડે છે. આ અંગે અમે ચેરમેનને રજૂઆત કરવા આવ્યાં હતા. ૧૯૬૩ના APMC કાયદાની કલમ ૩૫ મુજબ આવી કોઈ કપાતની જોગવાઈ જ નથી. છતાં અહિં કડદો થાય છે. ખેડૂતોને જે કપાત થાય છે તે બંધ કરાવવા અમે આવ્યાં હતા, પણ એ લોકોને એવું છે કે અમે અહીં રાજકારણ કરવા આવ્યાં છીએ.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, "કપાસની ઘાસડીઓની હરાજી બાદ બિલ બનાવતી વખતે પણ રૂ.૧૦ થી રૂ. ૨૦ ની કપાત કરવામાં આવે છે. જો ખેડૂતોના હિત માટે અમારે આવું રાજકારણ કરવું પડે તો અમે આવું રાજકારણ કરીશું, કારણ કે, અહિં ખેડૂતોના હિતની વાત છે. જો અમરેલી યાર્ડમાં આ કપાત ન થતી હોય તો ગોંડલ, રાજકોટ, હાપા અને જેતપુરમાં આ કડદો કેમ ચલાવવામાં આવે છે? તેનો અમારે જવાબ જોઈએ છે.

આપના આક્ષેપો સામે ગોંડલ માર્કેટિંગ યાર્ડના ચેરમેન અલ્પેશ ઢોલરિયાએ કડક શબ્દોમાં વળતો પ્રહાર કરતા જણાવ્યું હતું કે, માર્કેટિંગ યાર્ડની ચૂંટણી નજીક આવે છે એટલે વરસાદી જીવડાં બહાર આવે તેમ આ લોકો માર્કેટિંગ યાર્ડની વ્યવસ્થા પર સવાલ ઉઠાવવા આવી પહોંચે છે. જે યાર્ડના નેતાઓ નામ લે છે, ત્યાંથી ૩ કિલોમીટર દૂર



રહેતા ખેડૂતો પણ ૮૦ કિલોમીટર દૂર ગોંડલ માર્કેટિંગયાર્ડમાં માલ વેચવા આવે છે, કારણ કે ગોંડલમાં મણ દીઠ રૂ.૩૦૦/- થી રૂ ૪૦૦/- ભાવ વધારે મળે છે."

અલ્પેશ ઢોલરિયાએ વધુમાં સવાલ ઉઠાવતા કહ્યું કે, "અમે રાત-દિવસ એક કરીને યાર્ડને વિદેશી બજારો સાથે જોડી રહ્યા છીએ જેથી ખેડૂતોના ખિસ્સામાં સીધા રૂપિયા આવે. આ સંસ્થામાં ક્યારેય રાજકારણ હોઈ જ ન શકે. કોઈ પાર્ટીને યાર્ડની વ્યવસ્થા સામે વાંધો હોય તો હિંમત રાખીને ચૂંટણી લડી લેવી જોઈએ. આ ચૂંટણી EVM થી નહીં પણ બેલેટ પેપરથી થાય છે. અગાઉ પણ આ ટીમ ચૂંટણી લડી હતી અને તેમને ૫% થી પણ ઓછા મત મળ્યા હતા, જ્યારે અમે ૯૫% બહુમતીથી બેઠા છીએ. ખેડૂતોના પ્રશ્નો ઉકેલવા અમે કટિબદ્ધ છીએ, પરંતુ અહીં આવીને હરાજીની વ્યવસ્થા ખોરવવી અને રાજકારણ કરવું બંધ કરવું જોઈએ."

ઉપલેટાના મચ્છી માર્કેટમાંથી રૂ. ૧.૯૦ લાખનો ગાંજો ઝડપાયો

રાજકોટઃરાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય અને રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા 'સે નો ટુ ડ્રગ્સ' મુહિમ અંતર્ગત માદક પદાર્થોની ગેરકાયદેસર પ્રવૃત્તિ સદંતર નાબૂદ કરવા સૂચના આપવામાં આવી હતી. જેના ભાગરૂપે રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી. શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર એફ.એ. પારગી અને પી.એસ.આઈ. પી.બી. મિશ્રા સહિતનો સ્ટાફ ઉપલેટા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ કલ્પેશભાઈ કોઠીવારને મળેલી ચોક્કસ ખાનગી બાતમીના આધારે પોલીસે બે સરકારી પંચોને સાથે રાખીને ઉપલેટામાં એમ.ડી. સ્કૂલ પાસે આવેલા મચ્છી માર્કેટ વિસ્તારમાં હારૂનભાઈ કચ્છીના મકાનમાં દરોડો પાડ્યો હતો.

આ દરોડા દરમિયાન ભાડાના મકાનમાં રહેતા ઈમરાન ઉર્ફે જાવલો સીદીકભાઈ કારવા (ઉ.વ. ૩૬) નામના ઈસમને ઝડપી લેવામાં આવ્યો હતો. રહેણાંક મકાનની તલાશી લેતાં લાકડાના કબાટમાં રાખેલા થેલામાંથી ખાખી સેલોટેપ વીંટાળેલા ત્રણ પેકેટ મળી આવ્યા હતા. રાજકોટના એફ.એસ.એલ. અધિકારી પી.બી. નરવે દ્વારા પ્રાથમિક પરીક્ષણ કરાતાં તેમાં વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે સ્થળ પરથી રૂપિયા ૧,૯૦,૮૦૦ની કિંમતનો ૩ કિલો ૮૧૬ ગ્રામ ગાંજો, રૂપિયા ૫૦૦ની કિંમતનો એક કી-પેડ મોબાઈલ ફોન, ઓળખપત્રની નકલ અને બેગપેક મળી કુલ રૂપિયા ૧,૯૧,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.પોલીસની પ્રાથમિક પૂછપરછમાં પકડાયેલા તહોમતદારે કબૂલ્યું હતું કે તે આ ગાંજાનો જથ્થો ઓરિસ્સા રાજ્યના બાલાસોર જિલ્લાના કાંગસા (કાંસા) ગામના એક વ્યક્તિ પાસેથી ટ્રેન મારફતે ઉપલેટા વિસ્તારમાં છૂટક વેચાણ કરવા માટે લાવ્યો હતો. ઝડપાયેલા શખ્સનો ગુનાહિત ઈતિહાસ તપાસતાં અગાઉ વર્ષ ૨૦૨૩માં જામજોધપુર પોલીસ સ્ટેશન ખાતે પણ તેની સામે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધાયેલો હોવાનું ખૂલ્યું છે. પોલીસે ઓરિસ્સાના સપ્લાયર શખ્સને વોન્ટેડ જાહેર કરી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.



વિંછીયા પાસે કારમાંથી દારૂની ૮૬૪ બોટલ મળી:બે આરોપી ઝડપાયા

રાજકોટઃરાજકોટ ગ્રામ્ય લોકલ કાઈમ બ્રાન્ચે વિંછીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂની હેરાફેરી સામે કાર્યવાહી કરી. સમઢીયાળા ગામથી થોરીયાળી જતા રસ્તે ચોકડી પાસે ઈક્કો કારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળ્યો હતો.

પોલીસે અલગ-અલગ બ્રાન્ડની દારૂની ૮૬૪ બોટલ કબજે કરી. તેની કિંમત રૂ. ૧,૬૨,૨૪૦ છે. પોલીસે રૂ. ૫૦ હજારનો મોબાઈલ અને રૂ. ૩ લાખની ઈક્કો કાર પણ કબજે કરી. કુલ રૂ. ૫,૧૨,૨૪૦નો મુદ્દામાલ કબજે કરાયો છે.

આ કેસમાં પ્રદિપભાઈ હરિદાસભાઈ ગોંડલીયા (રહે. સરસાલી, તા. માંગરોળ, જી. જૂનાગઢ) અને જ્યોતિબેન અમરદાસ મેસવાણીયાની ધરપકડ કરવામાં આવી છે. અર્જુનસિંહ કરણસિંહ ઝાલા (રહે. રાજકોટ) અને અશ્વિનભાઈ બાવળીયા (રહે. બોટાદ) વોન્ટેડ છે. પોલીસ તેમની શોધ કરી રહી છે.